Year : 5 Issue No : 11 Date : 01-06-2020 Monday
Retail selling Price : Rs 100/- Annual Sub : 1200/-
Editor : Gagjibhai G. Sutariya

Place of Publication : Near Royal Heights, S. P. Ring Road,
Vaisnodevi Circle, Ahmedabad - 382481



સમસ્ત પાટીદારની એકતાનું ધામ

# સરદારધામ

વર્ષ-૫, અંક-૧૧, ૧-જુન, ૨૦૨૦ કિંમત : ૧૦૦/-

એક વિચાર



## પત્રો અને પશ્ચિમ !



## નારીત્વને સફળ બનાવનાર માતૃત્વ



## અપની બાત અપનોં કે સાથ



## ત્યારે પાટીદારોએ જેલો ભરી હતી

# SUNHEARRT
## CERAMIK




BIG SLABS, GREAT ADVANTAGES.

**LARGE AND VERSATILE**
with large formats, less cuts are required

**INTEMPORAL**
contemporary ceramic tiles with timeless design

**RESISTANT**
withstands even more than stone or natural marbles

**EASY TO CLEAN AND MAINTAIN**
easy and quick to clean, keeping it's original look

**MODULARITY**
three different sizes create more possibilities

**SUSTAINABLE AND ECOLOGICAL**
clean ceramic, less waste.

**EASY TO INSTALL**
quick installation, less difficulties, faster results

**TECHNICAL SUPERIORITY**
experience combined with research and innovation

**SUNSHINE TILES CO P LTD**
**Corporate Office & Company Showroom:**
101, 102, 103, First Floor, Titanium One, Nr. Pakwan Cross Road, S.G. Highway, Ahemdabad
**T.:** +91-79-29704833,

**Toll Free:** 1800 233 1012 **E-mail:** info@sunhearrt.com **Visit:** www.sunhearrt.com

REGIONAL OFFICES **MUMBAI • DELHI • CHENNAI • INDORE • COCHIN • KOLKATA**

EXPRESS LIFTS LTD.®

COMMITTED to create COMFORTABLE TRAVEL space..




24 YEARS IN YOUR SERVICES

OUR GOAL & VALUES

- To become India's No.1 company by 2026
- Commitment
- Best quality
- Trust
- Fearless & Risk Taker
- Responsibility

SMS'EXPRESS' TO <52424>

Toll Free: 1800-2331-232

www.expresslift.co.in
info@expresslift.co.in

FACTORY

Ode Gam, Nr.S.P Ring Road,Inside Pirana Gate, Nr. Canal Ode, Ahmedabad-27.**Phone : +91 079-29705882/83**

HEAD OFFICE

Express House, B/h. Natraj Rly. Crossing, Mithakhali, Ahmedabad-06
**Ph : +91-79-2642 0061 | Fax : 91-79-2642 0134**

# સરદારધામના લક્ષ્યબિંદુઓ...

### ૧. સમાજનું વૈશ્વિક જોડાણ

- ❖ ગામથી લઇ વિશ્વ સુધી પાટીદાર સમાજનું સામાજિક, આર્થિક અને ભાતીગળ જોડાણ.

### ૨. પગદંડીથી મહામુકામ તરફ પ્રયાણ

- ❖ **પ્રથમ ચરણમાં** ૨૦૦૦ દીકરા-દીકરીઓ માટે સુવિધાપૂર્ણ અને છાત્રાલયની ઉત્તમ વ્યવસ્થા.
- ❖ સમાજનું મધ્યસ્થ કાર્યાલય તથા કારકિર્દી ઘડતર તાલીમ કેન્દ્ર આકાર લેશે.
- ❖ **બીજા ચરણમાં** પર્યાપ્ત જમીન મેળવીને ૮૦૦૦ દીકરા-દીકરીઓ માટે સુવિધાપૂર્ણ છાત્રાલયની ઉત્તમ વ્યવસ્થા ઊભી કરવી અને સમય સાથે જરૂરિયાત મુજબ નવા કેન્દ્રો ઊભાં કરવાં.

### ૩. સમાજસેતુ યોજના

- ❖ સરકારશ્રીમાં પ્રવૃત્ત કે નિવૃત્ત અધિકારીઓ તથા સમાજ શ્રેષ્ઠીઓના સહયોગથી વિવિધ સમસ્યાઓના નિવારણ માટે માર્ગદર્શન કેન્દ્ર.

### ૪. અતિથિ ભવન

- ❖ ભારતવર્ષમાંથી તેમજ વિદેશમાંથી આવતા પાટીદાર પરિવારના અતિથિઓ માટે રહેવા-જમવાની વ્યવસ્થા સાથે ઉત્તમ સુવિધાપૂર્ણ અતિથિ ભવન.

### ૫. ઉજ્જવળ ભવિષ્ય યોજના

- ❖ પર્યાપ્ત ફંડની વ્યવસ્થા પછી ઉચ્ચ અભ્યાસ અર્થે સમાજના જરૂરિયાતમંદ તેજસ્વી વિદ્યાર્થીઓ માટે વગર વ્યાજની લોનની વ્યવસ્થા.
- ❖ વિદ્યાર્થીઓની ઉજ્જવળ કારકિર્દીના ઘડતર માટે યોગ્ય તાલીમ અને માર્ગદર્શન કેન્દ્ર ઊભું કરવું.
- ❖ શિક્ષિત દીકરા-દીકરીઓને સરકારી, ખાનગી કે જાહેરક્ષેત્રે સન્માનપૂર્વક રોજગારી પ્રાપ્ત થાય તે માટેના પ્રયત્નો કરવા.

## સંસ્થાની હાલની પ્રવૃત્તિ

૧. હૉસ્ટેલ બિલ્ડીંગ પ્રૉજેક્ટ ૨૦૨૦
૨. GPSC/UPSC સિવિલ સર્વિસ કેન્દ્ર
૩. ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ (GPBS) ૨૦૧૮-૨૦-૨૨-૨૪-૨૬
૪. ગ્લોબલ પાટીદાર બિઝનેસ ઓર્ગેનાઈઝેશન (GPBO)
૫. યુવા તેજ-તેજસ્વિની સંગઠન
૬. દીકરી સ્વાવલંબન યોજના



સૂચિત પ્લાન

સમસ્ત પાટીદારની એકતાનું ધામ
સરદારધામ
વિશ્વ પાટીદાર કેન્દ્ર
સમાજ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણ

તંત્રી
ગગજી સુતરિયા
એડીટોરીયલ
ટીમ સરદારધામ
પરામર્શક સમિતિ
સ્વામી શ્રી સચ્ચિદાનંદજી
એચ. એસ. પટેલ (IAS, Retd.)
પદ્મશ્રી મથુરભાઈ સવાણી
જય વસાવડા
ટી. જી. ઝાલાવાડિયા
પારસભાઈ પટેલ
ડૉ. પ્રભુદાસ પટેલ
ડૉ. રૂપલ એ. પટેલ
જીનાબેન એચ. પટેલ
સહતંત્રી
ડૉ. જાગૃતિ જે. પટેલ
સંપાદક
કૃષ્ણકાંત જે. પટેલ
ડિઝાઇન
અજય-મનિષ
સંકલન
કિન્નુ ગઢવી
જાહેરખબર વિભાગ
૯૭૧૨૯ ૫૨૩૫૮

**નોંધ**
આ માસિકમાં છપાતા લેખ, જાહેરાત અને માહિતી જે તે લેખક કે કંપનીના છે તેની સાથે તંત્રી કે સંસ્થા સહમત છે તેવું મનાવું નહીં. સર્વ હક્ક પ્રકાશકને સ્વાધિન. ન્યાયંત્ર અમદાવાદ.

મુખ્ય કાર્યાલય
સરદારધામ
ઑફિસ : સરદારધામ, રોયલ હાઇટ્સ પાસે, એસ. પી. રીંગ રોડ, વૈષ્ણોદેવી સર્કલ, અમદાવાદ – ૩૮૨૪૨૧
ફોન : ૭૫૭૫૦૦૧૫૪૮/૯૬/૯૭, ૭૫૭૫૦૦૧૪૨૮/૩૮
ઇ-મેલ : info.sardardham@gmail.com
વેબસાઈટ : www.sardardham.org
ટ્રસ્ટ રજી. નં. ઈ/૨૦૯૨૪/અમદાવાદ

Published by : **Gagjibhai G. Sutariya** on behalf of **Sardardham** and Printed at Krishna Graphics and Printers, B/4, Anand Mangal Complex, Opp. Omkar House Swastik Char Rasta, Navrangoura, Ahmedabad - 380009 and **Published from** Near Royal Heights, S.P. Ring Road, Vaishnodeve Circle, Ahmedabad - 382481
**Editor - GAGJIBHAI G. SUTARIYA**

છુટક અંકની કિંમત : રૂ. ૧૦૦/-
વાર્ષિક લવાજમ : રૂ. ૧,૨૦૦/-
વિદેશ : ૭૦ ડોલર
આજીવન સભ્ય (૧૦ વર્ષ) રૂ. ૧૦,૦૦૦/-

# તંત્રીલેખ

વ્હાલા બંધુ-ભગિનીઓ,

બદલાયા કરવું એ સમયની તાસીર છે. એક રીતે જોઈએ તો સમગ્ર વિશ્વ કોરોના વાઈરસના ભરડામાં છે. સતત ચેનલોમાં ભય અને અરાજક્તા જોઈ શકાય છે, અનુભવી પણ શકાય છે. દરેક યુગે દરેક તકલીફો નવી લાગતી હોય છે. જેમ કશું સર્જાય છે એમ તેનું વિખરાવું એ પણ એક કુદરતનો ક્રમ છે. જે વાઈરસ જે રીતે આવ્યો છે તેવી જ રીતે ચાલ્યો પણ જશે એ પણ સત્ય છે.

પરંતુ સમાજનો દ્રષ્ટિકોણ તો મનમાં પણ વિક્સાવી શકાય છે. સરદારધામને આપણે સંસ્થા કરતાં 'વિચાર' કે 'દિશા'ના સ્વરૂપમાં એટલે કહીએ છીએ કે વ્યક્તિ કોઈપણ પરિસ્થિતિમાં સહજ અને સરળ રીતે સમાજને ઉપયોગી બની શકે. જ્યારે પણ આવી મોટી મુશ્કેલીઓ આવી છે ત્યારે ત્યારે આપણે સૌ વધુ જોમથી વધુ શક્તિથી સારી રીતે ઉભર્યા જ છીએ. આપણાં પૂર્વજોએ પણ અનેક સ્તરે કુદરત આધિન ખેતી સાથે પ્લેગ જેવી બિમારીઓનો સામનો કરીને પણ આપણી સંસ્કૃતિને જાળવી રાખી છે. આપણે પણ તેમના જ જનિનમાંથી પેદા થયેલા સપૂતો છીએ. આવા સમયે આપણી સદાચારી જીવનશૈલી/આત્મવિશ્વાસ અને શાંત મન વધુને વધુ મદદ કરે છે... અને સૌને કરે એવી અભ્યર્થના સાથે જય સરદાર... જય હિંદ.

**આપનો કલ્યાણ મિત્ર**
**ગગજી સુતરિયા**

તા.ક.
વાચક મિત્રો, કોવિડ-૧૯ના કારણે શહેરમાં લોકડાઉન હોવાથી અમો એપ્રિલ-૨૦૨૦ અને મે-૨૦૨૦ના અંકો પ્રસિદ્ધ કરી શક્યા નથી. તો તેની વાચકોએ નોંધ લેવા વિનંતી.

લવાજમ અહીં સ્વીકારવામાં આવે છે
સરદારધામ
રોયલ હાઈટ્સ પાસે, એસ. પી. રીંગ રોડ, વૈષ્ણોદેવી સર્કલ, અમદાવાદ – ૩૮૨૪૨૧ સંપર્ક : ૯૭૧૨૯ ૫૨૩૫૮

# અનુક્રમણિકા




અપની બાત અપનોં કે સાથ – ગગજી સુતરિયા ૦૭



સામાજિક સંસ્થા એક દીકરી જેવી છે, તેને આપ્યા.. – ડૉ. ચિત્તરંજન પટેલ ૧૦



નિષ્ક્રિય થઈ જશો તો લોકો નિંદા કરે પણ સક્રિય હશો.. પદ્મશ્રી ગુણવંત શાહ ૧૩



નારીત્વને સફળ બનાવનાર એક માત્ર વસ્તુ માતૃત્વ છે સ્વામી વિવેકાનંદ ૧૬



ત્યારે પાટીદારોએ જેલો ભરી હતી રાજમોહન ગાંધી ૨૦



જીવનમાં સિદ્ધાંતની વાત આવે ત્યારે એક પટેલ તરીકે ક્યારેય.. – પ્રહલાદ પટેલ ૨૫

સરદારધામ વિશ્વ મહિલાદિનની ઉજવણી ૨૯

પત્રો અને પશ્ચિમ ! જય વસાવડા ૩૪

ચિંતન કણિકાઓ સ્વામી સચ્ચિદાનંદ ૩૮

એક સંકલ્પ સામાજિક ક્રાંતિ કી ઓર ગગજી સુતરિયા ૪૧

સરકારી નોકરીમાં નિયુક્ત યુવાનો-યુવતીઓને અભિનંદન ૪૫

લોકોપયોગી માર્ગદર્શન એચ. એસ. પટેલ ૪૮

કષ્ટથી ડરો નહીં ચેતન ભગત ૫૦

મન કે હારે હાર હૈ ઔર મન કે જીતે જીત શૈલેશ સગપરિયા ૫૩

રાતભર કા હૈ મહેંમા અંધેરા... કાજલ ઓઝા વૈદ્ય ૫૬

જીપીબીઓએ મેળવી આગવી સિદ્ધિ ટીમ જીપીબીઓ ૬૦

સબ સે બડા રોગ ક્યા કહેંગે લોગ વૃંદા મનજીત ૬૧

જીવન એક પરીક્ષા સુધા મૂર્તિ ૬૫



## ટીમ સરદારધામ

| | |
|---|---|
| ઉપપ્રમુખશ્રી – કન્વીનરશ્રી GPBO | શ્રી નટુભાઈ એમ. પટેલ |
| ઉપપ્રમુખશ્રી | શ્રી કાંતિભાઈ એલ. ગઢિયા |
| ઉપપ્રમુખશ્રી (ઉત્તર ગુજરાત) | શ્રી વિષ્ણુભાઈ વી. પટેલ (સી.એ.) |
| ઉપપ્રમુખશ્રી (મધ્ય ગુજરાત) | શ્રી પારૂલભાઈ એલ. પટેલ |
| ઉપપ્રમુખશ્રી (દક્ષિણ ગુજરાત) | શ્રી દિયાળભાઈ કે. વાઘાણી |
| ઉપપ્રમુખશ્રી (સૌરાષ્ટ્ર ઝોન) | શ્રી પરેશભાઈ એમ. ગજેરા |
| મહામંત્રી | શ્રી જશવંતભાઈ એ. પટેલ |
| નાણાંમંત્રીશ્રી | શ્રી જગદીશભાઈ વી. ભુવા |
| બાંધકામ મંત્રીશ્રી | શ્રી સંજયભાઈ કે. સાવલિયા |
| ઔદ્યોગિક સંકલન મંત્રીશ્રી | શ્રી કે. આઈ. પટેલ |
| મંત્રીશ્રી (મધ્ય ગુજરાત) | શ્રી રમેશભાઈ એ. પટેલ |
| મંત્રીશ્રી (સૌરાષ્ટ્ર) | શ્રી કિશોરભાઈ વી. વિરમગામા |
| મંત્રીશ્રી (ઉત્તર ગુજરાત) | શ્રી પારસભાઈ એમ. પટેલ |
| મંત્રીશ્રી (સૌરાષ્ટ્ર) | શ્રી બિપીનભાઈ બી. વેકરીયા |
| સહ નાણાંમંત્રીશ્રી | શ્રી ભાવિનભાઈ આર. પટેલ |
| માર્ગદર્શક | શ્રી કાંતિભાઈ વી. ઉકાણી |
| માર્ગદર્શક | શ્રી કાંતિભાઈ એન. પટેલ (રામ) |
| માર્ગદર્શક | શ્રી ત્રિકમભાઈ જી. ઝાલાવાડીયા |
| માર્ગદર્શક (રાજકોટ) | શ્રી નાથાભાઈ એમ. કાલરિયા |
| માર્ગદર્શક (રાજકોટ) | શ્રી મહેન્દ્રભાઈ વી. ગજેરા |
| ડિરેક્ટર સિવિલ સર્વિસ | શ્રી સી. એલ. મીના આઈ.એ.એસ.(નિ) |
| સી.ઈ.ઓ. | શ્રી એચ. એસ. પટેલ આઈ.એ.એસ.(નિ.) |
| એડવાઈઝર, સમાજ સુરક્ષા | શ્રી ડી. જે. પટેલ આઈ.પી.એસ.(નિ.) |
| કન્વીનરશ્રી (ઉ. ગુ.) | શ્રી દશરથભાઈ વી. પટેલ |
| કન્વીનરશ્રી (કચ્છ) | શ્રી બી. કે. પટેલ (સી.એ.) |
| કન્વીનરશ્રી,GPBS /GPBO(ઉત્તર ગજરાત) | શ્રી ગોવિંદભાઈ એમ. પટેલ |
| કન્વીનરશ્રી,GPBS /GPBO(ભાવનગર) | શ્રી જે. ડી. પટેલ |
| કન્વીનરશ્રી,GPBS /GPBO(ભરૂચ) | શ્રી વિપુલભાઈ વી. ગજેરા |
| કન્વીનરશ્રી,GPBS /GPBO(આણંદ) | શ્રી કાંતિભાઈ વી. ભુવા |
| કન્વીનરશ્રી,GPBS /GPBO(દક્ષિણ ગુજરાત) | શ્રી મનહરભાઇ જે. સાચપરા |
| કન્વીનરશ્રી,GPBS(અમદાવાદ, ગાંધીનગર) | શ્રી મનોજભાઈ ડોબરિયા |
| પ્રોજેક્ટ ચેરમેનશ્રી | શ્રી એમ. બી. ભાલાલા |
| પ્રમુખ સેવક | ગગજી જી. સુતરિયા |

ગગજી સુતરિયા
પ્રમુખ સેવક, સરદારધામ અને કેળવણીધામ




# અપની બાત અપનોં કે સાથ

નમસ્કાર, જય સરદાર, જય હિંદ...

આપની સમક્ષ મારા રજુ થવાનો આશય આદેશ, ઉપદેશ કે સંદેશ નથી. પરંતુ પોતાના પાસે દિલની વાતો કરવા માટે આવ્યો છે. ઈસી લિયે કિસીને કહા હૈ કે ફૂલ તો પતઝડો મેં ભી ખીલતે હૈં... દિયે તો આંધીયાં મેં ભી જલતે હૈં, ખુશ નસીબ તો હમ હૈં જિન્હે આપ જૈસે લોગ મિલતે હૈં.... જેવર રખને કે લિયે લોકર ચાહિયે, પૈસે રખને કે લિયે બેન્ક ચાહિયે, દિલ કી બાત રખને કે લિયે આપ જૈસે લોગ ચાહિયે...મિશન-૨૦૨૬ અંતર્ગત સરદારધામ 'અપની બાતે અપનોં કે સાથ' નવી ઊર્જા સાથે સેવકનો સેવક બનીને આપની સાથે એક સંવાદ કરવા આવ્યો છું. જેમણે મને કાયમ માટે બળ પૂરું પાડ્યું છે તેવા સરદારધામના ભવનદાતાઓશ્રી, સ્થાપક ટ્રસ્ટીશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ, દાતાશ્રીઓ, રુમ દાતાશ્રીઓ, જીપીબીઓના જાગૃત મેમ્બરશ્રીઓ, જીપીબીએસ યુવા તેજ-તેજસ્વિનીના મારા આત્મીય સૌ બંધુ ભગિનીઓ, સામાજિક સંસ્થાના સૌ સમાજ શ્રેષ્ઠીઓ, આપણે ખૂબ સાહસિક્તાથી જોખમો ઉઠાવીને બિઝનેસ કરીએ છીએ તો પણ સાંપ્રત પરિસ્થિતિએ આપણને જે શીખવાડ્યું છે કે હવે સમય પાકી ગયો છે કે કુદરતના ક્રમને તોડીને આપણે કોઈ બિઝનેસ નહીં કરીએ. શક્ય હોય ત્યાં સુધી આપણે સૌ દેશને સ્વાવલંબી બનાવવા માટે, આત્મસન્માનિત બનાવવા માટે શક્ય હોય ત્યાં સુધી સ્વદેશી વસ્તુઓ વાપરવાનો આગ્રહ રાખીશું. કોઈપણ વસ્તુની શરુઆત માણસે પોતે કરવાની હોય છે અને તેનો આજથી હું અમલ કરું છું અને તેનો હંમેશાં આગ્રહી રહીશ. સાંપ્રત સમયમાં જે કંઈ કોરોનારુપી વાવાઝોડું આવ્યું છે તેમાં સરકારે, સફાઈ કર્મીઓએ, ડૉક્ટરોએ, પોલીસકર્મીઓએ, મીડિયાએ જે કંઈ સહકાર આપ્યો છે તેમને આપ સૌના માધ્યમથી શુભકામના પાઠવું છું. દેશમાં દરેકે પોતપોતાની પવિત્ર ફરજ અદા કરી છે અને તેના જ કારણે આ લોકડાઉન સ્વયંભૂ સફળ રહ્યું છે. છૂટક ઘટનાઓ તો ઘટ્યા કરે. આ સમયમાં આપણે ઘરનું ખાધું, તાજું ખાધું, પરિવારને માણ્યો અને સૌની સાથે આપણે સંવાદ કર્યો. બાળકોની ફરિયાદ, સગાવહાલાની ફરિયાદો લગભગ પૂર્ણ થઈ જશે. સાંપ્રત સમયે આપણને એક નવી જીવનશૈલી આપી છે. સહજતા અને સમરસતા આપી છે. દરિદ્રનારાયણથી લઈને અબજોપતિ બધાં એક જ લાઈનમાં થઈ ગયા છે. સૌ એક બીજા સાથે કામ કરતાં થઈ ગયા. મેં પણ રોટલી બનાવી છે અને વાસણ ઉટક્યા છે. ઘરે જ મંદિર છે એ પણ લોકોને

સમજાયું. કારણ કે મંદિરોમાં તો તાળા હતા. વિશેષ કરીને મારે સૌને એ વાત કરવી છે કે આ ધરતીમાંથી ધાન્ય પકવતા ધરતીપુત્રોનું મહત્ત્વ કેટલું છે. શ્રમજીવી લોકોનું મહત્ત્વ કેટલું છે. તે વાત સારી રીતે સમજાઈ. અત્યારે નાની હાટડીથી લઈને મોલથી લઈને ફેક્ટરીઓ સુધી બધું બંધ છે. આવનારા સમયમાં ઉદ્યોગજગત ધમધમતું નહીં થાય એનું કારણ એ જ હશે કે માણસો નહીં હોય. નાણાં હશે પણ માણાં નહીં હોય. ખરેખર પૂજા થાય તો ધરતીપુત્રો અને શ્રમજીવી ભાઈઓ-બહેનોની વિશેષ થવી જોઈએ. ઘરમાં કે ઑફિસમાં કામ કરતાં આપણાં શ્રમજીવી ભાઈબહેનોને આપણી સમકક્ષ સારી રીતે રાખવા જોઈએ એનું પણ મહત્ત્વ સમજાયું. ધરતીપુત્ર ખૂબ કામ કરી શકે છે અને જીવતદાન આપી શકે છે અને એ મારે વારંવાર કહેવાનું થાય છે કે ભારતના સાત લાખથી વધુ ગામડાંઓ ધબકે છે એટલે મારું અને તમારું શહેરમાં હૃદય ધબકે છે. કોરોના જેવી આફતો આવે ને જાય. આપણે જરાય ચલિત થયા વિના આગળ વધવાનું છે. ગુજરાતની પ્રજામાં પથ્થરની પથારી કરવાની અને આફતને અવસરને ફેરવવાની તાકાત છે. ફિકરને ફાકી કરીને ખાઈ જાય છે. આ ગુજરાતના ફકીરો છે. વિશ્વની તમામ તકોને ઝડપી લેવાની છે. આવનારા સમયમાં વિશેષ તકો આવવાની છે તેના માટે અત્યારથી તૈયારી કરો. સરદારધામ મિશન-૨૦૨૬ શું છે. યુવાશક્તિના સર્વાંગી વિકાસનું ધામ છે. દેશ અને દુનિયાની સાથે તાલ મિલાવવાનું ધામ છે. આજે આપના માધ્યમથી કહેવા દો કે સરદારધામ એક વિચારયાત્રા છે. સરદારધામનું પ્રથમ લક્ષ્ય છે કે પરવડે તેવા છાત્રાલયનું નિર્માણ કરવું. સરદારધામ અને કેળવણીધામે સાથે મળીને એક રોલ મોડેલ બનાવ્યું છે અને તેમાં એક હજાર દીકરા-દીકરીઓ રહે છે અને અમે ત્રણ જી પર કામ કરીએ છીએ. સરદારધામ અને કેળવણીધામ સંચાલિત સિવીલ સર્વિસ કેન્દ્રમાંથી તાલિમ લઈને ચાર્મી તલસાણિયા (કરકર) સ્પરધાત્મક પરીક્ષામાં ઉત્તિર્ણ થઈ અત્યારે પોતાની નાની દીકરીને સાથે રહીને ફરજ બજાવે છે. તેમાં જીપીએસસી અને યુપીએસસી અંતર્ગત




નવયુવાનોને સરકારી નોકરીની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તાલીમ આપીએ છીએ. બીજો જી એટલે કે ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ અંતર્ગત એક વિશાળ બિઝનેસ પ્લેટફોર્મ બનાવીએ છીએ. અને ત્રીજો જી એટલે કે જીપીબીઓ જેમાં પ્રથમ હરોળના દસ હજાર ઉદ્યોગ સાહસિકો જોડાઈને સમાજલક્ષી કામ કરવા માટે તત્પર બન્યા છે. આપણે જીપીબીઓ યુથ પણ બનાવ્યું છે. જેમાં લગભગ ૧૩૦૦૦ જેટલાં યુવાનો એક સાથે મળે છે અને પરસ્પર માર્ગદર્શન પણ આપે છે. સમાજને શિક્ષિત-દિક્ષિત અને વિક્સિત કરવાનો. નિ:શુલ્ક મહેસૂલી માર્ગદર્શન કેન્દ્ર, નિ:શુલ્ક કાનૂની માર્ગદર્શક કેન્દ્ર, નિ:શુલ્ક સમાજ સુરક્ષા માર્ગદર્શન આમ આ ત્રણેય વિભાગ સાથે મળીને સમયસર ન્યાય મળે તે માટે કામ કરે છે. કોઈ અસમાજિક તત્ત્વ હોય, સીધા અને સજ્જન માણસોને હેરાન કરતાં હોય તો આવા ૧૮૭ કેસ આપણે ઉકેલી શક્યા છીએ. મિત્રો, આવનારા સમયમાં સરકાર, ઉદ્યોગો અને સામાજિક સંસ્થાઓ એમ ત્રણેયનો ત્રિવેણી સંગમ થશે તો જ વિકાસ થશે. આ સદી વૈશ્વિકરણની સદી છે. આ સદીની અંદર ક્વૉલિટી, કમિટમેન્ટ અને સર્વિસમાં આપણે ચોક્કસ રહીશું તો દેશ અને દુનિયાની સાથે તાલ મીલાવી શકીશું. રાજ્ય સરકારને અમારી વિનંતી છે કે સારી એનજીઓને સાથે રાખીને પ્રમાણ આપે એવા પરિણામોની તક આપો. આજનો યુવાન બિનજરૂરી ખર્ચા, ચર્ચા અને પરચાથી થાક્યો છે. તેને નોકરી રોજગારમાં રસ છે. એ સમય પાકી ગયો છે. મારે તમને સૌને અપીલ કરવી છે કે આજના યુવાનને હળવો બનાવીએ. તેના હૃદયમાં પલોઠીવાળીને બેસીને જાણીએ કે તેમને શું જોઈએ છે. મારે તમારા માધ્યમથી સર્વ સમાજના વડાઓ, ધ્યાની, જ્ઞાની, મહાજ્ઞાનીને વાત કરવી છે કે પાંચ લક્ષ્ય બિંદુઓ ઉપર આપણે એક સામાજિક રીતે સાથે મળીને ગુજરાતનો સ્થાપના દિવસ છે ત્યારે **એક નવી ક્રાંતિ માટેના પાંચ મુદ્દાઓ એ છે કે ખોટા રીત-રિવોજા બંધ કરીએ અને અંધશ્રદ્ધાથી દૂર રહીએ, હું કોઈની શ્રદ્ધાને ઠેસ પહોંચાડવા નથી માંગતો. ચાંદલા વિધિ, લગ્ન વિધિ જેવા સોળ પ્રસંગોને સાદાઈથી કરીએ, ત્રીજો મુદ્દો છે શ્રદ્ધાંજલિ, બેસણાં બંધ કરીને ટેલિફોનિક બેસણાંની શરૂઆત કરીએ. ગયા વર્ષે મારા માતુશ્રી**




**લક્ષ્મી બા ગુજરી ગયા ત્યારે હું અમદાવાદ હતો. સવારે મને ફોન આવ્યો ત્યારે સાડા દસે ભાવનગર ગયા અને બપોરે દેહદાન કર્યું. એજન્સીને બોલાવીને બેસણું બંધ રાખ્યું એવી જાહેરાત આપી. દિવસે અમારા સૌ ટ્રસ્ટીઓને, સૌ મિત્રોને બધાંને ખબર છે કે સાંજે સાડા ચારે બીજા દિવસે અમદાવાદ મારી ફરજ પર લાગી ગયો. આપણે માતા-પિતાના આરોગ્યની કાળજી રાખીએ છીએ પણ પછી શું ? કેટલો સમયનો દૂરઉપયોગ, આવવા જવાના જોખમો, આટલા બધાં બૂફેમાં જમે. કોઈને કશી ખબર નથી. લોકો માત્ર મોઢું બતાવવાના ભાર તળે છે. સર્વાંગી વિકાસ માટે અને મહાન ભારતના નવનિર્માણ માટે આપણે આરોગ્યધામોનું નિર્માણ કરીએ. જન્મતિથિ, લગ્નતિથિ અને પુણ્યતિથિના જે ખર્ચાઓ થાય છે તેના બદલે તેનો ઉપયોગ અભ્યાસ અર્થે કરીએ. આવનારી પેઢીથી તેમનું ભાવિ ઉજ્જવળ બનશે. હું એવું નથી કહેતો કે સરદારધામના પ્લેટફોર્મનો ઉપયોગ કરો. અમારે નામ નથી જોઈતું માત્ર કામ જોઈએ છે. આવો, આપણે સાથે મળીને આ પાંચ મુદ્દાઓ પર ઠરાવ પસાર કરીને સામાજિક રીતે કંઈક પરિવર્તન લાવીએ.** કેન્દ્રિય સરકાર એવો ઠરાવ કે કાયદો લાવે કે લગ્નમાં આટલો જ ખર્ચ કરવાનો, આટલું ફૂડ એમ નિયમો બનાવશે તો આપણે તેનું સો એ સો ટકા પાલન કરીશું. તેમાં દંડ કે જોગવાઈ હોય તો આપણે સબળ બનીશું.

બહાર સે શાંતિ, ભીતર સે ક્રાંતિ,
બહાર વિશ્રામ, ભીતર સંગ્રામ

**હું જે રીતે સફળ થયો તેમાં આ દસ મુદ્દાઓ છે. લક્ષ્ય નક્કી કરો, એક એક શ્વાસ અને એક એક માંસપેશીને તમારા લક્ષ્ય તરફ ઢાળી દો. કામ પૂરતું જ બોલવું. જરૂરી છે તે કરવું. ચોથો મુદ્દો છે તાકાતવાળાનો સંગ કરવો. નબળા વિચારવાળાનો સંગ નહીં કરવાનો. ઉમંગ ઉત્સાહ, ભડવીરો, શૂરવીરો, ક્રાંતિવીરો, દાનવીરોનો સંગ કરવો. સરદાર સાહેબ જેવું મનોબળ કેળવીએ. જેને આગળ વધવું છે તેમને રાજકારણ અને સંપ્રદાયની ચર્ચામાં પડવું નહીં.**

**માઈન્ડ પાવર અને મસલ પાવરની સદી છે. હું જીમ કરું છું પણ બતાવવા માટે નહીં પણ તંદુરસ્તી માટે. મેનેજમેન્ટથી કામ કરવું. આઠમો મુદ્દો છે આખા દિવસનું કામ કર્યા પછી સાંજે કામના લેખાજોખા કરું છું. નવમો મુદ્દો ખૂબ જ અઘરો છે...ઠંડું દિમાગ રાખીને સૌને સાંભળવા, સમજવા અને સાચવવાથી આપનું ધાર્યું નિશાન પાર પાડી શકાય છે અને દસમો મુદ્દો છે કે કોઈપણ કામમાં શ્રદ્ધા રાખો. મિત્રો, મને યુવાનોમાં શ્રદ્ધા છે. યુવાનો દેશનું મીઠું સત્વ છો. દેશને મહાન બનાવવા માટે આપણે સર્વ સમાજને પ્રેરણારૂપ બનવાનું છે.**

દોસ્તો, સપનાં જોવાં એ આપણો જન્મસિદ્ધ અધિકાર છે. કસરત, યોગા, પૌષ્ટિક આહાર અને નિર્વ્યસની રહી કંઈક કરીને પોતાનું લક્ષ્ય સિદ્ધ કરવું જરૂરી છે. મુશ્કેલીઓ આવે. સામાજિક, પારિવારિક કે માનસિક મુશ્કેલીઓ આવે પણ તેનાથી ગભરાવાનું નથી. સરદારધામના ૩૭૧ ટ્રસ્ટીઓ અને ભાવિ ટ્રસ્ટીઓ તમારા સૌની સાથે છે. મને વિશ્વાસ છે કે સરદારધામનો ૨૦૦ કરોડનો પ્રૉજેક્ટ પૂર્ણ થશે. ભાવનગર અને વડોદરામાં પણ આપણે કરી શકીશું. સમાજમાં આપણે સૌ એક ક્રાંતિ કરવા માંગીએ છીએ. આ વિકટ સમયને પાર કરીને આવનારા સમયને સરકાર તરફથી જે કંઈ નિયમોનું પાલન થાય તે કરીશું અને કંઈપણ મુશ્કેલી હોય તો અમે તમારી સાથે છીએ. અમારાથી કંઈ પણ બનતું કરીશું. હવે મોટી સભાઓના મેળાવડાઓ બંધ હશે એટલે વૈચારિક ક્રાંતિ થકી અભિયાનો કરવા પડશે. એટલે જાણતા અજાણતા કોઈના પ્રત્યે પણ દુઃખ લાગ્યું હોય તો ક્ષમા માંગીએ છીએ. આપણે સૌ માન, મોભો, નામ ભૂલીને સાથે મળીને કામ કરીએ. આજે ગુજરાતના સ્થાપના દિને એક નવી ઊંચાઈએ જવા માટે પાંચ શક્તિઓ દ્વારા ગુજરાતને સજાવીએ.

જય સરદાર, જય હિંદ, વંદેમાતરમ્, થેંક યુ. ■

**સંકલન : ડૉ. જાગૃતિબેન પટેલ**
કન્વીનર, સરદારધામ દીકરી સ્વાવલંબન યોજના

# સામાજિક સંસ્થા એક દીકરી જેવી છે, તેને આપ્યા વિના ના જવા દેવાય

**– ડૉ. ચિતરંજન પટેલ**



અમદાવાદની બી. જે. મેડિકલમાંથી ફિઝિશિયનની ડિગ્રી લઈને અમેરિકાના શિકાગોમાં ફિઝિશિયન તરીકેની પ્રેક્ટિસ કરીને પોતાના માતબર દાન દ્વારા પાટીદાર અને અન્ય સમાજમાં સમાજસેવાની ખુશબૂ ફેલાવનારા ડૉ. ચિતરંજનભાઈ પટેલને મળવું એક લ્હાવો છે. એક અલગ પ્રકારની નિરાંત અને સંતોષ તેમના ચહેરા પર છલકાય છે. ગાંધીજીના સિદ્ધાંતોને વળગેલા અને અમદાવાદ આવે ત્યારે ગાંધી આશ્રમ જઈને મનની શાંતિ અનુભવતા ડૉ. ચિતરંજનભાઈ વાંચન સાથે મેરેથોનદોડના શોખ ધરાવે છે. મન અને શરીરના બેલેન્સ વિશે અને આજની જનરેશન વિશેના તેમના વિચારો જાણીને માત્ર પ્રેરણા જ નહીં પરંતુ એક નવી રાહ મળી જાય છે.

કડીના વામજના વતની અને એક આચાર્ય પિતાના પુત્ર તરીકે જીવનના ઉત્તરાર્ધમાં નાની મોટી તકલીફોનો સામનો કરીને ડૉ. ચિતરંજનભાઈ પટેલે શિકાગોની ભૂમિને પોતાની તો કરી જ છે પરંતુ તેમના હૃદયમાં ભારતીયતા આજે પણ ધબકે છે. તેમના વિચારોમાં ગાંધીજીનો સદાચાર અને એક ડૉક્ટર તરીકેનો જીવન નિચોડ દરેક યુવાન માટે એક મોટિવેશન સ્પીચ કરતાં પણ વિશેષ છે.

**માતબર દાન દ્વારા પાટીદાર અને અન્ય સમાજમાં સમાજસેવાની ખુશ્બૂ ફેલાવનારા ડૉ. ચિતરંજનભાઈ પટેલને મળવું એક લ્હાવો છે. એક અલગ પ્રકારની નિરાંત અને સંતોષ તેમના ચહેરા પર છલકાય છે. ગાંધીજીના સિદ્ધાંતોને વળગેલા અને અમદાવાદ આવે ત્યારે ગાંધી આશ્રમ જઈને મનની શાંતિ અનુભવતા ડૉ. ચિતરંજનભાઈ વાંચન સાથે મેરેથોન દોડના શોખ ધરાવે છે.**

ચિતરંજનભાઈ જણાવે છે કે, તમે જે કંઈ પણ થાઓ પણ શ્રેષ્ઠ અને સારા થાઓ. આઈન્સ્ટાઈન નંબર વન કે નંબર ટુ નો'તા. પણ તેઓ બેસ્ટ હતા. બસ, તમે કેરેક્ટર ડેવલપ કરો. આજની પેઢી પૈસાને પહેલાં મહત્ત્વ આપે છે પણ હું મારા બાળકોને કહું છે કે એવું કેરેક્ટર ડેવલપ કરો કે પૈસા તમારી પાછળ આવે. એવા ફિઝિશિયન બનો કે તમારી પાછળ સમાજ આવે. અત્યારે દરેક જગ્યાએ જોઈએ છીએ કે આપણે સૌ એથિક્સ, મોરલ કે નીતિ સાથે સમાધાન કરી રહ્યા છીએ. પહેલા પરિવારોમાં જે પારિવારિક પ્રતિભાઓ હતી આજે એવી પ્રતિભાઓ નથી રહી. હું મારી જાતને પૂછું છું કે શું આપણે પ્રમાણિક અને મહેનતુ છીએ, ખરા ? જો આ જ નિયમો સમાજ અનુસરશે ત્યારે જ સમાજ આપોઆપ સુખી થશે. હું વારંવાર ભારત આવું છું. પણ દરેક વખતે પોઝિટિવ ફિલિંગ સાથે નથી જતો. નકારાત્મક ભાવનાઓ આપણને ખંડિત કરે છે. અને એટલે જ સમાચારો વાંચતો જ નથી. રોજબરોજના ન્યૂઝમાં ખૂબ નેગેટિવ ઘટનાઓ સાંભળવા મળી રહી છે.

લોકો મુખ્ય ધ્યેયથી વિચલિત થઈ જાય એવું વાતાવરણ છે. એટલે જ હું અહીં આવીને સારી એક્ટિવિટી માટે અનેક જગ્યાએ જઈને સામેથી મુલાકાત લઉં છું. પાંત્રીસ વરસમાં પિસ્તાળીસ વખત ભારત આવ્યો હોઈશ. પણ ગાંધી આશ્રમ મારા માટે હંમેશાં સોર્સ ઓફ ઇન્સ્પિરેશન છે. મારો મુખ્ય શોખ વાંચવાનો છે. ઈફ યુ વોન્ટ ટુ બી લીડર બી અ રીડર. ટી. વી. સામે ક્યારેય બેસતો નથી. લગભગ વિશ્વના અનેક શ્રેષ્ઠ નેતાઓના જીવન ચરિત્ર અને ઇતિહાસ વાંચ્યા છે.

આપણા જીવનનો એક એક દિવસ અગત્યનો છે. મારો દિવસ સવારના ૫.૩૦થી ચાલુ થાય છે અને રાતના નવ વાગ્યા સુધી ચાલે છે. દિવસ દરમ્યાન મેડિકલ પ્રેક્ટિસ સાથે સમાજસેવા એ જીવનનું અભિન્ન અંગ બની ગયું છે. શિકાગોમાં અમે ડૉ. સી. પટેલ ફેમિલી ફાઉન્ડેશન નામના ટ્રસ્ટની સ્થાપના કરી. આ સંસ્થાની સેવાકીય સુવાસ અમેરિકામાં પણ એટલી ફેલાઈ છે કે સંસ્થા બિલગેટ્સ ફાઉન્ડેશનની જેમ જ અમેરિકાના ટોપ બ્રેકેટ લિસ્ટમાં સ્થાન પામી ચૂકી છે. સારી સંસ્થાઓ અને મદદ કરવા યોગ્ય વ્યક્તિઓને હું જાતે શોધું છું. જેથી યોગ્ય વ્યક્તિ અને યોગ્ય સંસ્થાને જીવનના મહેનતથી કમાયેલા પૈસા દ્વારા સાચી મદદ મળે. ભારતમાં રોજના લાખો બાળકોને મિડ ડે મીલ આપતી સંસ્થા અક્ષયપાત્રમાં એક દાતા તરીકે જોડાયો ત્યારે આનંદ એ વાતનો થયો કે ૧,૫૦,૦૦૦ ડોલરના અનુદાન થકી લાખો ગરીબ બાળકોની ક્ષુધાને તૃપ્ત કરતા અક્ષયપાત્રનું કિચન ઊભું કરવામાં હું માધ્યમ બન્યો.

**દિવસ દરમ્યાન મેડિકલ પ્રેક્ટિસ સાથે સમાજસેવા એ જીવનનું અભિન્ન અંગ બની ગયું છે. શિકાગોમાં અમે ડૉ. સી. પટેલ ફેમિલી ફાઉન્ડેશન નામના ટ્રસ્ટની સ્થાપના કરી. આ સંસ્થાની સેવાકીય સુવાસ અમેરિકામાં પણ એટલી ફેલાઈ છે કે સંસ્થા બિલગેટ્સ ફાઉન્ડેશનની જેમ જ અમેરિકાના ટોપ બ્રેકેટ લિસ્ટમાં સ્થાન પામી ચૂકી છે.**

આ ઉપરાંત એ.એસ.પટેલ મારુતિ જિમ-૨૦૧૭ એ એવી સંસ્થા છે જેમાં મારુતિ સુઝૂકી કંપની સાથે રહીને ડૉ. ચિતરંજનભાઈએ આઈટીઆઈ સંસ્થા બનાવી. આજે અહીં એક સાથે આઠ કોર્સિસ ચાલે છે જેના દ્વારા યુવાનો ટેક્નિકલ એજ્યુકેશન મેળવી રહ્યા છે. આ ઉપરાંત કે. પી. બોર્ડિંગ ખાતે ડૉ. ચિતરંજન ભવન બનાવવામાં આવ્યું, જ્યાં પાટીદાર સમાજના ઉપરાંત અન્ય સમાજ દીકરા-દીકરીઓ થ્રી સ્ટાર ફેસિલિટી સાથે રહીને અભ્યાસ કરી રહ્યા છે. કડીની ભાગ્યોદય હૉસ્પિટલ પણ ડૉ. ચિતરંજનભાઈના મુક્ત હાથે દેવાયેલા દાનની ચેતના જ છે. સર્વ વિદ્યાલય જેવી સમાજના શિક્ષણના આધારસ્તંભ ગણાતી સંસ્થાઓમાં પણ છેલ્લા ત્રીસ વર્ષથી નિયમિત દાતા તરીકે ડૉ. ચિતરંજનભાઈએ સંસ્થાના વિકાસમાં ફાળો આપ્યો છે. સરઢવ, ગોઝારિયા, રાંધેજા જેવા મહેસાણાના ગામોમાં ડૉ. ચિતરંજનભાઈની સેવાની મહેક ચોમેર પ્રસરે છે.

પોતાનો વ્યક્તિગત અનુભવ કહેતા ડૉ. ચિતરંજનભાઈ જણાવે છે કે, અમે મિડલ ક્લાસમાંથી મોટા થયા એટલે નાનપણથી પૈસાની કિંમત હતી. પરંતુ જેમ જેમ પૈસાપાત્ર બનતા જઈએ છીએ અને તેમાં પણ મહેનતના પૈસા હોય છે ત્યારે માણસને વધુ આપવા ગમે છે. જે વ્યક્તિ પોતાના માટે વધારે સહુલિયતો થકી પૈસા ખર્ચે છે તે અન્યને નથી આપી શક્તો. આજે પણ મારા અનેક મિત્રો બિઝનેસ ક્લાસમાં પ્રવાસ કરે છે પરંતુ મને થોડો સમય અને સગવડતા ઓછી મળે તો પણ પૈસા બચાવીને ઈકોનોમી ક્લાસમાં પ્રવાસ કરીને પૈસા બચાવવાનો પ્રયત્ન કરું છું. ઘરે હંમેશાં જમીન પર સૂવું છું. અમેરિકાની ધરતી પર પણ પરિવારને વ્યસનો અને માનસિક વ્યવધાનોથી જાતને હંમેશાં દૂર રાખી છે. નિમયિત પ્રાણાયામ, યોગ, કસરત, સારું વાંચન અને સાત્વિક ભોજન જીવનને નવી ઊર્જા આપે છે. આપણે એકને એક દિવસ તો બધું જ મૂકીને જતા રહેવાનું છે. તો પછી કોઈપણ પ્રકારનો માનસિક ચિપકાવ શા માટે ? અને એટલે જ મનમાં એક સ્પષ્ટ સંકલ્પ કર્યો છે કે દર વર્ષે જાત ચકાસણી કરીને દાનપાત્ર સંસ્થાને એકથી દોઢ કરોડનું દાન આપવું જ. અત્યાર સુધીનો મારો અનુભવ છે કે જે આપે છે તેનું ક્યારેય દેવાળું ફૂંકાયું નથી. જેટલું આપીએ છીએ એટલું સતત વધ્યા જ કરે છે. આ કુદરતનો નિયમ છે. ભારતમાં લોકો મંદિરોમાં દાન ખૂબ આપે છે. પણ શિક્ષણના મંદિરોમાં આપવા એટલે જરૂરી છે કારણ કે તેમાં ભારતનું ભાવિ બની રહ્યું

છે. બે વર્ષ પહેલાં ગગજીભાઈને મળ્યો ત્યારે મેં તેમનામાં શિક્ષણની ચેતના જોઈ અને મને સરદારધામમાં ડિજિટલ લાઈબ્રેરી બનાવવાની પ્રેરણા મળી.

ડૉ. ચિતરંજનભાઈ પોતાની રસપ્રદ વાતોમાં અમેરિકાની એક પ્રચલિત નાની વાર્તા કહે છે. બરફ વર્ષામાં ચોમેર બરફ ફેલાઈ ગયો હતો. થરના થર જામી ગયા હતા. એવામાં એક ભારતીય પોતાની ગાડી લઈને જતો હતો અને બરફના થરોમાં તેની ગાડી ફસાઈ ગઈ. પાછળ આવતા એક કેનેડિયને આ ભારતીય ચાલકને પોતાની ગાડી વડે ધક્કો મારીને મદદ કરી. ગાડી બહાર આવી ગઈ. બંને ગાડીઓ આગળ પાછળ ચાલતી હતી ત્યારે પેલા ભારતીયે પોતાની ગાડી ઓવરટેક કરીને કેનેડિયનની ગાડી આગળ ઊભી રાખી. પેલા કેનેડિયનને આશ્ચર્ય થયું. ‘વળી પાછું શું થયું ?’ ભારતીયે ગાડીની બારી નોક કરીને કાચ ખોલાવ્યો. કેનેડિયને કાચ ખોલ્યો.

પેલો ભારતીય બોલ્યો, ‘થેંક યુ...! ’ કેનેડિયન માત્ર એટલું જ કહ્યું કે, ‘મારે થેંકયુ નથી જોઈતું. પણ કોઈ એક જણને બસ આવી જ મદદ કરી દેજે....’

આમ, આ વાર્તા થકી ડૉ. ચિતરંજનભાઈ સમજાવે છે કે આપણાં અનુદાનથી સમાજ સ્વાધિન થાય એ પણ જરૂરી છે. માત્ર પૈસા વપરાય એટલું જ નહીં પરંતુ એની સાથે જે વિદ્યાર્થીઓ ઊભા થાય છે અને એ વિદ્યાર્થીઓ પણ દાન દ્વારા સમાજને વધુ ઉપયોગી થાય એવી ચેતનાઓ પ્રગટે તે જરૂરી છે. મને કુદરતે મારી જરૂરિયાતોથી વિશેષ આપ્યું છે. માત્ર પાટીદાર સમાજ જ નહીં પરંતુ સમગ્ર માનવજાત માટે આપણે સૌએ કામ કરવાનું છે. બિલગેટ્સ પોતાની આવકનો હિસ્સો માત્ર ખ્રિસ્તીઓ પૂરતો કે અમેરિકા પૂરતો સીમિત નથી રાખતા પરંતુ આફ્રિકન અને એશિયાઈ દેશો માટે પણ ખુલ્લો મૂકે છે. આપવું એ તો સારી વાત છે. એનાથી ચિત્ત નિર્મળ થાય છે. આ સંસ્કાર મારા પિતા અંબુભાઈએ એક શિક્ષક તરીકે મારા મનમાં રોપેલા.



આપણાં અનુદાનથી સમાજ સ્વાધિન થાય એ પણ જરૂરી છે. માત્ર પૈસા વપરાય એટલું જ નહીં પરંતુ એની સાથે જે વિદ્યાર્થીઓ ઊભા થાય છે અને એ વિદ્યાર્થીઓ પણ દાન દ્વારા સમાજને વધુ ઉપયોગી થાય એવી ચેતનાઓ પ્રગટે તે જરૂરી છે. મને કુદરતે મારી જરૂરિયાતોથી વિશેષ આપ્યું છે. માત્ર પાટીદાર સમાજ જ નહીં પરંતુ સમગ્ર માનવજાત માટે આપણે સૌએ કામ કરવાનું છે.

વધુમાં વાત કરતાં તેઓ કહે છે કે એક ડૉક્ટર તરીકે એટલું ચોક્કસ જાણું છું કે જેમ એક્સારસાઈઝથી શરીર પર અસર પડે છે તેમ સારા વિચારોની પણ શરીર પર સારી અસર પડે છે. મન દ્વારા સતત શરીરમાં એન્ડોક્રાઈન ચેઈન્જ આવ્યા કરતાં હોય છે. આપણે જેવું વિચારીએ છીએ એવી રીતે આપણું શરીર પણ રિએક્ટ કરે છે. અપરિગ્રહ અને સદાચારથી શરીર પણ સારું રહે છે. આજે ગાંધીજીની સમગ્ર વિશ્વને જરૂર છે. આજે જગતમાં ધર્મ કે યુદ્ધ એ પ્રશ્ન નથી. પરંતુ વ્યક્તિનો આંતરિક સ્ટ્રેસ સૌથી મોટો વૈશ્વિક પડકાર છે.

હું મારી જાતને ભાગ્યશાળી ગણું છું કે એક સામાન્ય ફિઝિશિયન તરીકે મને કુદરતે ઘણું આપ્યું છે. મારી પાસે કોઈપણ સંસ્થા આવે ત્યારે તે સંસ્થાને હું દીકરી તરીકે ગણું છું. સામાજિક સંસ્થા એ આપણી દીકરી છે. દીકરીને ખાલી હાથે વિદાય ના અપાય. ■






**પદ્મશ્રી ગુણવંત શાહ**

ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠિત કટાર લેખક


# નિષ્ક્રિય થઈ જશો તો લોકો નિંદા કરે પણ સક્રિય હશો તો સમાજમાં ચર્ચાશો

તમે ક્યારેય નિસ્તેજ શિક્ષકની નિંદા ટીચર્સ રૂમમાં થતી જોઈ છે? તમે ક્યારેય અતિ નમ્ર અને સુષ્ઠુ સુષ્ઠુ લખનારા તથા બંને પક્ષને જાળવી લેનારા સાહિત્યકારની ઈર્ષ્યા થતી જોઈ છે? માસ્તર મારે પણ નહીં અને ભણાવે પણ નહીં એવા રાજકીય નેતાની ઝાઝી નિંદા નથી થતી. જો તમારે નિંદાકૂથલીથી બચવું જ હોય તો એક સરળ ઉપાય છે. તમે ખીલવાનું અને ખૂલવાનું માંડવાળ કરો. સમાજને સરેરાશ ગમે છે. સરેરાશ મનુષ્ય નિરુપદ્રવી જણાય છે. સરેરાશ મનુષ્ય કોઈની સામે નથી પડતો. એ પોતાને જડેલી કોઈ વાત આગ્રહપૂર્વક નથી કરતો. સમાજને ખપે છે- નમ્ર, નિર્વીર્ય, નિરુપદ્રવી અને નિરાગ્રહી એવો સરેરાશ મનુષ્ય. સમાજને પરાક્રમ વિનાનો નપુંસક ખપે, પરંતુ પરાક્રમ દ્વારા કશુંક નવું કહેનારો કે કરનારો તેજસ્વી મનુષ્ય ન ખપે. બળ અને ગતિથી શોભતો ઘોડો પણ તેજસ્વી અસવાર ઝંખે છે. યહૂદી પ્રજામાં ધર્મગુરુને 'રબ્બાઈ' કહે છે. લગભગ બધા જ રબ્બાઈ પરણેલા હોય છે. યહૂદીઓ પાસેથી આ પ્રથા લેવા જેવી છે. સાધુ તો પરણેલા જ સારા! એક યહૂદી લોકકથામાં એક અફવાપ્રેમી


**યહૂદી પ્રજામાં ધર્મગુરુને 'રબ્બાઈ' કહે છે. લગભગ બધા જ રબ્બાઈ પરણેલા હોય છે. યહૂદીઓ પાસેથી આ પ્રથા લેવા જેવી છે. સાધુ તો પરણેલા જ સારા! એક યહૂદી લોકકથામાં એક અફવાપ્રેમી અને કૂથલીખોર આદમીની વાત જાણવા મળે છે. એ આદમીને અફવાનું અથાણું અને કૂથલીનું કચુંબર બહુ ભાવતું. એ આદમીએ પોતાની સઘળી નવરાશ ગામમાં પોંખાતા રબ્બાઈની નિંદા કરવામાં જ હોમી દીધી. એણે રબ્બાઈ વિરુદ્ધ અસંખ્ય જુઠ્ઠાણાં વહેતાં મૂક્યાં અને રબ્બાઈની પાછળ પડી જઈને ગામ આખાને માથે લીધું. વર્ષો વીતી ગયાં પછી એ નિંદાવીરને પસ્તાવો થયો. દુ:ખીહૃદયે એ રબ્બાઈ પાસે ગયો અને બોલ્યો: 'રબ્બાઈ! મને તમે પ્રાયશ્ચિતનો માર્ગ બતાવો.' રબ્બાઈને આશ્ચર્ય થયું. તેઓ એ નિંદાખોર આદમીની ગંદી હરકતોથી ટેવાઈ ગયા હતા. રબ્બાઈએ ઊંડો નિસાસો નાખ્યો અને કહ્યું: 'એક કામ કર. તારા ઘરેથી બે ઓશીકાં લઈને બજારમાં પહોંચી જા. બજારમાં જઈને ઓશીકાના ગલેફ ચપ્પુથી ફાડી નાખજે પછી એમાંથી રૂનાં પૂમડાં નીકળે, તેને હવામાં ફંગોળી દઈને પાછો આવી જજે.'**


અને કૂથલીખોર આદમીની વાત જાણવા મળે છે. એ આદમીને અફવાનું અથાણું અને કૂથલીનું કચુંબર બહુ ભાવતું. એ આદમીએ પોતાની સઘળી નવરાશ ગામમાં પોંખાતા રબ્બાઈની નિંદા કરવામાં જ હોમી દીધી. એણે રબ્બાઈ વિરુદ્ધ અસંખ્ય જુઠ્ઠાણાં વહેતાં મૂક્યાં અને રબ્બાઈની પાછળ પડી જઈને ગામ આખાને માથે લીધું. વર્ષો વીતી ગયાં પછી એ નિંદાવીરને પસ્તાવો થયો. દુ:ખીહૃદયે એ રબ્બાઈ પાસે ગયો અને બોલ્યો: 'રબ્બાઈ! મને તમે પ્રાયશ્ચિતનો માર્ગ બતાવો.'

રબ્બાઈને આશ્ચર્ય થયું. તેઓ એ નિંદાખોર આદમીની ગંદી હરકતોથી ટેવાઈ ગયા હતા. રબ્બાઈએ ઊંડો નિસાસો નાખ્યો અને કહ્યું: 'એક કામ કર. તારા ઘરેથી બે ઓશીકાં લઈને બજારમાં પહોંચી જા. બજારમાં જઈને ઓશીકાના ગલેફ ચપ્પુથી ફાડી નાખજે પછી એમાંથી રૂનાં પૂમડાં નીકળે, તેને હવામાં ફંગોળી દઈને પાછો આવી જજે.'

પેલો પંચાતિયો ઘરે ગયો. બે ઓશીકાં લઈને એ પહોંચ્યો બજારમાં. ત્યાં જઈને એણે રૂનાં પૂમડાં હવામાં ફંગોળવાનું શરૂ કર્યું. રબ્બાઈની સૂચના પ્રમાણે પોતાનું

કામ પતાવ્યા પછી એ પાછો રબ્બાઈ પાસે પહોંચી ગયો. રબ્બાઈએ એ પંચાતિયાને પ્રેમથી આવકાર્યો. પંચાતિયો બોલ્યો: 'સર! તમે કહ્યું તે પ્રમાણે બધું કામ પતાવીને હું આવી ગયો છું.' રબ્બાઈએ એને કહ્યું: 'બહુ સુંદર. કૂથલીથી કેટલું નુકસાન પહોંચે છે, તે જોવા માટે તું ફરીથી બજારમાં જા.' પંચાતિયાને આશ્ચર્ય થયું. 'સર! બજારમાં જઈને મારે કરવાનું શું?' રબ્બાઈએ એને કહ્યું: 'બજારમાં જઈને તેં હવામાં જે પૂમડાં ફંગોળ્યાં હતાં, તે વીણવા માંડજે.' રબ્બાઈએ વાત પૂરી કરી.

ટનબંધ અદેખાઈ અને અનેક ક્વિન્ટલ જેવી વજનદાર નિંદા માણસને મફતમાં નથી મળતી. બધા વાળ સફેદ થઈ જાય અને બધાં ગાત્ર ઢીલાં પડી જાય, પછી ઉપરવાળો કશુંક ભેટરૂપે ધરતો હોય છે

નવરાશ એ આપણા દેશનો સ્થાયીભાવ છે. ગામને પાદરે આવેલા ચોરા પર ગામલોકોની નવરાશ ગરબા ગાતી હોય છે. એક વાર વર્ષો પહેલાં જયપ્રકાશ નારાયણ મહુવા ગયેલા. એ દિવસોમાં મહુવા આદરણીય મોરારિબાપુને કારણે વિખ્યાત ન હતું. મહુવાના સમાજવાદી યુવાન શ્રી યશવંત મહેતાએ મહુવા સુધરાઈનું સુકાન સંભાળ્યું હતું. એ સુધરાઈનો કારભાર સમાજવાદી રંગ ધારણ કરી રહ્યો હતો. મને યશવંતભાઈએ એક વાત કહી તે હજી યાદ છે. જયપ્રકાશજી યશવંતભાઈ સાથે નાની મોટરગાડીમાં ફરવા નીકળ્યા ત્યારે એમની નજર ગામના ચોરા પર બેસીને બીડી ફૂંકનારા નવરા ગામલોકો પર પડી. જયપ્રકાશજીએ પૂછ્યું: 'યશવંત! આ લોકો શું કરે છે? તેઓ એક પૈસો પેદા કરે, તે પહેલાં તો એક રૂપિયાની બીડીમાંથી ધુમાડો કાઢે છે. આખો દિવસ ચોરા પર બેસીને એ લોકો તડાકા મારે છે. દેશનો આ જ ખરો પ્રોબ્લેમ છે.' ભારતની કોઈ અયોધ્યાનગરી (જેને મૈથિલીશરણ ગુપ્તએ 'અવનિ કી અમરાવતી' ગણાવી છે) ધોબીઘાટ પર થતી નિંદાકૂથલી વિનાની નથી હોતી. શું રામરાજ્યનો ધોબી ઈર્ષ્યાખોર હતો? એ યુગમાં રાજાની અદેખાઈ કરવાનો પ્રશ્ન જ નહતો. ધોબી અદેખો ન હતો, એ તો 'ખાટસવાદિયો' હતો. ગામમાં ક્યાંક સારું બને અને રૂડાં વાનાં થાય ત્યારે જેના પેટમાં તમોગુણી ચૂંક ઊપડે તે 'ખાટસવાદિયો' ગણાય. રામ અને સીતા વનવાસ પછી અયોધ્યામાં પાછાં ફર્યાં હતાં. રાજમહેલમાં બધું આનંદમંગલ હતું અને સીતાને મહિના જતા હતા. આવું આનંદમંગલ ખાટસવાદિયા મનુષ્ય માટે ખાસું પીડાજનક બની જતું હોય છે. આવું બને તે માનસિક રોગનું પરિણામ છે. આવો મનોરોગ જો રાજા રામને પણ ન છોડે, તો આપણા જેવા સામાન્ય મનુષ્યોને છોડે? જે મનુષ્ય પોતાનું કામ બાજુ પર રાખીને કેવળ તમારી નિંદા કરવામાં જ રમમાણ રહે, તે તો તમારો ફુલટાઇમ સર્વન્ટ ગણાય. એવા મનુષ્યનું તો અભિવાદન જ હોય. તમને જીવનમાં ક્યારેક કોઈ 'ધોબી' મળે, તો તેમાં બહુ દુ:ખી થવા જેવું નથી. એ મહાન ધોબી તમારી પાછળ પડી જાય, તે તો તમારું સદ્નસીબ ગણાય. સીતા સૌંદર્યવતી ન હોત તો? તો રામ-રાવણ યુદ્ધ ન થયું હોત. વાલ્મીકિ જેવા મહાકવિએ સીતાની સુંદરતા માટે બે શબ્દો પ્રયોજ્યા છે: ૧. સુમધ્યમા અને ૨. વરારોહા. આ જ વાત તેજસ્વિની, ઓજસ્વિની અને મનસ્વિની એવી ગુણસુંદરી દ્રૌપદી માટે પણ કહી શકાય. જો દ્રૌપદી કદરૂપી હોત તો? તો મહાભારતનું યુદ્ધ ન થયું હોત. અત્યંત રૂપાળી સ્ત્રી માટે સૌંદર્ય અનેક સમસ્યાઓ સર્જે છે. એ બધી જ સમસ્યાઓ સ્થૂળ આંખે દેખાતી નથી. રૂપાળી વિધવાની સમસ્યાઓ રૂપાળી નથી હોતી. એ સમસ્યાઓ જીવનમરણના ખેલ સર્જનારી હોય છે. પીંછાંને કારણે મોર શોભે છે. પીંછાં વિનાના

**રામ અને સીતા વનવાસ પછી અયોધ્યામાં પાછાં ફર્યાં હતાં. રાજમહેલમાં બધું આનંદમંગલ હતું અને સીતાને મહિના જતા હતા. આવું આનંદમંગલ ખાટસવાદિયા મનુષ્ય માટે ખાસું પીડાજનક બની જતું હોય છે. આવું બને તે માનસિક રોગનું પરિણામ છે. આવો મનોરોગ જો રાજા રામને પણ ન છોડે, તો આપણા જેવા સામાન્ય મનુષ્યોને છોડે? જે મનુષ્ય પોતાનું કામ બાજુ પર રાખીને કેવળ તમારી નિંદા કરવામાં જ રમમાણ રહે, તે તો તમારો ફુલટાઇમ સર્વન્ટ ગણાય. એવા મનુષ્યનું તો અભિવાદન જ હોય. તમને જીવનમાં ક્યારેક કોઈ 'ધોબી' મળે, તો તેમાં બહુ દુ:ખી થવા જેવું નથી. એ મહાન ધોબી તમારી પાછળ પડી જાય, તે તો તમારું સદ્નસીબ ગણાય.**

મોરને કોઈ ઈર્ષ્યાજન્ય સમસ્યા સતાવતી નથી. શું મોર પોતાનાં પીંછાંને દૂર કરીને સમસ્યામુક્ત જીવન પસંદ કરે ખરો? રૂપાળા મોરની નિંદા રૂપાળી નથી હોતી. ટનબંધ અદેખાઈ અને અનેક ક્વિન્ટલ જેવી વજનદાર નિંદા માણસને મફતમાં નથી મળતી. બધા વાળ સફેદ થઈ જાય અને બધાં ગાત્ર ઢીલાં પડી જાય, પછી ઉપરવાળો કશુંક ભેટરૂપે ધરતો હોય છે. એ દિવ્ય ભેટ પ્રાપ્ત થાય, ત્યાં સુધીમાં તો હાંફી જવું પડતું હોય છે. ખાટસવાદિયાને તો કેવી નિરાંત? નિંદા કરીને છૂટી જવાનું! કેવળ નસીબદાર માણસને જ ખબર હોય છે કે કેટલો પરસેવો પડે પછી કશુંક ઉપરથી પ્રાપ્ત થતું હોય છે. એ કશુંક એટલું તો મૂલ્યવાન હોય છે કે બધી નિંદા અને બધી કૂથલી જખ મારે છે!

## પાઘડીનો વળ છેડે

એક સાધુ જંગલનાં વૃક્ષો વચ્ચે
ઝૂંપડી બાંધીને રહેતો હતો.
એક નગરવાસીને એના પ્રત્યે
પૂજ્યભાવ
થયો. એ થોડેક દૂર આવેલા ઝાડ
નીચે સાધુની સમીપે રહેવા લાગ્યો.
સાધુના મૌનમાં એ ખલેલ
પહોંચાડતો ન હતો. વર્ષો વીતી
ગયાં પછી એણે સાધુને એક પ્રશ્ન
પૂછ્યો. 'ગુરુજી! મને એક પ્રશ્ન
પજવે છે. મને એ પ્રશ્ને આપનું
માર્ગદર્શન આપવાની કૃપા કરો.'
સાધુએ મૌન ન તોડ્યું. દસ-પંદર
વર્ષ વીતી ગયાં. વર્ષો પછી એ
નગરવાસીએ ફરીથી વિનંતી કરી.
ગુરુએ મૌન ન તોડ્યું...
બીજાં દસ વર્ષ વીતી ગયાં!
ત્રીજી વાર વિનંતી થઈ ત્યારે
ગુરુજીએ કહ્યું: પ્રશ્ન શું છે?
ટૂંકમાં વાત પતાવ.
નગરવાસીએ પૂછ્યું: 'જીવનધર્મનો
સાર શો છે?'
સાધુએ ટૂંકમાં જવાબ આપ્યો:
સાંભળ: હું અહીં આ બધાં
વૃક્ષો વચ્ચે વર્ષોથી રહું છું. હજી
સુધી મેં કોઈ વૃક્ષને
એવું પૂછતું નથી સાંભળ્યું:
પેલા વૃક્ષની ઊંચાઈ કેમ વધારે છે?
અરે! આ સામેના વૃક્ષ પર મધુર
ફળ કેમ બેસે છે?
પેલા વૃક્ષની લીલાશ મારા કરતાં
વધારે કેમ છે? સામેના વૃક્ષની ઘટા
મારા કરતાં વધારે ગાઢ કેમ છે?
તું આ વૃક્ષોની માફક જીવવાનું
રાખ. એ જ જીવનધર્મનો સાર છે.'

નગરવાસી શાંત થઈ ગયો અને પછી શહેરમાં ચાલી ગયો. ■


## લવાજમના દર

**છુટક અંકની કિંમત : રૂ. ૧૦૦/- વાર્ષિક લવાજમ : રૂ. ૧,૨૦૦/- વિદેશ : ૭૦ ડોલર**

**આજીવન સભ્ય (૧૦ વર્ષ) રૂ. ૧૦,૦૦૦/-**

**નીચેના ફોર્મ ભરી આજે જ આપનું તથા આપના સ્નેહીજનનું લવાજમ મોકલી આપો...**

### આપનું ફોર્મ

નામ : ____________________

સરનામું : ____________________

ગામ : __________ તાલુકો : __________

જિલ્લો : __________ પીનકોડ : __________

મો.નં. : ____________________

ચેક/મનીઓર્ડરની વિગત ____________________

### આપનાં સ્નેહીજનની વિગત

નામ : ____________________

સરનામું : ____________________

ગામ : __________ તાલુકો : __________

જિલ્લો : __________ પીનકોડ : __________

મો.નં. : ____________________

ચેક/મનીઓર્ડરની વિગત ____________________

સરદારધામ

# નારીત્વને સફળ બનાવનાર એક માત્ર વસ્તુ માતૃત્વ છે

**સ્વામી વિવેકાનંદ**



હું તમારી સમક્ષ આદર્શ રજૂ કરવાનો પ્રયત્ન કરીશ. પ્રત્યેક પ્રજામાં સ્ત્રી અગર પુરુષ જીવનમાં જાણેઅજાણે આચરણમાં કોઈ એક આદર્શનું પ્રતીક હોય છે. વ્યક્તિ એ મૂર્તિમંત થવા માગતા આદર્શની બાહ્ય અભિવ્યક્તિ છે. આવી વ્યક્તિઓનો સમૂહ એટલે એક પ્રજા, અને એ પ્રજા પણ કોઈ મહાન આદર્શને રજૂ કરે છે, તે આદર્શ તરફ તે જઈ રહી હોય છે. તેથી કોઈ પણ પ્રજાને સમજવા માટે તમારે પ્રથમ તેનો આદર્શ સમજવો જોઈએ એ માન્યતા સાચી માન્યતા છે. એનું કારણ એ છે કે પ્રત્યેક પ્રજા પોતાના ધોરણ સિવાય બીજા કોઈ પણ ધોરણ દ્વારા પોતાનું મૂલ્યાંકન પસંદ કરતી નથી.

તમામ પ્રકારનો વિકાસ, પ્રગતિ, સમૃદ્ધિ અથવા અવનતિ કેવળ સાપેક્ષ બાબત છે. એ બધું ચોક્કસ ધોરણ

**વિધવાનું પુનર્લગ્ન આ દેશમાં સંપૂર્ણ કાયદેસર છે, ભારતની ઊંચી જ્ઞાતિઓમાં સ્ત્રીઓ માટે પુનર્લગ્ન અતિશય અધઃપતન ગણાય. એટલે આપણે એવા વિવિધ વિકારો ધરાવીએ છીએ કે એક પ્રજાનું મૂલ્યાંકન બીજીના ધોરણથી કરવું એ ન્યાયી ન ગણાય, તેમ તે વ્યવહારુ પણ નથી. તેથી એક પ્રજાએ પોતાની સમક્ષ ક્યો આદર્શ રાખ્યો છે તે આપણે જાણવું જોઈએ. જુદી જુદી પ્રજાઓ વિશે આપણે બોલીએ છીએ ત્યારે એક એવા સામાન્ય વિચારથી આરંભ કરીએ છે કે સર્વ જાતિઓ માટે નીતિ નિયમો એક સરખા છે અને આદર્શો એક જ પ્રકારના છે. પરંતુ વ્યવહારમાં આપણે જ્યારે બીજાનું મૂલ્યાંકન કરવા બેસીએ છીએ ત્યારે આપણે એમ ધારીએ છીએ કે આપણે માટે જે સારું હોય તે પ્રત્યેક માટે સારું હોવું જોઈએ.**

ઉપર અવલંબે છે. તેથી જે માણસને આપણે સમજવા માગીએ છીએ તેને પૂર્ણતાના તેના પોતાના આદર્શ દ્વારા જ સમજવો જોઈએ. પ્રજાઓમાં આ બાબત વધુ સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. જેમ કે એક પ્રજા જેને સારું માને તેને બીજી પ્રજા સારું ન પણ માનતી હોય. આ દેશમાં પિતરાઈઓ વચ્ચે લગ્ન કરવાની પૂરી છૂટ છે, ભારતમાં એ કાયદા વિરુદ્ધ છે, એટલું જ નહીં પણ અતિ નજીકના સગાની સાથેનાં લગ્નની જેમ તેને અતિ ભયંકર ગણવામાં આવે છે.

વિધવાનું પુનર્લગ્ન આ દેશમાં સંપૂર્ણ કાયદેસર છે, ભારતની ઊંચી જ્ઞાતિઓમાં સ્ત્રીઓ માટે પુનર્લગ્ન અતિશય અધઃપતન ગણાય. એટલે આપણે એવા વિવિધ વિકારો ધરાવીએ છીએ કે એક પ્રજાનું મૂલ્યાંકન બીજીના ધોરણથી કરવું એ ન્યાયી ન ગણાય, તેમ તે વ્યવહારુ



**સ્ત્રી શબ્દ હિંદુના મનમાં માતૃત્વની ભાવના ખડી કરે છે, ખુદ ઈશ્વરને માતા તરીકે સંબોધવામાં આવે છે ! અમે જ્યારે નાના છોકરાઓ હતા ત્યારે દરરોજ અમારે સવારના પહોરમાં પ્યાલામાં પાણી લઈને માતા પાસે જવું પડતું, અમે પ્યાલો માતા પાસે ધરીએ એટલે માતા તેમાં પગનો અંગૂઠો બોળે એટલે અમે માનું એ ચરણામૃત પી જઈએ.**

પણ નથી. તેથી એક પ્રજાએ પોતાની સમક્ષ ક્યો આદર્શ રાખ્યો છે તે આપણે જાણવું જોઈએ. જુદી જુદી પ્રજાઓ વિશે આપણે બોલીએ છીએ ત્યારે એક એવા સામાન્ય વિચારથી આરંભ કરીએ છે કે સર્વ જાતિઓ માટે નીતિ નિયમો એક સરખા છે અને આદર્શો એક જ પ્રકારના છે. પરંતુ વ્યવહારમાં આપણે જ્યારે બીજાનું મૂલ્યાંકન કરવા બેસીએ છીએ ત્યારે આપણે એમ ધારીએ છીએ કે આપણે માટે જે સારું હોય તે પ્રત્યેક માટે સારું હોવું જોઈએ, આપણે જે કરીએ તે જ માત્ર યોગ્ય છે, આપણે જે નથી કરતાં તે જો બીજાઓ કરે તો અવશ્ય મહા અધર્મ ગણાય.

તેની બન્ને પક્ષે કંઈક ગેરસમજૂતી છે. એક સામાન્ય સપાટી, સમજણ માટેની એક સામાન્ય ભૂમિકા, એક સામાન્ય માન્યતા આપણા કાર્યની ભૂમિકા હોવી જોઈએ. અહીં તહીં માત્ર થોડેઘણે રૂપે કાર્ય કરી રહેલી એ સમગ્ર અને સંપૂર્ણ માનવ પ્રકૃતિને આપણે શોધી કાઢવી જોઈએ. એક જ માનવી પાસે પ્રત્યેક વસ્તુ પૂર્ણરૂપે હોય એવું નિર્માણ નથી. એક ભાગ તમારે ભજવવાનો છે, મારી નમ્ર શક્તિ અનુસાર બીજો ભાગ મારે ભજવવાનો છે, અહીં એક વ્યક્તિ પોતાનો થોડો ભાગ ભજવે છે. ત્યાં બીજી વ્યક્તિ પોતાનો થોડો ભાગ ભજવે છે. આ સર્વ વિભાગોના સંયોજનમાં પૂર્ણત્વ રહેલું છે. જેવું વ્યક્તિઓ વિશે, તેવું જ જાતિઓ વિષે. દરેક જાતિએ પોતાનો ભાગ ભજવવાનો છે, દરેક જાતિએ માનવસ્વરૂપની એક બાજુ વિકસાવવાની છે અને આપણે આ બધી બાજુઓનો એક સાથે સમન્વય કરવાનો છે, અને સંભવ છે કે અતિ દૂરના ભાવિમાં કોઈ કોઈ એવી જાતિનો ઉદ્‌ભવ થાય છે કે જેમાં જુદી જુદી બધી જાતિઓએ મેળવેલી પોતાની વિશિષ્ટ અને અદ્‌ભુત પૂર્ણતાઓ એકત્રિત થાય, અને જગતે સ્વપ્ને પણ ન જોઈ એવી એક નવી જાતિ એમાંથી પેદા થાય.

ભારતમાં નારીત્વનો આદર્શ છે, પહેલી માતા અને છેલ્લી પણ માતા. સ્ત્રી શબ્દ હિંદુના મનમાં માતૃત્વની ભાવના ખડી કરે છે, ખુદ ઈશ્વરને માતા તરીકે સંબોધવામાં આવે છે ! અમે જ્યારે નાના છોકરાઓ હતા ત્યારે દરરોજ અમારે સવારના પહોરમાં પ્યાલામાં પાણી લઈને માતા પાસે જવું પડતું, અમે પ્યાલો માતા પાસે ધરીએ એટલે માતા તેમાં પગનો અંગૂઠો બોળે એટલે અમે માનું એ ચરણામૃત પી જઈએ.

પશ્ચિમમાં સ્ત્રી એ પત્ની છે, ત્યાં સ્ત્રીત્વનો આદર્શ પત્ની તરીકે જ મૂર્ત થાય છે, પાશ્ચાત્ય કુટુંબમાં પત્નીનું રાજ ચાલે છે, ભારતીય કુટુંબમાં માતાનું ચલણ હોય છે. પાશ્ચાત્ય કુટુંબમાં જો મા સાથે રહેવા આવે તો તેણે પૂત્રવધુને તાબે રહેવું પડે, ત્યાં ઘર પત્નીનું ગણાય, અમારે ત્યાં તો મા હંમેશાં અમારા ઘરમાં જ રહે, પત્નીએ આવીને તેને તાબે રહેવું જોઈએ. જો વિચારોમાં કેટલો બધો ભેદ છે !

હવે હું સરખામણી માટે માત્ર સૂચન કરીશ. હું હકીકતો રજૂ કરીશ, કે જેથી આપણે બંને બાજુની તુલના કરી શકીએ. હવે આ સરખાવી જુઓ. તમે જો પૂછોઃ 'ભારતીય નારીનું પત્ની તરીકે સ્થાન ક્યાં છે ?' તો ભારતવાસી પૂછે છે : માતા તરીકે અમેરિકન સ્ત્રીનું સ્થાન ક્યાં છે ? જેણે આપણને દેહ આપ્યો તે સંપૂર્ણ ગૌરવભરી નારીનું સ્થાન ક્યાં છે ? પોતાના દેહમાં નવ માસ સુધી આપણને ધારણ કરનારનું સ્થાન ક્યું છે ? જરૂર પડે તો



એકવાર નહીં પણ હજાર વાર પોતાનું જીવન સમર્પણ કરનારીનું સ્થાન ક્યાં છે ? આપણે ગમે તેવા દુષ્ટ થઈએ, ગમે તેવા અધમ થઈએ, છતાં જેના પ્રેમનો કદી અંત આવતો નથી તેનું સ્થાન ક્યાં છે ? તે માતાની તુલનામાં તેની સાથે જરાક ખરાબ વર્તન થતાંવેંત જ જે સ્ત્રી છૂટાછેડાની કચેરીમાં દોડી જાય તે પત્નીનું સ્થાન ક્યાં આવે ? અમેરિકન નારીઓ તમે જવાબ આપો, તેનું સ્થાન ક્યાં આવે ? અમારા દેશમાં તેવી માતા જોવા નહીં મળે. માતાને પ્રથમ સ્થાન આપનાર પુત્ર આ દેશમાં મેં કોઈ જોયો નથી. અમે મરી જઈએ ત્યાર પછી પણ અમારા બૈરી-છોકરાં તેનું સ્થાન લઈ લે તે અમે ઈચ્છતા નથી. અમારી માતા ! અમે તેના પહેલાં મરી જઈએ તો ફરી એક વાર તેના ખોળામાં માથું મૂકીને મરવાનું અમે ઈચ્છીએ છીએ. તેનું સ્થાન ક્યાં છે ? શું નારી દેહ માત્ર સ્થૂળ દેહ સાથે જ સંપર્ક ધરાવતો શબ્દ છે ? ભાઈ ! દેહની સાથે જ દેહનો સંબંધ ધરાવનાર બધા આદર્શોથી હિંદુ મન ડરે છે. નારી ! એ શબ્દને દેહ સંબંધી કશી જ બાબત સાથે જોડવાનો નથી. નારીસૂચક શબ્દ હંમેશને માટે પવિત્ર શબ્દ છે. 'મા' શબ્દ સિવાય બીજો ક્યો શબ્દ એવો છે કે જેની સમક્ષ કામવાસના કદી આવી શક્તી નથી, જેની નજીક કોઈપણ પ્રકારની ઈન્દ્રિયાશક્તિ કદી ફરકી શક્તી નથી ? ભારતમાં આદર્શ આ છે.

હું એક એવા સંપ્રદાયનો છું કે જે મોટે ભાગે તમારા કૅથલિક સંપ્રદાયના સંન્યાસીઓને ઘણો મળતો આવે છે, એટલે કે કપડાંની બાબતમાં બહુ ધ્યાન આપ્યા વિના

**નારી ! એ શબ્દને દેહ સંબંધી કશી જ બાબત સાથે જોડવાનો નથી. નારીસૂચક શબ્દ હંમેશને માટે પવિત્ર શબ્દ છે. 'મા' શબ્દ સિવાય બીજો ક્યો શબ્દ એવો છે કે જેની સમક્ષ કામવાસના કદી આવી શક્તી નથી, જેની નજીક કોઈપણ પ્રકારની ઈન્દ્રિયાશક્તિ કદી ફરકી શક્તી નથી ?**

અમારે ફરવાનું હોય છે, ઘેરઘેર ભિક્ષા માગીને જીવવાનું, લોકોને જરૂર હોય ત્યારે ઉપદેશ આપવાનો, અને જગ્યા મળે ત્યાં સૂઈ રહેવાનું હોય છે, અમારો આવો જીવનક્રમ અનુસરવાનો હોય છે. અને નિયમ એવો છે કે અમે સંન્યાસીઓએ પ્રત્યેક સ્ત્રીને 'માતા' કહેવાનું હોય છે, પ્રત્યેક સ્ત્રીને અને નાની કન્યાને પણ અમારે 'માતા' કહીને સંબોધવાની હોય છે, એક જ રિવાજ છે. હું પશ્ચિમમાં આવ્યો ત્યારે પણ એ જૂની ટેવ ચાલુ રહેલી, એટલે હું

જ્યારે સ્ત્રીઓને 'હા, માતા !' એમ કહેતો ત્યારે તેમને આઘાત લાગતો. તેમને શા માટે આઘાત લાગતો તે હું સમજી શક્તો નહીં, પણ પાછળથી મેં કારણ શોધી કાઢ્યું. કારણ એ હતું કે એમ કહેવાથી તેનો અર્થ તેઓ વૃદ્ધ છે એવો થાય છે. ભારતમાં નારીનો આદર્શ છે માતૃત્ત્વઃ પેલી અદ્દભુત, નિઃસ્વાર્થ, સર્વસહિષ્ણુ, સદા ક્ષમાશીલ માતા. પત્ની તેની પાછળ ચાલે, છાયા પેઠે. તેણે માતાના જીવનનું અનુકરણ કરવું પડે, એ તેનું કર્તવ્ય છે. પરંતુ માતા પ્રેમનો આદર્શ છે, કુટુંબ પર તેની સત્તા છે, કુટુંબની માલિકી તેની છે. બાળક કંઈક તોફાન કરે ત્યારે ભારતમાં પિતા બાળકને ફટકારે અને તમાચો મારે છે, પણ માતા હંમેશાં બાળક



અને પિતાની વચ્ચે પડે છે. તમે જુઓ છો કે અહીં તદ્દન ઊલટું છે. આ દેશમાં બાળકને પિતાની વચ્ચે પડે છે. તમે જુઓ છો કે અહીં તદ્દન ઊલટું છે. આ દેશમાં બાળકને તમાચો મારવાનું કામ માતાનું છે અને વચ્ચે પડે છે બાપડો પિતા. તમે જોશો કે આ આદર્શો ભિન્ન ભિન્ન છે. આમ કહીને મારો ઈરાદો કોઈ જાતની ટીકા કરવાનો નથી. તમે જે કંઈ કરો છો તે બધું સારું છે, પણ અમને યુગોના યુગો થયાં જે શીખવવામાં આવ્યું છે કે એ અમારો માર્ગ છે. અમારે ત્યાં માતા બાળકને શાપ દેતી હોય એવું કદી તમે નહીં સાંભળો, તે ક્ષમા આપે છે, હંમેશાં ક્ષમા જ આપે છે. સ્વર્ગમાં રહેલા આપણા પિતાને બદલે અમે કાયમ મા કહીએ છીએ. એ ભાવના અને એ શબ્દ હિંદુના મનમાં કાયમને માટે અનંત પ્રેમ સાથે જોડાયેલ છે, આપણી આ નાશવંત દુનિયામાં માતાનો પ્રેમ ઈશ્વરના પ્રેમની સમીપમાં સમીપ છે. 'મા ઓ મા ! દયાળુ થા, હું દુષ્ટ છું ! બાળકો દુષ્ટ હોય છે, પણ માતા કદી દુષ્ટ નથી હોતી.' મહાન સંત રામપ્રસાદ આમ કહી ગયા છે.

આવી છે - હિંદુ માતા. સાસુ પૂત્રવધુને પુત્રી ગણીને આવકારે છે. જે રીતે માતાની પોતાની પુત્રીઓ પરણીને બીજે ઘેર ચાલી ગઈ, તેમ પોતાનો પુત્ર બીજાની પુત્રીને પરણીને ઘેર લાવે છે, અને આ નવવધૂએ માતાના ગૃહરાજ્ઞી તરીકેના તંત્રમાં તેને અનુકૂળ થવું પડે છે. જો કે જેઓ કદી લગ્ન કરતા નથી તેવા સંપ્રદાયમાંનો હોવાથી

**અમને યુગોના યુગો થયાં જે શીખવવામાં આવ્યું છે કે એ અમારો માર્ગ છે. અમારે ત્યાં માતા બાળકને શાપ દેતી હોય એવું કદી તમે નહીં સાંભળો, તે ક્ષમા આપે છે, હંમેશાં ક્ષમા જ આપે છે. આપણી આ નાશવંત દુનિયામાં માતાનો પ્રેમ ઈશ્વરના પ્રેમની સમીપમાં સમીપ છે. 'મા ઓ મા ! દયાળુ થા, હું દુષ્ટ છું ! બાળકો દુષ્ટ હોય છે, પણ માતા કદી દુષ્ટ નથી હોતી.'**

હું તો પરણ્યો નથી. છતાં ધારો કે હું પરણ્યો હોઉં, અને જો મારી પત્ની મારી માતાની અવગણના કરવાની હિંમત દાખવે, તો મને તેના પ્રત્યે તિરસ્કાર છૂટે, એમ શા માટે ? કારણ કે માતાને હું પૂજું છું. અને તો મારી સ્ત્રી પણ તેમ શા માટે ન કરે ? જેને હું પૂજું છું. અને તો મારી સ્ત્રી પણ તેમ શા માટે ન કરે ? જેને હું પૂજું તેને શા માટે ન પૂજે ? અને તો પછી મારા માથા ઉપર ચઢી બેસવાનો પ્રયત્ન કરનારી અને મારી માતા ઉપર સત્તા ચલાવનારી એ વળી કોણ ? તેનું નારીત્વ સફળ બને નહીં ત્યાં સુધી તેણે રાહ જોવાની છેઃ અને નારીત્વને સફળ બનાવનાર એક માત્ર વસ્તુ માતૃત્વ છે. ■



**રાજમોહન ગાંધી**
જાણીતા રાજનીતિજ્ઞ અને ગાંધીજીના પૌત્ર



# ત્યારે પાટીદારોએ જેલો ભરી હતી

ગાંધીજીની રવાનગી પછી રાજાજી પરના પત્રમાં વલ્લભભાઈએ ઉપાડવો પડતો બોજો અને તેમની નમ્રતાનાં દર્શન થાય છે. બાપુ ગયા છે અને મને એટલું એકલું લાગે છે કે શું કરવું તે સમજાતું નથી. તેમની ગેરહાજરીને કારણે સરકાર સાથે વાટાઘાટો ચલાવવાનો બોજો પણ મારે ઉપાડવો પડે છે. આવાં કામ મને જરા પણ ફાવતાં નથી, તેથી આ બોજો મારા માટે વધારે પડતો થાય છે. બાપુની ગેરહાજરી દરમિયાન તમે થોડો વખત પણ મારી સાથે રહી શકો તો મને ઘણી રાહત થાય. તેમણે સહમતી દર્શાવી છે પણ આ બાબતમાં મારે તમને લખવું તેવું તેમણે કહ્યું છે.

પણ રાજાજી પોતાનો પ્રાંત છોડી શકે તેમ ન હતું. પિકેટિંગ ચોતરફ ચાલી રહ્યું હતું, અને તેનું સંચાલન કરવું જરૂરી હતું. રાજાજીના દીકરી નામગિરિ ખૂબ બીમાર હતા. તેથી રાજાજીએ વલ્લભભાઈને લખ્યું, ‘મારે જે પ્રાંત સંભાળવાનો છે તેની અને મારા કુટુંબની પણ જવાબદારી સોંપી શકાય તેવું કોઈ નથી. તમે મારા પર નારાજ થશો નહીં. મને માફી આપશો.’

નાશિકના કલેક્ટર ગૉર્ડને કરેલી બારડોલી તપાસ

પણ ગોળમેજી પરિષદની માફક નિષ્ફળ નીવડી. મહેસૂલ ઉઘરાવવા માટે વધારે પડતું બળ વાપરવામાં આવ્યું હતું કે નહીં અને મહેસૂલ ખોટી રીતે પડાવી લેવામાં આવ્યું હતું કે નહીં, તે બંને બાબતની તપાસ ગોર્ડને કરવાની હતી. દેશના બાહોશ ધારાશાસ્ત્રીઓમાં જેમનો સમાવેશ થતો હતો તે ભૂલાભાઈ દેસાઈ આ તપાસ દરમિયાન કોંગ્રેસની રજૂઆત સંભાળતા હતા. સન ૧૯૩૧મા અદાલતી લડાઈ જીતવા માટેની વલ્લભભાઈની અદમ્ય ઈચ્છા અંગે સન ૧૯૮૭માં વી.કે.પટેલ નામના એક વૃદ્ધ માણસે કહ્યું-




ચોમાસું હતું અને વરસાદ જોર જોરથી પડી રહ્યો હતો. ૨૨ સાક્ષીઓ બારડોલી આવવાના હતા, તેમાંથી ૨૧ આવ્યા. એક સાક્ષીને તાલુકાના અધિકારીએ અટકાવી રાખ્યો હતો. તેને લાવવા માટે સરદારે મને હુકમ કર્યો. 'આવા વરસાદમાં જાઉં ? ' મેં પૂછ્યું. સરદારે કહ્યું કે, 'મરી જાઓ, પણ તેને લઈ આવો.' ગમે તેમ કરીને હું આ સાક્ષીને લઈ આવ્યો.

પણ સરકારના પોતાના સાક્ષીઓએ કરેલા બયાનને ટેકો આપે અથવા ખોટાં ઠરાવે તે માટે સરકાર પાસેના દસ્તાવેજોની રજૂઆત માટે અદાલતે હુકમ આપવો તેવી અરજી દેસાઈએ કરી ત્યારે ગોર્ડને આ વિનંતી ઠુકરાવી દીધી. આ કારણસર દેસાઈએ સલાહ આપી કે કોંગ્રેસ અને ખેડૂતોએ આ તપાસમાંથી ખસી જવું. ગોર્ડનનું વલણ પક્ષપાતી અને દુશ્મનાવટ ભર્યું છે, તેવું વલ્લભભાઈને પણ લાગતું હોવાથી દેસાઈની સલાહ સ્વીકારી લેવામાં આવી. સન ૧૯૩૧ના ઑક્ટોબરમાં એમર્સનને દિલ્હી લખેલા પત્રમાં મુંબઈના ગૃહમંત્રી કોલિન્સે સરદાર પ્રત્યેનો સરકારનો અણગમો પૂરેપૂરો દર્શાવ્યો છે.

મહેસૂલી બાબતોમાં વલ્લભભાઈ પટેલ પર લખેલા પત્રમાં તમે 'સરદાર' વિશેષણ વાપરો છો તે વાપરવાનો તેમને હક્ક નથી. ગુજરાતમાં સરકારે કેટલાક લોકોને 'સરદાર'નો ખિતાબ આપેલો છે. આ ગૃહસ્થો મોટી જાગીરના માલિકો છે અને તેમણે સરકારની નોંધપાત્ર સેવા બજાવી છે.

વાતાવરણ બગડી રહ્યું હતું. બંગાળની હિજલી જેલમાં અટકાયતીઓ પર ગોળીબાર થયો તેમાં બે અટકાયતીઓ હણાયા અને વીસ ગંભીર રીતે ઘાયલ થયા. આ ગોળીબાર માટે કોઈ વાજબી કારણ ન હતું તેવું ખુદ સરકારી તપાસમાં જણાઈ આવ્યા છતાં, ગોળીબાર કરનાર ટુકડીના આગેવાનને નિર્દોષ જાહેર કરવામાં આવ્યો. બંગાળના કેટલાક રાષ્ટ્રભક્તોએ ખુનામરકીનો માર્ગ અપનાવ્યો. તેનું વેર વાળવા માટે કેટલાંક ગોરાઓએ મવાલીઓને સાથ આપીને ચિત્તાગોંગના એક છાપખાના પર હુમલો કર્યો, તેના યંત્રો તોડી નાંખ્યા અને તેના કારીગરોને માર માર્યો. ચાર દિવસ સુધી ચિત્તાગોંગમાં મવાલીઓનું રાજ ચાલ્યું. સરકાર તેના પર અંકુશ રાખવા અસમર્થ હતી અથવા રાજી ન હતી. પછી નવેમ્બરની ૩૦મી તારીખે તમામ કાયદાઓ અને કાર્યવાહીને આવરી લેતો વટહુકમ બંગાળમાં અમલી બનાવવામાં આવ્યો.

ઉત્તર પ્રદેશના મથુરા જિલ્લામાં ગામલોકો અને કોંગ્રેસી કાર્યકરો પર લાઠીમાર કરવામાં આવ્યો. ઉત્તર પ્રદેશની સરકાર સાથે કોંગ્રેસ વાટાઘાટો ચલાવી રહી હતી તે પૂરી થાય ત્યાં સુધી આ પ્રાંતના ખેડૂતો મહેસૂલ આપવાનું માંડી વાળી શકે છે, તેવું સ્થાનિક કોંગ્રેસ સમિતિઓએ કહ્યું, ત્યારે સરકારે વાટાઘાટો રદ કરી. વિલિંગ્ડનના ગૃહમંત્રી એમર્સન સમક્ષ વલ્લભભાઈએ દરખાસ્ત મૂકી 'એક સાદી સમજૂતી કરવાનું બંને પક્ષો માટે શક્ય છે. સરકારે થોડો વખત વસૂલીનું કામ અટકાવવું અને લાગતનાં નાણાં ન આપવા માટે ખેડૂતોને સલાહ આપતો ઠરાવ કોંગ્રેસે મોકૂફ

રાખવો.' સરકારે આ દરખાસ્ત ફગાવી દીધી. લડત માટે ઉત્તર પ્રદેશ કૉંગ્રેસ સમિતિએ વલ્લભભાઈની પરવાનગી માગી ત્યારે તેમણે અનુભવથી ઘડાયેલી સલાહ આપી:

તમે આવું પગલું ભરો તે પહેલાં તેમાં સમાયેલાં તમામ પરિણામો પૂરેપૂરાં સમજી લેજો. ખેડૂતો, કાર્યકરો અને તેમનાં સગાંવહાલાંઓએ ખૂબ યાતના વેઠવી પડશે. વાતાવરણમાં સંપૂર્ણ અહિંસા જાળવવાનું અત્યંત જરૂરી છે. આ બધી બાબતોની પૂરેપૂરી વિચારણા કર્યા પછી પણ તમને ખાતરી હોય તો તમે જરૂર લડતનાં પગલાં ભરજો.

ઉત્તર પ્રદેશમાં મહેસૂલ ન આપવાની તમામ સંભાવના જડમૂળથી નાબૂદ કરવાનું સરકારે ઠરાવ્યું. ખેડૂતોને મહેસૂલ ન આપવાની સલાહ આપનારને ગિરફ્તાર કરી શકાય, મહેસૂલનો વિરોધ કરનાર લોકો જે વિસ્તારમાં આશરો પામતા હોય તેના પર સામુહિક દંડ નાખી શકાય, મહેસૂલ વિરુદ્ધના પ્રચાર માટે જે મકાનમાં તૈયારી થઈ રહી હોય તે મકાનની જડતી લઈ શકાય અને તેને કબજે પણ લઈ શકાય વગેરે જોગવાઈ ધરાવતો વટહુકમ બહાર પાડવામાં આવ્યો. આ સર્વગ્રાહી શાસ્ત્ર હતું. આવો વટહુકમ વાયવ્ય સરહદ પ્રાંતમાં પણ લાગુ પાડવામાં આવ્યો. પૂર્ણ સ્વરાજથી ઓછું કંઈપણ કૉંગ્રેસને સ્વીકાર્ય નથી તેવું ગફારખાને જાહેર કર્યું ત્યારે તેમણે આ વટહુકમનો ભંગ કર્યાનું જાહેર કરવામાં આવ્યું. પાછા ફરી રહેલા ગાંધીજી મધદરિયે હતા ત્યારે ગફારખાન અને તેમના ભાઈ દા.ખાનસાહેબની ધરપકડ કરવામાં આવી અને ખુદાઈ ખિદમતગારો પર ગોળીબાર કરવામાં આવ્યો. સરકારી આંકડા મુજબ ૧૪ જણ હણાયા. પણ રાષ્ટ્રીય લડત માટે સહાનુભૂતિ ધરાવનાર નૃવંશશાસ્ત્રી વેરિઅર એલ્વિન આ જગાએ ગયા અને તેમણે ઓછામાં ઓછા ૫૦ જણ મરાયા હોવાનું કહ્યું.



**'એક સાદી સમજૂતી કરવાનું બંને પક્ષો માટે શક્ય છે. સરકારે થોડો વખત વસૂલીનું કામ અટકાવવું અને લાગતનાં નાણાં ન આપવા માટે ખેડૂતોને સલાહ આપતો ઠરાવ કૉંગ્રેસે મોકૂફ રાખવો.' સરકારે આ દરખાસ્ત ફગાવી દીધી. લડત માટે ઉત્તર પ્રદેશ કૉંગ્રેસ સમિતિએ વલ્લભભાઈની પરવાનગી માગી.**

કૉંગ્રેસને છૂંદી નાખવાના સરકારી નિર્ધારની જાણ પાછા ફરી રહેલા ગાંધીજી પિલ્સાના આગબોટમાં બેઠા ત્યાર પહેલાં તેમને થઈ હતી. વલ્લભભાઈને આ વાતની ખબર આપતાં મહાદેવભાઈએ લખ્યું 'હવે તમારે તમારી તૈયારી કરી લેવી જોઈએ. આપણે કદાચ મળી નહીં શકીએ. તમને જરૂરી દેખાય તો પગલાં ભરજો.' પિલ્સાના બોટ મુંબઈ પહોંચી ત્યાર પહેલાં જવાહરલાલની ધરપકડ થઈ હતી. જવાહરલાલ અને ખાનભાઈઓની ધરપકડના સમાચાર પિલ્સાના બોટ પર પહોંચ્યા હતા, પણ ગાંધીજીને આ સમાચારો આપવામાં આવ્યા નહીં. રાજનીતિની જોડાજોડ સરકારની રીતભાત પણ પલટાઈ ગઈ હતી.

ડિસેમ્બરની અઠ્ઠાવીસમી તારીખે વલ્લભભાઈ ગંભીર ચહેરે મુંબઈ બંદરે પિલ્સાનાની રાહ જોઈ રહ્યા હતા. તેમણે ગુજરાતમાં શાંતિ જાળવી હતી અને પોતાની ધરપકડ કરવાનું બહાનું સરકારને આપ્યું ન હતું. કસ્તૂરબા અને રાજાજીને સાથે લઈને વલ્લભભાઈ લાંગરેલી પિલ્સાના બોટમાં ચડ્યા અને ગાંધીજીને બધા સમચાર આપ્યા. ગાંધીજીના સ્વાગત માટે વલ્લભભાઈ જોડે લોકોનું મોટું ટોળું આવ્યું હતું. એકઠાં મળેલા હિંદીઓ અને સંઘર્ષ નિવારવા આતુર અંગ્રેજોને મહાત્માજીએ જણાવ્યું કે, 'છેવટે તો સરકારે કૉંગ્રેસનો રસ્તો મોકળો કરી આપવો પડશે.' કૉંગ્રેસ કારોબારીએ ગાંધીજીને વિલિંગ્ડનની મુલાકાત માગવાની પરવાનગી આપી. આ મુલાકાતની માગણી કરતી વખતે ગાંધીજીએ વાઈસરૉયને જણાવ્યું કે 'કૉંગ્રેસ કારોબારીએ સવિનય કાયદાભંગની ચળવળ માટે કામચલાઉ યોજના ઘડી રાખી છે. ખુનામરકી અને ત્રાસવાદી તરકીબોને' કૉંગ્રેસ પૂરેપૂરી રીતે વખોડી કાઢે છે તેવું ગાંધીજીએ જણાવ્યું. આવી ગુનાખોરી કચડી નાખવા

માટે સરકારને હાર્દિક સહકાર આપવા અમે તૈયાર છે. પણ સરકારે કાયદેસર બનાવેલી જેરતલબી સામે પણ કૉંગ્રેસે વિરોધ કરવો રહ્યો.'




વિલિંગ્ડનને આ પત્રમાં ઉદ્ધતાઈ દેખાઈ. જાન્યુઆરીની ૪થી તારીખે સવારે વલ્લભભાઈ અને મહાત્માજીની ધરપકડ કરવામાં આવી. બીજા ફટકાઓ પણ લગાવવામાં આવ્યા કારોબારીના તમામ સભાસદોને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યા. સભાબંધી ફરમાવવામાં આવી. દરેક શહેર અને ગામડાના આગેવાન કૉંગ્રેસીઓને પકડી લેવામાં આવ્યા. તમામ સભાસરઘસો વિખેરી નાખવા માટે લાઠીમાર તેમ જ ગોળીબાર કરવામાં આવ્યો અથવા ઘોડેસવાર પોલીસો દોડાવવામાં આવ્યા. તમામ કૉંગ્રેસ કચેરીઓ, આશ્રમો અને છાવણીઓ પર હુમલા કરવામાં આવ્યા. અખબારી સેન્સરશિપ લાદવામાં આવી. આખા હિંદુસ્તાનમાં વટહુકમનું રાજ ચાલવા લાગ્યું. વિલિંગ્ડને પોતાના પ્રશંસકોને ખાતરી આપી કે મહિના દોઢ મહિનામાં બધે ઠેકાણે સંપૂર્ણ શાંતિ સ્થપાઈ જશે અને કૉંગ્રેસનું નામોનિશાન સાફ થઈ જશે. પણ હિંદુસ્તાને વળતો ફટકો માર્યો. આવા વટહુકમો અને પ્રતિબંધોનો હજારો લોકોએ સામનો કર્યો ઇરવિનના જમાનામાં સન ૧૯૩૦ની લડત પુરજોશમાં હતી ત્યારે જેટલા કેદીઓ જેલમાં હતા તેના કરતાં વિલિંગ્ડને વધારે લોકોને જેલમાં પૂર્યા હતા.

સરકારના હિંદી અધિકારીએ કહ્યું તેમ જેલો ઊભરાઈ રહી છે અને તે અટકાવવાનું વધારેને વધારે મુશ્કેલ થતું થાય છે. પોતાના ઉપરી અધિકારીઓ પાસે તેણે રજૂ કરેલી દરખાસ્ત તેની વફાદારી અને તેની દુષ્ટ બુદ્ધિ દર્શાવે છે. થોડા ફટકા મારવાનું વ્યવસ્થિત શરૂ કરવામાં આવે તો બહુ ખોટું નહીં ગણાય. ફટકા મારવાની રજા તો આપવામાં આવી નહીં, પણ તાળાને બદલે લાઠી વાપરવાનું સસ્તું જણાયું. સત્યાગ્રહીઓ અને વિરોધ ઉઠાવનાર લોકોને શેરીઓમાં લાઠીઓથી ટીપવામાં આવતા હતા, પણ જેલમાં લઈ જવાતા નહીં, કેટલા જણને માર પડ્યો તે કોઈ જાણતું નથી. પણ જેલમાં જનાર કરતાં માર ખાધો હોય તેવા લોકોની સંખ્યા ત્રણથી ચારગણી કરતાં ઓછી હોવાનો સંભવ નથી. સીતારામૈય્યાએ આપેલું પ્રમાણ સાચું હોય તો સન ૧૯૩૧ના જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં સરકારી પોલીસે ત્રણેક લાખ લોકોને લાઠીથી ફટકાર્યા હશે.

જાતે જોયેલી અને સાંભળેલી હકીકતો અને મહાદેવભાઈએ આપેલી ચેતવણીના પરિણામે વલ્લભભાઈએ પોતાની ધરપકડ થતાં અગાઉ થોડી તૈયારીઓ કરી રાખી હતી. કૉંગ્રેસ પ્રમુખ તરીકે તેના પોતાના અનુગામીઓની ક્રમવાર યાદી તેમણે તૈયાર કરી રાખી હતી- રાજેન્દ્રપ્રસાદ, રાજાજી, અન્સારી, સૈફુદ્દીન કિચલુ અને શાર્દુલસિંહ કવીશ્વરના નામ તેમણે ઠરાવ્યા હતાં. ગુજરાતના સાથીદારોને તેમણે ખરાબ સમાચાર સાંભળવા માટે સજ્જ કર્યા હતા. વલ્લભભાઈ અને મહાત્માજી જે દિવસે પકડાયા તે દિવસે જ- ૪થી જાન્યુઆરીએ- રવિશંકર મહારાજ અને આશાભાઈ પટેલે રાસમાં મહેસૂલ નકારવાની લડત ફરી શરૂ કરી દીધી હતી. બીજે દિવસે આશાભાઈ પટેલ અને રાસના ૧૪ અગ્રગણ્ય પાટીદારો જેલમાં પુરાયા. પણ વડોદરાનાં ગામડાંમાથી લોકોએ કૉંગ્રેસ કાર્યાલયો સંભાળવાનું, સત્યાગ્રહની પત્રિકાઓ બહાર પાડવાનું, બ્રિટિશ કબજા તળેનાં ઝંડા-સરઘસો કાઢવાનું અને સરકારે કબજે લીધેલા આશ્રમો પર ધાડ પાડવાનું શરૂ કરી દીધું. બારડોલી આશ્રમ અને તેના નાણાં જપ્ત કરી લેવામાં આવશે, તેવું



**વલ્લભભાઈ અને મહાત્માજી જે દિવસે પકડાયા તે દિવસે જ – ૪થી જાન્યુઆરીએ– રવિશંકર મહારાજ અને આશાભાઈ પટેલે રાસમાં મહેસૂલ નકારવાની લડત ફરી શરૂ કરી દીધી હતી. બીજે દિવસે આશાભાઈ પટેલ અને રાસના ૧૪ અગ્રગણ્ય પાટીદારો જેલમાં પુરાયા.**

જાણનાર વલ્લભભાઈએ પોતાની ધરપકડના આગલા દિવસે બેન્ક ઑફ ઈન્ડિયાની સુરત શાખામાં, આશ્રમના ખાતામાંથી રૂપિયા દસ હજારનો ચેક લખીને આશ્રમના મંત્રી ઉત્તમચંદ શાહને મોકલી આપ્યો. શાહે ચેક વટાવી લીધો.

સરકાર પણ તૈયાર હતી. સુરતમાં દમનનીતિ અતિશય સખત હતી. બારડોલી આશ્રમ સહિતનાં તમામ કેન્દ્રોમાંથી કૉંગ્રેસી કાર્યકરોને પહેરેલે કપડે કાઢવામાં આવ્યા. અંગ્રેજી સલ્તનત અને વડોદરાના સત્તાવાળાએ અગાઉ કરતાં વધારે સહકાર સાધ્યો અને હિજરતની રજા મળી નહીં. વડોદરા પોલીસે વડોદરા વિસ્તારના વિશરોલી ગામે ખેતરોમાં છાવણી નાખીને પડેલા ચાળીસ હિજરતીઓને જોયા ત્યારે તેમનાં ઝૂંપડાં તોડી નાખીને તેમને પાછા ધકેલી દેવામાં આવ્યા. ફેબ્રુઆરી સુધીમાં ખેડા જિલ્લામાં માત્ર છ ગામોએ મહેસૂલ ચૂકવવાનો ઈનકાર મોટા પ્રમાણમાં કર્યો. આમાંથી પાંચ ગામ બોરસદ તાલુકામાં એક માતર તાલુકામાં હતાં. સરકારી પોલીસો આ ગામ પર તૂટી પડ્યા. ખેડૂતોને નગ્ન કરીને માર મારવામાં આવ્યા પણ ખેડાનું રાસ અને બોરસદનું સુણાવ એ બંને ગામ અડગ રહ્યાં.

રાસનું ખમીર તોડી નાખવું તે સરકાર માટે પ્રતિષ્ઠાનો પ્રશ્ન થઈ પડ્યો. સન ૧૯૩૨માં રાસના ૧૮૯ રહેવાસીઓ જેલમાં હતા અને ૧૮૧૧ એકર જમીન જપ્ત થઈ હતી, તેમાંથી ૮૩૦ એકર જમીન વેચી નાખવામાં આવી હતી, જમીન ખરીદનાર નવા માલિકોને ગામલોકો હેરાન કરે નહીં તે માટે ઑક્ટોબરમાં વધારાની ૬૪ પોલીસ રાસમાં મૂકવામાં આવી. છતાં રાસ ગામે મહેસૂલ ભર્યું નહીં અને પાટીદાર ખેડૂતો ખાદી તૈયાર કરીને તેના આધારે પરણાવવાના પૈસા તેમની પાસે રહ્યા નહીં અને બીજાં ગામોમાંથી તેમના દીકરાઓનાં માગાં આવતાં બંધ થઈ ગયાં. તેમનું દુઃખ અને તેમની સહનશક્તિ અને પોતે આપેલાં પણ અધૂરાં રહેલા વચનનો બોજો વલ્લભભાઈના માનસમાં સન ૧૯૩૮ સુધી રહ્યો. સન ૧૯૩૮માં મુંબઈ પ્રાંતની પહેલી કૉંગ્રેસી સરકારે જપ્ત જમીનો પાછી સોંપવાનો કાયદો કર્યો. લડતમાં અણનમ રહેલા, પોતાના ગૌરવ માટે ઉત્કટ રીતે ઝઝૂમતા વલ્લભભાઈ અને મહાત્મા તરફ આવેશયુક્ત વફાદારી ધરાવતા અને છતાં ગાંધીજી તથા સરદારે દર્શાવેલાં જોખમોની અવગણના કરનાર રાસના ખેડૂતોને પોતાની જમીનો પાછી સોંપવામાં આવી. ■



# જીવનમાં સિદ્ધાંતની વાત આવે ત્યારે એક પટેલ તરીકે ક્યારેય સમાધાન નથી કર્યું

**– પ્રહલાદ પટેલ**

કોઈપણ કંપનીની શક્તિ તેની પાસે પડેલાં પૈસામાં નથી. પરંતુ મેનપાવરમાં છે. મેનપાવર વિશ્વસનિયતાથી ઊભો થાય છે, ગુડવિલથી ઊભો થાય છે. અમારે ત્યાં ૧૩૦૦ જણાંનો સ્ટાફ છે. પરંતુ અમે ક્યારેય જડ પ્રોટોકોલમાં માનતા નથી. કામ કરતી વખતે તો દરેકે દરેકના સ્તર પ્રમાણે અનુસરવું જ પડે પરંતુ સ્ટાફમાં કોઈને પણ કોઈ પણ પ્રકારની મોટી તકલીફ હોય તો કંપનીનો સામાન્ય માણસ પણ મારી પાસે વિના સંકોચે આવી શકે છે. હું દરેકને સાંભળું છું અને યોગ્ય રીતે નિર્ણય લઉં છું. પીએસપીના નાનામાં નાના મજૂરનું હિત પણ સચવાય છે. અમે જે લેબર કૉલોની બનાવી છે તેવી લેબર કૉલોની દરેક મજૂર ઈચ્છે છે. અમે જ્યાં પણ અમારા પ્રૉજેક્ટ લઈ જઈએ છીએ ત્યાં અમારા મજૂરો પણ અમારી સાથે આવવા તૈયાર થઈ જાય છે. કારણ માત્ર અમે તેમના મૂલ્યોને સમજીએ છીએ.



આમ તો સંપત્તિ સાથેની સરળતા દરેક પાટીદાર ઉદ્યોગપતિમાં સહજ રીતે છલકાય છે. પરંતુ પીએસપી ગ્રૂપના પ્રહલાદભાઈ પટેલમાં કંઈક વિશેષ દેખાય છે. ઇસ્કોન-આંબલી ઑફ રોડ



પર તેમનાં કૉર્પોરેટ હાઉસમાં તેઓ સહજ રીતે કોઈપણ નાના માણસને પણ સરળતાથી મળે છે. બિઝનેસના ફંડા આપણે ધારીએ છીએ એટલાં કપરાં નથી અને છતાં તેમાં મહેનત અને વિશ્વસનીયતા સિવાય કશું જ નથી, તેવું પ્રહલાદભાઈને મળીને સ્પષ્ટ થઈ જાય. જીવનમાં દરેક તબક્કે ક્રાંતિકારી વલણ અપનાવીને બાલાછડી સૈનિક સ્કૂલમાંથી અભ્યાસ કરીને જીવનને પણ શિસ્ત છતાં માનવતાના આગ્રહી એવા પ્રહલાદભાઈને મળવું એક અવસર છે.

જામનગરની સૈનિક સ્કૂલમાં અભ્યાસ કરીને આમ તો પ્રહલાદભાઈ એક આર્મિ અધિકારી બનવાની ઈચ્છા ધરાવતા હતાં પરંતુ કોઈ કારણોસર પારિવારીક સંજોગોને કારણે ના જઈ શક્યા. છતાં તેમના જીવનમાં શિસ્ત અને માનવતા હંમેશાં વણાયેલી રહી. ઘણીવાર વ્યક્તિ શિસ્તબદ્ધ એટલી હદે થઈ જતો હોય છે કે તેનામાંથી માનવતાનું મૂલ્ય ઘટતું જાય પરંતુ પ્રહલાદભાઈની સાથે બેસો ત્યારે ખ્યાલ આવે કે સમગ્ર ધંધાકીય સૂઝ માનવતા, શિસ્ત અને મૂલ્યોના આધારે જ વધે છે. ગુજરાતના ફલક પર દેખાતી મોટી ઈમારતો પર આજે પીએસપીનું નામ કંડારેલું છે. ગુજરાત હાઈકોર્ટ, સ્વર્ણિમ સંકુલ, સુરતનું ડાયમંડ બુર્સ કે પછી અમદાવાદનો સી.જી રોડ કે પછી ઝાયડસ કેડિલાનું કોર્પોરેટ હાઉસ જેવા સ્ટેટ આઈકોન પ્રહલાદભાઈના માનસપુત્રો જેવા સર્જનો છે. અને આગળ જતાં ભારતનું પાર્લામેન્ટ હાઉસ પણ તેમના નવા ક્રિએશન લિસ્ટમાં ઉમેરાશે.

**‘કોઈપણ કંપનીની શક્તિ તેની પાસે પડેલા પૈસામાં નથી. પરંતુ મેનપાવરમાં છે. મેનપાવર વિશ્વસનીયતાથી ઊભો થાય છે, ગુડવિલથી ઊભો થાય છે. અમારે ત્યાં ૧૩૦૦ જણાનો સ્ટાફ છે. પરંતુ અમે ક્યારેય જડ પ્રોટોકોલમાં માનતા નથી. કામ કરતી વખતે તો દરેકે દરેકના સ્તર પ્રમાણે અનુસરવું જ પડે**

એક સમય હતો જ્યારે સરકારના મોટા ગજાના ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ કામ મોટી કંપનીઓ અને નિશ્ચિત કંપનીઓ જ કરતી. પરંતુ પ્રહલાદભાઈની કાર્ય પદ્ધતિ અને સ્ટ્રેન્થફૂલ વર્ક દ્વારા આજે પ્રાઈવેટ ક્ષેત્રે પીએસપીનું નામ ખૂબ જ સન્માનથી લેવાય છે. સરકારમાં પણ આ કંપનીનો એક્કો બોલાય છે...કારણ માત્ર તેની સ્ટ્રેન્થ.

પ્રહલાદભાઈએ એક સિવિલ એન્જિનિયર તરીકે એક ફર્મમાં નોકરી કરી અને તે જ કંપનીમાં પોતાની સફળ કાર્યશૈલીને કારણે પાર્ટનર પણ બન્યા અને તેમણે થોડા જ વર્ષોમાં પીએસપી કંપનીની સ્થાપના કરી. આ આખી યાત્રામાં તેમણે હંમેશાં વિશ્વાસ સંપાદિત કરીને મિત્રોની શ્રેણી વધારીને પોતાના બિઝનેસનો વિકાસ કર્યો છે. પોતાની કાર્યશૈલી વિશે તેઓ જણાવે છે, ‘કોન્ટ્રાક્ટરે હંમેશાં નમ્ર જ રહેવું પડે. આપણે આખરે તો કોન્ટ્રાક્ટર છીએ. આપણે જડ વલણ ના દાખવી શકીએ. ઘણી વખત મોટા નિર્ણયો લેવાય ત્યારે મોટું નુકસાન પણ ભોગવવું પડતું હોય છે ત્યારે એક કોન્ટ્રાક્ટર તરીકે મન મોટું રાખીને જ આગળ ચાલીએ તો જ બિઝનેસ થઈ શકે છે. હું પોતે જ સાઈડ પર જઈને તપાસ કરીને જોઉં



ત્યારે મને શાંતિ વળે. ઘણીવાર મને જરા પણ કામ નબળું લાગે તો ભલે ખર્ચો વધારે થાય પણ તોડાવીને પણ ફરીથી કામ કરાવવાની મારી આદત છે. અને આ કારણોસર મારો સ્ટાફ પણ હવે કોઈપણ સંજોગોમાં નબળું કામ ચલાવી નથી લેતો.’

એક સામાન્ય ડેવલપરમાંથી રાષ્ટ્રીય ફલક પર રાતોરાત નથી આવી શકાતું. એના માટે ખૂબ જ મહેનત સાથે પોતાની જાતને સાબિત કરવી પડે છે. વળી ભારતમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને હ્યુજ ગવર્નમેન્ટ બિલ્ડિંગ બનાવવાના સ્તરે શાપોરજી અને એલએન્ડટી જેવી કંપનીઓની સામે એક પ્રૉફેશનલ વર્ક આપવાની પ્રહલાદભાઈની સામે મોટામાં મોટી ચેલેન્જ હતી. આ વિશે પ્રહલાદભાઈ જણાવે છે કે, ‘જીવનમાં ઘણીવાર એવા તબક્કા આવ્યા જ કરતા હોય છે ત્યારે કોઈપણ પ્રકારની શરમ રાખ્યા વગર શીખી લેવાની મારી વૃત્તિ હોય છે. એક સમય હતો જ્યારે મને એકાઉન્ટ અને એચઆરમાં ખબર નોતી પડતી પરંતુ આજે મને બધી જ ખબર પડે છે. શીખવાની વૃત્તિથી હંમેશાં વિકાસ થાય છે. વળી મને કોઈપણ કોમ્પ્લિકેટેડ કામ હોય તો તેને સરળ બનાવવાની આદત છે. જ્યારે મેં સુરતનો પ્રૉજેક્ટ હાથમાં લીધો ત્યારે મારું રુટિન તેના કરતાં ત્રીજાભાગનું કામ કરવાનું હતું પરંતુ મેં તેમને મારી કાર્યશૈલી સમજાવી તો ક્લાયન્ટ ૨૦૦૦ કરોડનો પ્રૉજેક્ટ મારી સાથે કરવા માટે તૈયાર થઈ ગયા. આજે અમે ત્યાં રોજનું સિત્તેર ટન સ્ટીલ ઉતારીને કામ કરી રહ્યા છીએ, રોજની એકસોને વીસ ગાડી કોંક્રીટ જ્યારથી કામ શરુ કર્યું ત્યારથી આવે છે. આટલા મોટા ગજાનું કામ અમે વિશ્વસનીયતા અને શ્રેષ્ઠ ટીમથી પૂરું પાડી શક્યા છીએ. હું માણસથી જીતું છું એ વાત નક્કી છે.’

**કોન્ટ્રાકટરે હંમેશાં નમ્ર જ રહેવું પડે. આપણે આખરે તો કોન્ટ્રાકટર છીએ. આપણે જડ વલણ ના દાખવી શકીએ. ઘણી વખત મોટા નિર્ણયો લેવાય ત્યારે મોટું નુકસાન પણ ભોગવવું પડતું હોય છે ત્યારે એક કોન્ટ્રાકટર તરીકે મન મોટું રાખીને જ આગળ ચાલીએ તો જ બિઝનેસ થઈ શકે છે. હું પોતે જ સાઈડ પર જઈને તપાસ કરીને જોઉં ત્યારે મને શાંતિ વળે.**

પોતાના જીવનની વાત આગળ વધારતા પ્રહલાદભાઈ જણાવે છે, ‘જ્યારે ઘર નોતું ત્યારે મેં પહેલાં ગોડાઉન ખરીદ્યું હતું. એ પછી ૨૦૦૯માં ઑફિસ લીધી હતી. આમ બિઝનેસ અને વ્યવહારોને હંમેશાં પહેલી પ્રાયોરિટી આપી છે. મારી દરેક સાઈટ પર મજૂરોથી લઈને એન્જિનિયરોનો પગાર નિયમિત તેમના ખાતામાં જમા થઈ જાય છે. કોઈપણ મજૂર આવે એટલે તેને તમામ પ્રકારના લાભ આપવામાં આવે છે. કોઈ દુર્ઘટનાવશ ક્યારેક કોઈ ઘટના બને ત્યારે પણ અમે ફ્લાઈટનો ઉપયોગ કરીને જે તે મજૂરના પરિવાર સુધી સંપર્ક કરીએ છીએ. અમો








ટેક્નૉલોજીમાં પણ એવા ઈઆરપી સૉફ્ટવેર વાપરીએ છીએ જેના દ્વારા એકાઉન્ટ અને મેનેજમેન્ટના દરેક સ્તરે નાની ખીલીનો પણ હિસાબ આમતેમ નથી થતો અને દરેક અઠવાડિયે દરેક મજૂરને તેના પૈસા મળી જાય છે. આમ કરતાં કરતાં આજે અમે ૧૨૨ પ્રૉજેક્ટ સફળતાપૂર્વક પૂરા કર્યા છે.'

**મારી દીકરી પૂજાએ સિવિલ ક્ષેત્રે આવવાની વાત મૂકી તો મેં સહર્ષ સ્વીકારી. મારી દીકરીએ છ વર્ષ સુધી સાઈટ કરી અને તેની કુશળતાથી તેણે એવું વાતાવરણ ઊભું કર્યું કે સેપ્ટની અમારી એક આખી સાઈટ દીકરીઓ સંભાળે છે. મેં પણ મારા બાળકોને એટલી જ સલાહ આપી છે કે તમારી ભૂલો સ્વીકારો અને આગળ વધો.**

મારે એક દીકરો અને દીકરી છે. એ ભણતા ત્યારે તેમણે સિવિલ સિવાય કોઈ વાત જ નથી સાંભળી. સવારે જઉં અને રાત્રે આવું. એ લાઈફ એમણે જોઈ છે. પણ મેં તેમને ક્યારેય કોઈ વાતનો ફોર્સ નથી કર્યો. મારી દીકરી પૂજાએ સિવિલ ક્ષેત્રે આવવાની વાત મૂકી તો મેં સહર્ષ સ્વીકારી. તેણે સાઈટ સંભાળવાની વાત કરી ત્યારે ઘણાં મને એવું પણ કહેતાં કે આ તો દીકરી છે. પણ મારે મન તો દીકરા-દીકરી એક સમાન છે. મારી દીકરીએ છ વર્ષ સુધી સાઈટ કરી અને તેની કુશળતાથી તેણે એવું વાતાવરણ ઊભું કર્યું કે સેપ્ટની અમારી એક આખી સાઈટ દીકરીઓ સંભાળે છે. આમ એનું આગમન પણ અમારા માટે એક સામાજિક સુધારાનું માધ્યમ બન્યું. આજે એક એક્ઝિક્યૂટિવ ડિરેક્ટર તરીકે તે બધું જ હેન્ડલ કરી શકે. મેં પણ મારા બાળકોને એટલી જ સલાહ આપી છે કે તમારી ભૂલો સ્વીકારો અને આગળ વધો. અત્યાર સુધીમાં મેં ત્રણ હજાર કરોડના કામ કર્યા હશે અને ક્યાંય કશું જ ચલાવી લેતો નથી. એક પટેલ તરીકે મારા પ્રિન્સિપલમાં ક્યારેય બાંધછોડ કરતો નથી.'

પ્રહલાદભાઈના જીવનમાં પ્રકાશ પાડીએ તો તેઓ સતત કર્મઠ જીવન જીવીને હંમેશાં પોતાના સ્ટાફ સાથે જ સમય પસાર કરે છે. જીપીબીએસ-૨૦૨૦માં તેમણે સ્પોન્સરશીપ સાથે જ સમાજ સમક્ષ પોતાની દીકરી પૂજા પટેલનું એક એવું ઉદાહરણ મૂક્યું છે જે સમગ્ર પાટીદાર સમાજ માટે એક પ્રેરણા કહી શકાય. પૂજા પટેલ પણ પોતાના પિતાના પગલે એ તમામ ધોરણોને અનુસરે છે જે તેમને ગળથૂથીમાં મળ્યા છે. પૂજા પટેલ વિશે વાત કરતાં પ્રહલાદભાઈ જણાવે છે કે, 'બારમા ધોરણ સુધી તે એવરેજ વિદ્યાર્થિની હતી. મારો દીકરો પણ એવરેજ હતો. પરંતુ જેવું તેમને આર્કિટેકનાં ક્ષેત્રમાં ભણવાનું મળ્યું ત્યારે તેમણે મને રોજેરોજ પ્લાનિંગ કરતો જોયો હતો. જેના કારણે તેઓ થ્રુ આઉટ ડિસ્ટિંક્શન લાવતા થઈ ગયા. આજે પૂજા અમારો ૧૩૦૦ કર્મચારીઓનો સ્ટાફ ઉપરાંત ૧૫૦૦૦ જેટલાં મજૂરો સહિત સાઈટોને જુએ છે.'

આજે પીએસપી એટલે પ્રહલાદભાઈ શિવરામભાઈ પટેલ એક એવી શાખ છે જે સરકારથી લઈને દેશના સામાન્ય મજૂર માટે એક વિશ્વાસનો પાયો બની ગઈ છે.



# સરદારધામ વિશ્વ મહિલાદિનની ઉજવણી

## વિશ્વ મહિલા દિને રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર ઝોનની ભવ્ય ઉજવણી

સરદારધામ સૌરાષ્ટ્ર ઝોન દ્વારા તા.૭મી માર્ચ ૨૦૨૦ના રોજ વિશ્વ મહિલાદિન નિમિત્તે એક સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં રાજકોટની પાટીદાર સમાજની મહિલાઓએ હાજરી આપીને એ સાબિત કરી દીધું કે પાટીદાર સમાજની મહિલાઓને પણ રાષ્ટ્ર નિર્માણથી સમાજ નિર્માણના અભિયાનમાં તાલાવેલી છે. આ પ્રસંગે ગુજરાતના જાણીતા વક્તા અને લેખિકા કાજલ ઓઝા વૈદ્યનું ખાસ વક્તવ્ય રાખવામાં આવ્યું હતું.

માત્ર રાંધવું, બાંધવું અને સાંધવું માત્ર નહીં પરંતુ તેમાંથી આગળ આવીને વિકાસના કાર્યોમાં પાટીદારની મહિલા શક્તિ પણ સમ્મિલિત થાય તે માટેનો આ એક સુંદર પ્રયત્ન હતો. આ કાર્યક્રમના આયોજનમાં સરદારધામ ઉપપ્રમુખ શ્રી પરેશભાઈ ગજેરા ઉપરાંત સમાજના અનેક અગ્રણીઓ સહયોગ આપીને સમગ્ર કાર્યક્રમને ચેતનવંતો બનાવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત ગુજરાતના ભાતીગળ ગીતો જેવા કે ઉંબરે ઊભી સાંભળું રે બોલ વાલમના...કે પાટણથી પટોળા મોંઘા લાવજોથી થઈ હતી. સરદારધામની પ્રણાલી અનુસાર દીપ પ્રાગટ્ય અને એ પછી રાષ્ટ્રગાનના સૂરો સાથે સમગ્ર કાર્યક્રમની ધૂરા મહિલાઓ સંભાળી હતી. એન્કરિંગથી લઈને આભાર સુધીની તમામ પ્રક્રિયાઓમાં પાટીદાર બહેનોએ સુંદર સંયોજન કરીને સમગ્ર સૌરાષ્ટ્ર ઝોનની મહિલાઓને સાંકળી હતી.

**માત્ર રાંધવું, બાંધવું અને સાંધવું માત્ર નહીં પરંતુ તેમાંથી આગળ આવીને વિકાસના કાર્યોમાં પાટીદારની મહિલા શક્તિ પણ સમ્મિલિત થાય તે માટેનો આ એક સુંદર પ્રયત્ન હતો.**

સૌરાષ્ટ્ર ઝોન યુવા તેજસ્વિની કન્વીનર શ્રીમતી શર્મિલાબેન બાંભણિયા, શ્રી મતી જ્યોતિબેન ટીલવા, કાર્યક્રમના કોર્ડિનેશનમાં રાજકોટ જિલ્લા યુવા તેજસ્વિની કન્વીનર શ્રીમતી વૈશાલીબેન સોરઠિયા, રાજકોટ શહેર સહકન્વીનર શ્રીમતી ભાવનાબેન રાજપરા, શ્રીમતી કાંતાબેન ફળદુ, રાજકોટ શહેર કન્વીનર જાગૃતિબેન ઘાડિયા અને શ્રીમતી અનિલાબેન દુધાત્રાના સુંદર સહયોગ દ્વારા સમગ્ર કાર્યક્રમને સુંદર ઓપ આપવામાં આવ્યો હતો.




આ પ્રસંગે મહિલા અગ્રણી શ્રી જ્યોતિબેન ટીલવાએ સૌને શુભેચ્છાઓ પાઠવીને પાટીદાર સમાજની નારીશક્તિમાં કેવી કેવી સુષુપ્ત શક્તિઓ પડી છે તે વિશેની વાત કરી હતી. સમગ્ર કાર્યક્રમમાં સમાજના સ્તંભ સમાન એવા શ્રી નાથાભાઈ કાલરિયા, શ્રી વલ્લભભાઈ સતાણી અને શ્રી જગજીવનભાઈ સખિયાનું મહિલા સમિતી વતી સન્માન કરવામાં આવ્યું હતું.

શૂરા અને સંતની ભૂમિ સૌરાષ્ટ્રના રાજકોટ શહેરમાં પાટીદાર સમાજની દીકરીઓએ સુંદર તલવાર રાસ રજૂ કરીને શક્તિના સ્વરૂપને વધુ નિખાર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સ્ટેજ સંચાલન શ્રી અરુણાબેન પટેલે કર્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે દિવસ-રાત મહેનત કરીને આમંત્રણથી લઈને આભાર વિધી સુધી લગભગ ૨૫૦ કાર્યકરોએ પોતાનો કિંમતી સમય, ઊર્જા અને આર્થિક સહયોગ પણ આપ્યો હતો.

આ પ્રસંગે જાણીતા લેખિકા-વક્તા કાજલ ઓઝા વૈદ્યે ખાસ અનુરોધ કર્યો હતો કે, જેમણે દીકરી દત્તક લીધી તેમને મારા ખાસ પ્રણામ. શર્મિલાબેનને સાંભળ્યા પછી મને એક વાત સમજાઈ છે કે અહીંની દરેક સ્ત્રી ઊભી થઈને બોલી શકે એટલી મજબૂત છે. અહીંયા મને બોલાવવાની જરૂર જ નથી. મજાની વાત એ છે કે મારે દીકરી નથી, એટલે હું પણ એક દીકરી અહીંથી દત્તક લઉં છું. પાટીદાર બહેનો દરેક જગ્યાએ પોતાનું માનીને જોડાઈ જ જાય. એ ક્યારેય કોઈપણ વસ્તુને પારકું નથી ગણતી. જે જગ્યાએ જાય, જ્યાં જાય ત્યાં તે પોતાનું માનીને કામ કરે છે. આ ખાસિયત પટેલની દીકરીઓમાં છે. મારા દીકરાને હંમેશાં કહું કે વહુ લાવવી તો પટેલની લાવવી. અબજો પતિની દીકરી હોય એય તમને બાજરીનો રોટલો બનાવીને ખવરાવે. આટલા છાત્રાલયો, આટલી હૉસ્ટેલો ખોલી છે પણ પાટીદારોના વડીલોએ વૃદ્ધાશ્રમ નથી જોયા. સ્ત્રી એ રંગ છે. સંબંધનો રંગ, દુનિયાનો રંગ, કેટલાય રંગ. તેનામાં ઘણા રંગો છે. સફેદમાં પણ એક સ્ત્રીએ પણ એટલી કળાથી સાડી પહેરી હોય. સાદી દાળ બનાવે ને તેમાંય કમાલ કરે. સજાવે તો એવું સજાવે કે તમને એમ થાય કે વાહ.

સ્ત્રીમાં ત્રણેય ગુણો છે... સત્વ, રજસ અને તમસ. જે સ્ત્રીની પ્રકૃતિમાં ત્રણેય ગુણો છે. જ્યારે સ્ત્રીને બનાવવામાં

**મારા દીકરાને હંમેશાં કહું કે વહુ લાવવી તો પટેલની લાવવી. અબજો પતિની દીકરી હોય એય તમને બાજરીનો રોટલો બનાવીને ખવરાવે. આટલા છાત્રાલયો, આટલી હૉસ્ટેલો ખોલી છે પણ પાટીદારોના વડીલોએ વૃદ્ધાશ્રમ નથી જોયા. સ્ત્રીમાં ત્રણેય ગુણો છે... સત્વ, રજસ અને તમસ.**



આવી ત્યારે તેને ક્ષમા, ધીરજ, સ્નેહ આપ્યો પણ સાથે નિંદા પણ છે. આ બધાં સ્ત્રીઓના ગુણો છે. આપણે કયો ગુણ વધુ બહાર કાઢવો છે અને કયો દબાવવો છે એ આપણાં હાથમાં છે. વખાણવામાં પણ સ્ત્રી કોઈને પહોંચવા દેતી નથી. આ સ્ત્રીની આવડત છે. સ્ત્રીમાં વ્યક્તિને મોટા કરવાની આવડત છે. નાનકડું બચ્ચું સ્કૂલેથી આવે અને મા તેને એવી રીતે શબ્દોથી શણગારે કે તમને નવાઈ લાગે. પપ્પા બહારથી આવે ત્યારે દીકરી ફડાક લઈને ઊભી થઈને પાણી લઈને આવે. આ સ્ત્રીની પ્રકૃતિ છે. આ સ્ત્રીની અંદરની આવડત છે. હું બહુ વિચારતી હતી અને થતું કે શું બોલીશ. પાટીદાર બહેનોને શીખવવા જેવું કંઈ છે જ નહીં. પાટીદાર મહિલાઓ સર્વગુણ સંપન્ન બહેનો છે. તમે ગમે તે ટાઈમે ઘેર જાઓ તો ફટાફટ રસોઈ બનાવી નાંખે. એ જાદુ કરે છે. મેં અનેકવાર આ અનુભવ કરેલા છે. દિલદાર પણ છે. એકવાર તમે કોઈની સાડીના વખાણ કરો તો તે તેમને આપી દે. આપણે કહેવું પડે કે તમારે જોઈએ છે એટલે વખાણ નથી કર્યા પણ તે આપી દે. આ દિલદારી પાટીદાર સ્ત્રીમાં વણાયેલી છે. આ તમને સારું લગાડવા કે મસકા મારવા નથી કહેતી. પતિ બરાબર ન કમાતો હોય તો પણ પાટીદારની દીકરી રૂ. ૫૦૦માં ય ઘર ચલાવે અને રૂ.પાંચ લાખમાંય ઘર ચલાવે. ક્યારેય તે પાડોશમાં માગવા ના જાય. આ પ્રેમ અને આ સ્નેહ અને આ આવડત પાટીદાર સ્ત્રીઓની ખાસિયત છે. પાટીદાર સાથે દિલદાર શબ્દ મળે છે. સાવ નાનકડી છોકરી હોય અને મમ્મી કહે કે આટલું કરવાનું છે તો તે કરે. કેટલી મજાની આ કોમ્યુનિટી છે. દીકરીને ભણાવવા માટે જેટલી મહેનત અને દાનના ખ્યાલ સાથે જે કામ થઈ રહ્યું છે. આપણે પણ તેમાં કશુંક ઉમેરવાનું છે, કશુંક બદલવાનું છે અને કશુંક અપગ્રેડ કરવાનું છે. બીજી એક મહત્ત્વની વાત એ છે કે તમે સવારના પહોરમાં બારણું ખોલો ત્યાં તમે કચરો ક્યાં ફેંકો છો તેમ મોબાઈલના મેસેજ પણ આપણે બીજાને ત્યાં નાંખીએ છીએ. દીકરીને આપણે મોબાઈલ માટે ના પાડીએ છીએ અને આપણે મોબાઈલ છોડતા નથી.

પાટીદાર મહિલાઓની ખાસિયત અનેક છે. મારા એક પરિચિત બહેન. અનેક પ્રકારના મસાલા, અથાણાં, પાપડ બનાવે અને મને આપી જાય. તેમના પતિને અચાનક શેરબજારમાં નુકસાન થયું ત્યારે તેમણે મને કહ્યું કે...ગમે તે કરો અને મને નોકરી અપાવો....હું દસ ધોરણ પાસ એક ચાળીસ વર્ષની મહિલાને કેવી રીતે નોકરી અપાવું. પણ તેમણે પોતાની આવડતથી ગૃહઉદ્યોગ જમાવ્યો. આ તાકાત છે પાટીદાર મહિલાઓમાં. પાટીદાર મહિલાઓમાંથી ઘણું શીખવા જેવું છે.

**પાટીદાર બહેનોને શીખવવા જેવું કંઈ છે જ નહીં. પાટીદાર મહિલાઓ સર્વગુણ સંપન્ન બહેનો છે. આ પ્રેમ અને આ સ્નેહ અને આ આવડત પાટીદાર સ્ત્રીઓની ખાસિયત છે. પાટીદાર સાથે દિલદાર શબ્દ મળે છે. સાવ નાનકડી છોકરી હોય અને મમ્મી કહે કે આટલું કરવાનું છે તો તે કરે. કેટલી મજાની આ કોમ્યુનિટી છે.**

## વડોદરા ખાતે સરદારધામ – મધ્ય ઝોન

વિશ્વ મહિલા દિન નિમિત્તે તા.૮મી માર્ચ ૨૦૨૦ના રોજ સરદારધામ વડોદરા દ્વારા મધ્ય ઝોનની પાટીદાર મહિલાઓ દ્વારા વિશ્વ મહિલા દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત શ્રી પારુલભાઈ કાકડિયાએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે આગામી સમયમાં વડોદરા પણ સરદારધામ-મધ્ય ગુજરાત માટે નિમિત્ત બની રહ્યું છે ત્યારે આપણે સૌએ એક થઈને ઉદાર હાથે આ આવેલી તકને વધાવી લેવાની છે.

આ અંગે અહીંના જાણીતા મહિલા અગ્રણી શ્રીમતી તેજલબેન અમીને જણાવ્યું હતું કે બે વર્ષ પહેલાં હું અમદાવાદ ગગજીભાઈને મળેલી અને એવું થતું કે આપણને ક્યારે લાભ મળશે. અત્યારે આપણે ત્યાં પણ સરદારધામ થવા જઈ રહ્યું છે તે માટે આપને ખૂબ ખૂબ અભિનંદન. મારા તરફથી કોઈપણ પ્રકારની મદદની આવશ્યક્તા હોય તો હું હાજર છું. હું પણ આપની જેમ જ શીખી રહી છું. ગબડીએ, ચાલીએ અને દોડીએ એવું જ ચાલ્યા કરે. મારા પિતા અને પતિએ સમાજને ખૂબ સહકાર આપ્યો છે. તે સૌની હું ખૂબ ઋણી છું. આપણે આપણા વિચારોને સાકાર કરવા છે. મહેનત કરવી પડે, શોર્ટકટ છે જ નહીં.

આ પ્રસંગે શ્રી ગગજીભાઈ સુતરિયાએ જણાવ્યું હતું કે મેં એવો સંકલ્પ કર્યો હતો કે જે દિવસે અહીં સરદારધામનો સંકલ્પ દ્રઢ થશે ત્યારે જ પગ મૂકીશ. અને આજે એ સંકલ્પ ફળીભૂત થઈ રહ્યો છે. સરદારધામ એ માત્ર ઈમારત નથી પરંતુ સંકલ્પ છે. વડોદરાની ભૂમિ પર આ સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે તે જોતાં મન હર્ષોલ્લાસથી ઉભરાય છે. આ

સમગ્ર ટીમ અભિનંદનીય છે.

આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે ખાસ પધારેલા ડૉ. શ્રી ગોવિંદભાઈ ધોળકિયાએ તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે સફળતા એ સામુહિક છે. આપણી સાથે અન્યનું સારું થાય એમાં સફળતા છે. બધાંના સુખ માટે આપણે ભેગા થયા છીએ. આપણે સૌ ભેગા થયા છીએ. સૌનું ઉત્થાન કરવું હોય એમણે પોતાનું ઉત્થાન કરવું પડે. જેને બીજાનું ઉત્થાન કરવું હોય તેણે પોતાનું ઉત્થાન કરવું પડે. અમારે એક મિત્ર હંમેશાં કહે કે ભગવાન સૌનું સારું કરજો અને શરૂઆત મારાથી કરજો.

આપણે અત્યારે ગોવિંદકાકાને જેમને સાંભળવાના છે એ સ્પીચ નથી, લેક્ચર નથી પણ સત્સંગ છે. મારે જ્યારે વાતો કરવાની હોય અને સત્સંગ કરવાનો હોય ત્યારે મિનિમમ સમય દોઢ કલાક છે. હું દોઢ કલાક બોલીશ તો મને કહેવામાં આવ્યું કે પિસ્તાળીસ મિનિટ જ બોલવાનું છે. પિસ્તાળીસ મિનિટે તમને પૂછીશ કે સમય પતી ગયો છે.... વાતો કરવી છે ? અત્યારે હીરાનું નવ હજાર કરોડનું ટર્નઓવર છે. અમે સાવ નાનેથી આગળ આવ્યા છીએ. મારો પહેલો પગાર રૂ.૧૦૩નો હતો અને છેલ્લો પગાર રૂ.૬૦૦ હતો આજે




**મહિલાઓ વિશે ભગવાન કૃષ્ણે કહ્યું છે કે પુરુષો કરતાં સાત ગણા ગુણો વધુ છે. તે મેધાવી છે, સ્મૃતિવાન છે, ક્ષમાવાન છે. સ્ત્રી હસતાં હસતાં રડી શકે છે અને રડતાં રડતાં હસી શકે છે. તે ક્ષમાનું સ્વરૂપ છે. આજે મહિલા દિવસને હિસાબે તમારી મહત્તા સમજજો અને તમે ખૂબ મહત્ત્વના છો.**

અમારી કંપનામાં પાંચ હજાર માણસો કામ કરે છે અને લગભગ દોઢસો દેશોમાં એક્સપોર્ટ થાય છે. એનાથી વધારે કંપનીનું મૂલ્ય છે. કંપનીનું કામ ઓનલાઈન પંચોતેર ટકા છે. લોકો જોયા વગર અમારા હીરા ખરીદે છે. સાત હજાર કરોડના હીરા જોયા વગર વેચાય છે. અને પસંદ ના પડે તો તમારે બે મહિના સુધી પાછો મોકલવાનો કાયદો છે. ૨૦૦૭થી ઓનલાઈન બિઝનેસ ચાલુ કર્યો અત્યારે કંપનીનું મૂલ્ય એ છે કે હજી સુધી એક પણ હીરો પાછો આવ્યો નથી. કંપનીનું મૂલ્ય એ છે કે અમારી પ્રિમાઈસીસમાં ક્યાંય કોઈ ઊંચા અવાજે બોલતું નથી અને પ્રેમ સિવાય કશું જ નથી. નફરતને કોઈ સ્થાન નથી. અમારે ત્યાં કોઈને પણ મળવું હોય તો મળી શકે. બધાં સાથે ભોજન કરીએ છીએ અને અહીં કોઈ બોસ નથી પણ ફેમિલી કંપની છે. અમારી કંપનીમાં એક સેન્ટેન્સ છે કે તમે વ્યસન છોડો કાં તો કંપની છોડો. આપણને ઈશ્વરે આપ્યું છે તેમાં માણસ ઢોળાઈ જાય છે. માણસ છકી ના જાય એ જોવાની જરૂર છે. ચાંદીની ચમચી કે સોનાની ચમચીથી જન્મ્યા છે તેમના માટે આપણે ધ્યાન રાખવાનું છે. મોટા ભાગે માતાઓને ખાસ એવું હોય કે મારો દીકરી કે દીકરા જેવું





કોઈ હોશિયાર નથી. અમે અમારા બાળકોને એક મહિનો અજ્ઞાતવાસમાં મોકલીએ છીએ. કૉલેજીયન છોકરાઓને ટિકિટ આપીને મોકલી દઈએ છે જ્યાં તે ઘડાય છે.

એક પરિવાર કેવી રીતે સાથે રહે ? તમે બાળકોને સમય પૂરો આપો. ક્યારેય બાળકોને એકલા ના મોકલશો. બાળકો રાતે બાર વાગે જન્મદિવસ ઉજવવા જાય છે. અમે તેની સાથે જ જઈએ છીએ. અમે યુવાનોને એકલા પડવા દેતા નથી. અમે તેમની દરેક બાબતોમાં તેમને સાથ આપીએ છીએ. આપણું મનગમતું મળી જાય તેને આપણે સફળતા કહીએ છીએ. ભારતમાં રોજ સાડા છ હજાર લોકો કાર એક્સિડેન્ટમાં મરી જાય છે. સુખ સમજણમાં છે. વસ્તુમાં નથી. ભગવાનની દયાથી અમારી પાસે બસોથી વધારે કાર છે, તમને જે નામ આવડે તે પણ છે અને પ્લેન પણ છે. પણ આ એકેયમાં સુખ નથી. આ રોલ્સરોઈસમાં કે પ્લેનમાં સુખ નથી. સાચું સુખ તો મનમાં છે. રોલ્સરોયસથી જો માન મળતું હોય તો તે રોલ્સરોયસ માન છે. એક સમયે અમારું કામ પચીસમાં નંબરે હતું. પરંતુ ધીમે ધીમે અમે મહેનતથી આગળ વધ્યા. આપણી બેલેન્સશીટ એ આપણી મૂડી નથી. ટાટા, બિરલા કે રિલાયન્સ દસ હજાર કરોડ લઈને આવે તો પણ તે સક્ષમ નથી. આપણું ઈન્ફ્રાસ્ટ્રક્ચર એ આપણી મૂડી છે.

હવે વાત કરું મહિલાઓની. મહિલાઓ વિશે ભગવાન કૃષ્ણે કહ્યું છે કે પુરુષો કરતાં સાત ગણા ગુણો વધુ છે. તે મેધાવી છે, સ્મૃતિવાન છે, ક્ષમાવાન છે. સ્ત્રી હસતાં હસતાં રડી શકે છે અને રડતાં રડતાં હસી શકે છે. તે ક્ષમાનું સ્વરૂપ છે. આજે મહિલા દિવસને હિસાબે તમારી મહત્તા સમજજો અને તમે ખૂબ મહત્ત્વના છો.

## કેળવણીધામ ખાતે વિશ્વ મહિલા દિનની ઉજવણી

કેળવણીધામ ખાતે તા.૬ઠ્ઠી માર્ચ વિશ્વ મહિલા દિનની ઉજવણી નિમિત્તે સમાજની દીકરીઓમાં કન્યા કેળવણીની મહેક પ્રસરે તે માટે જાણીતા કલાકાર પ્રિયંકા બાસુ અને તેમના વૃંદ દ્વારા એક સુંદર સંગીતમય કાર્યક્રમની રજૂઆત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કેળવણીધામ અને સરદારધામના ટ્રસ્ટી શ્રીઓ, વિદ્યાર્થિનીઓ, વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. આ પ્રસંગે અમદાવાદ સ્થિત વિવિધ ક્ષેત્રોમાં વિશેષ પ્રદાન આપનારી મહિલા વિશેષ પ્રતિભાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સૌ પ્રતિભાઓએ મહિલા દિન નિમિત્તે પોતાના વિવિધ મંતવ્યો રજૂ કર્યા હતા.

આ પ્રસંગે ખાસ દીકરી સ્વાવલંબી યોજનાને પ્રોત્સાહન આપીને સૌને સાંકળવાનો પ્રયત્ન કર્યો હતો. રોજનો રૂપિયો એક દીકરીઓ વિક્સે અનેક....ના સિદ્ધાંત સાથે વિવિધ દાનવીરોએ પોતાના દાન જાહેર કર્યા હતા. આ પ્રસંગે સરદારધામના પ્રમુખ સેવક ગગજી સુતરિયાએ જણાવ્યું હતું કે કન્યા કેળવણી સમાજનો પ્રાથમિક પ્રશ્ન છે અને એ માટે જ આપણે ફક્ત એક રૂપિયાના ટોકન પર દીકરીઓને ભણાવી રહ્યા છીએ. આ પ્રસંગે જાણીતા ગાયિકા શ્રી પ્રિયંકા બાસુએ એ મેરે વતન કે લોગોથી શરૂઆત કરીને એક પછી એક ફિલ્મી ભાવવિભોર ગીતોની રજૂઆત કરી હતી. સાથે મોહસિન શેખે પણ રફીના અવાજમાં સુંદર ગીતોનું આસ્વાદન કરાવ્યું હતું.

જય વસાવડા
જાણીતા યુવા કટાર લેખક

# પત્રો અને પશ્ચિમ !



યુવાવર્ગનું સઘળું ધ્યાન પશ્ચિમ અને પાશ્ચાત્ય સંસ્કૃતિમાં પરોવાઈ ગયું છે, એવું ઘરડી માનસિકતાવાળા ઘણા માને છે. યુવાવર્ગની વાત આવે અને સ્વામી વિવેકાનંદનું નામ યાદ ન આવે એવું બને? સામાજિક સંસ્થાઓ સ્વામીજીની તસવીરોને હારતોરા કરે છે. પણ સ્વામીજીના અક્ષરદેહ રૂપે જળવાયેલા પુસ્તકો વાંચવાની તસદી લેવાની એમને ફુરસદ નથી.

એની વે, ઓગણીસમી અને વીસમી સદીના પ્રત્યેક ભારતીય ક્રાંતિકારીઓની માફક સ્વામીજીના ઘડતરમાં પશ્ચિમી પવનોનો ખાસ્સો મહત્ત્વનો ફાળો હતો. એમની ગ્રંથમાળાના પુસ્તકો (ક્રમ ૫,૧૦,૧૧,૧૨)માં છપાયેલા એમના પત્રોમાં જરા પાશ્ચાત્ય સંસ્કૃતિ અને જીવન અંગે એમની જ વાણીના ઘૂંટડા ભરવા જેવા છે. થોડુંક ચાખી લો:

## હરિપદ મિત્રને, શિકાગોથી

અહીંના જેવી સંસ્કારી અને સુશિક્ષિત સ્ત્રીઓ મેં બીજે ક્યાંય જોઈ નથી. આપણા દેશમાં સુશિક્ષિત પુરૂષો તો છે પણ અહીંના જેવી સ્ત્રીઓ ભાગ્યે જ જોવા મળે... અહો! તેઓ કેટલી સ્વતંત્ર છે! સામાજિક અને નાગરિક કર્તવ્યોનું તેઓ જ નિયમન કરે છે. અહીં શાળાઓ અને કૉલેજો સ્ત્રીઓથી ઉભરાય છે, જ્યારે આપણા દેશમાં તો સ્ત્રીઓને રસ્તા પર સલામતીથી ફરવા પણ ન દેવાય!... અહીં સ્ત્રીઓ કેવી પવિત્ર અને સંયમી હોય છે! હવામાં ઉડતા પક્ષીઓ જેવી મુક્ત હોય છે પૈસા કમાય અને તમામ પ્રકારનું કાર્ય કરે. રખેને આપણી છોકરીઓ ભ્રષ્ટ અને અનીતિમય થઈ જશે, એ ભયે આપણે એમને અગિયાર વર્ષમાં પરણાવી દેવામાં બહુ જ ચોક્કસ છીએ. આધ્યાત્મિકતાની બાબતમાં અમેરિકનો આપણાં કરતા

ઘણે દરજ્જે ઉતરતા છે. પણ એમનો સમાજ આપણા સમાજ કરતા ઘણે દરજ્જે ચડિયાતો છે. (૨૮ ડિસેમ્બર, ૧૮૯૩)

## ગુરૂબંધુઓને, ન્યુયોર્કથી

આ દેશની અપરણીત છોકરીઓ બહુ ભલી છે અને ખૂબ સ્વમાની છે... તેમને મન શરીરની સેવા એ જ મોટી વસ્તુ છે, તેઓ તેને ઘસીને ઊજળું કરે છે ને તમામ પ્રકારનું લક્ષ આપે છે. નખ કાપવાના હજારો સાધન, વાળ કાપવાના દસ હજાર અને પોશાક, સ્નાનસામગ્રી તથા સુગંધી દ્રવ્યોની વિવિધતાની તો ગણતરી જ કોણ કરી શકે? તેઓ ભલા સ્વભાવના માયાળુ ને સત્યનિષ્ઠ છે. તેમનું બધું સારું છે, પરંતુ ભોગ જ તેમનો ઈશ્વર છે. આ દેશમાં ધન નદીના પ્રવાહની જેમ વહે છે. સૌંદર્ય તેના વમળો છે, વિદ્યા તેના મોજાં છે. દેશ મોજશોખમાં આળોટે છે.

અહીં મક્કમતા અને શક્તિનું અદ્‌ભુત દર્શન થાય છે. કેવું વાળ, કેવી વ્યવહારદક્ષતા ને કેવું પૌરૂષ!... અહીં જબરદસ્ત શક્તિનો આવિર્ભાવ નજરે ચડે છે મૂળ વાત પર આવું તો આ દેશની સ્ત્રીઓને જોઈને મારી અક્કલ કામ કરતી નથી! જાણે હું બાળક હોઉં તેમ તેઓ મને દુકાનોએ તથા બીજે બધે લઈ જાય છે. તેઓ બધી જાતના કામ કરે છે. હું તો તેઓના સોળમા ભાગનું પણ ન કરી શકું. તેઓ સોંદર્યમાં લક્ષ્મી જેવી છે, સદ્‌ગુણોમાં સરસ્વતિઓ છે. તેઓ ખરેખર મા ભગવતીનો અવતાર છે. તેમને ભજવાથી માણસને સર્વમાં પૂર્ણતા મળે છે. હે ભગવાન! આપણે શું માણસોમાં ગણાઈ એવા છીએ?... અહીંની સ્ત્રીઓને જોઈને હું ખરેખર આશ્ચર્યચકિત થઈ જાઉં છું. મા ભગવતી તેમના પર કેટલાં કૃપાળુ છે! તે કેવી અદ્‌ભુત નારીઓ છે! (૨૫ સપ્ટેમ્બર, ૧૮૯૪)

## સ્વામી રામકૃષ્ણાંનંદ (શશી)ને શિકાગોથી

લોકો (અહીં) કલા અને સાધનસામગ્રીમાં સૌથી આગળ પડતા છે. આનંદપ્રમોદ અને મોજશોખમાં આગળ પડતા છે, તથા પૈસા કમાવા અને વાપરવામાં મોખરે છે... લોકો જેટલું કમાય છે, તેટલું ખર્ચે છે.બીજાનું ખરાબ બોલવું અને બીજાની મહાનતા જોઈને હૃદયમાં બળવું એ આપણું (ભારતનું) રાષ્ટ્રીય પાપ છે. (જાણે) 'મહાનતા તો મારામાં જ છે. બીજા કોઈને તે મળવી ન જોઈએ!'

આ દેશની સ્ત્રીઓ જેવી દુનિયામાં બીજે ક્યાંય નથી. કેટલી પવિત્ર, સ્વતંત્ર, આત્મશ્રદ્ધાવાળી અને માયાળુ! સ્ત્રીઓ જ આ દેશનું જીવન અને આત્મા છે. તેઓમાં બધી વિદ્યા અને સંસ્કાર કેન્દ્રિત છે. અમેરિકાની સ્ત્રીઓ જોઈને હું આશ્ચર્યથી મૂક થઈ જાઉં છું. અહીં હજારો સ્ત્રીઓ એવી છે, જેમના મન આ દેશના બરફ જેવા શુભ અને પવિત્ર છે... જ્યારે આપણે બૂમો પાડીએ છીએ, 'માયારૂપી આ નારી કોણે સર્જી?' અને એવું એવું ભાઈ! દક્ષિણ ભારતમાં ઉચ્ચ વર્ણના લોકો નીચલા વર્ણને જે રીતે પજવે છે, તેના ભયંકર અનુભવો મને થયા છે. મંદિરોમાં જ કેવા હીન વ્યભિચાર ચાલે છે! ...જે દેશ (ભારત)માં લાખો લોકો મહુડાના ફૂલ ખાઈને જીવે છે અને દસ-વીસ લાખ સાધુઓ અને એકાદ કરોડ બ્રાહ્મણો આ ગરીબ લોકોનું લોહી ચૂસે છે... તેને દેશ કહેવો કે નરક? આ તે ધર્મ કહેવાય કે પિશાચનું તાંડવ! ભાઈ, અહીં એક વાત પૂરી સમજી લેશો. મેં આખા હિંદની મુસાફરી કરી છે અને અમેરિકા પણ જોયું છે... આપણા જેવી 'કૂપમંડૂકતા' જગતમાં બીજે ક્યાંય જોઈ નથી. પરદેશમાંથી કંઈ પણ નવું આવશે કે પહેલું અમેરિકા તે સ્વીકારશે. જ્યારે આપણે? 'આપણી આર્ય પ્રજા જેવા માણસો જગતમાં છે જ ક્યાં!' આ 'આર્યત્વ' ક્યાં દેખાય છે તે જ હું જોઈ શકતો નથી! (૧૯ માર્ચ, ૧૮૯૪)

**આ દેશની સ્ત્રીઓને જોઈને મારી અક્કલ કામ કરતી નથી! જાણે હું બાળક હોઉં તેમ તેઓ મને દુકાનોએ તથા બીજે બધે લઈ જાય છે. તેઓ બધી જાતના કામ કરે છે. હું તો તેઓના સોળમા ભાગનું પણ ન કરી શકું. તેઓ સોંદર્યમાં લક્ષ્મી જેવી છે, સદ્‌ગુણોમાં સરસ્વતિઓ છે. તેઓ ખરેખર મા ભગવતીનો અવતાર છે. તેમને ભજવાથી માણસને સર્વમાં પૂર્ણતા મળે છે.**

## આલાસિંગા પેરૂમલ તથા શિષ્યોને, ન્યુયોર્કથી

આપણા પૂર્વજોએ ધાર્મિક વિચારોને મુક્ત રાખ્યા અને આપણને પરિણામે અપૂર્વ ધર્મ મળ્યો. પણ તેમણે સમાજને ભારે સાંકળોથી જકડી રાખ્યો અને પરિણામે આપણો સમાજ, ટૂંકમાં કહીએ તો, ભયંકર પૈશાચી બની ગયો છે. પશ્ચિમમાં સમાજ હંમેશાં સ્વતંત્ર હતો. તેનું પરિણામ

જુઓ. બીજી બાજુએ તેમના ધર્મ તરફ નજર કરો.વિકાસની પ્રથમ શરત છે સ્વતંત્રતા. જેમ માણસને વિચારની કે વાણીની સ્વતંત્રતા હોવી જોઈએ, તે જ રીતે તેને આહારમાં, પહેરવેશમાં, લગ્નમાં અને બીજી બધી બાબતોમાં બીજાને હાનિ ન કરે ત્યાં સુધીની છૂટ હોવી જોઈએ.

આપણે ભૌતિક સંસ્કૃતિ વિરૂધ્ધ મૂર્ખાઈ ભરેલી વાતો કરીએ છીએ, કેમકે દ્રાક્ષ ખાટી છે. આ બધી મૂર્ખાઈભરી બડાઈની વાતો છતાં પણ માનો કે સમગ્ર ભારતમાં માત્ર એક લાખ જેટલાં જ સ્ત્રી પુરૂષોના સાચા આધ્યાત્મિક વિકાસને ખાતર શું ત્રીસ કરોડ (એ સમયના ભારતની વસતિ)ને જંગલીપણા અને ભૂખમારામાં ડૂબાડવા?... મુસલમાનોએ હિંદુઓ પર વિજય મેળવ્યો તે શી રીતે શક્ય બન્યું? તેનું કારણ હતું - ભૌતિક બાબતમાં હિંદુઓનું અજ્ઞાન!ન ગરીબોને કામ આપવા માટે ભૌતિક સંસ્કૃતિ, અરે ભોગવિલાસ સુદ્ધાં જરૂરી છે. ...ભારતમાં બહુ બહુ તો તમારી પ્રશંસા થશે. પણ તમારા કામ માટે એક પૈસો પણ મળશે નહીં! (૧૯ નવેમ્બર, ૧૮૯૪)

**પૂર્વ અને પશ્ચિમ વચ્ચે સમગ્ર તફાવત આમ છે. તેઓ રાષ્ટ્રો છે, આપણે નથી. એટલે કે સમૃદ્ધિ, સંસ્કૃતિ, શિક્ષણ વગેરે અહીં પશ્ચિમમાં સહુને મળે છે. આમ જનતા સુધી પહોંચી જાય છે. ભારતના અને અમેરિકાના ઉચ્ચ વર્ગો તો એક પ્રકારના છે, પણ બંને દેશોના નીચલા વર્ગો વચ્ચેના લોકોનું અંતર અગાધ છે... પશ્ચિમના લોકો પાસે મહાન મનુષ્યોને પસંદ કરવાનું ક્ષેત્ર વધારે વિશાળ છે. મારા માયાળુ મિત્ર, મારા વિશે અન્યથા ન સમજશો, પણ આપણી પ્રજામાં જ મોટી ખામી છે, અને તે દૂર કરવી જોઈએ.**

## ઈ.ટી. સ્ટડીને, ન્યુયોર્કથી

અવશ્ય, હું ભારતને ચાહું છું. પણ દિવસે દિવસે મારી દ્રષ્ટિ વધારે ચોખ્ખી થતી જાય છે. ભારત, ઈંગ્લેન્ડ કે અમેરિકા, અમારે મન શું છે? અમે તો જેને અજ્ઞાનીઓ દ્વમનુષ્યય કહે છે, તે ઈશ્વરના દાસ છીએ. જે મૂળમાં પાણી રેડે છે તે આખા વૃક્ષને પાણી પાતો નથી? સામાજિક, રાજકીય કે આધ્યાત્મિક કલ્યાણ માટેની ભૂમિકા માત્ર એક છે:ૅ તે એ કે હું અને મારો બંધુ 'એક' છીએ એનું ભાન. બધા દેશો અને બધા લોકો માટે આ સાચું છે અને હું તમને કહી દઉં કે પૌર્વાત્યો કરતાં પાશ્ચાત્યો તેનો વધારે ઝડપથી સાક્ષાત્કાર કરશે. (૯ ઓગસ્ટ, ૧૮૯૫)

## દીવાન હરિદાસ બિહારી દેસાઈને, શિકાગોથી

પૂર્વ અને પશ્ચિમ વચ્ચે સમગ્ર તફાવત આમ છે. તેઓ રાષ્ટ્રો છે, આપણે નથી. એટલે કે સમૃદ્ધિ, સંસ્કૃતિ, શિક્ષણ વગેરે અહીં પશ્ચિમમાં સહુને મળે છે. આમ જનતા સુધી પહોંચી જાય છે. ભારતના અને અમેરિકાના ઉચ્ચ વર્ગો તો એક પ્રકારના છે, પણ બંને દેશોના નીચલા વર્ગો વચ્ચેના લોકોનું અંતર અગાધ છે... પશ્ચિમના લોકો પાસે મહાન મનુષ્યોને પસંદ કરવાનું ક્ષેત્ર વધારે વિશાળ છે. મારા માયાળુ મિત્ર, મારા વિશે અન્યથા ન સમજશો, પણ આપણી પ્રજામાં જ મોટી ખામી છે, અને તે દૂર કરવી જોઈએ. (૨૦ જૂન, ૧૮૯૪)

## મૈસૂરના મહારાજાને, શિકાગોથી

આ દેશ (અમેરિકા) અદ્દભુત છે, અને આ પ્રજા પણ ઘણી રીતે અદ્દભુત છે. આ દેશના લોકો રોજિંદા વ્યવહારમાં યંત્રોનો ઉપયોગ કરે છે, તેટલો બીજી કોઈ પ્રજા કરતી નહીં હોય. યંત્રો સર્વસ્વ છે... તેમની દોલત અને સુખસાધનોને કોઈ સીમા નથી... મારો નિર્ણય તો એ છે કે તે લોકોને વધારે આધ્યાત્મિક સંસ્કૃતિની અને આપણને વધારે ભૌતિક સંસ્કૃતિની જરૂર છે. (૨૩ જૂન, ૧૮૯૪)

## આલાસિંગા પેરૂમલને, અમેરિકાથી

તમારા (ભારતના) પૂર્વજોએ આત્માને તમામ પ્રકારની સ્વતંત્રતા આપી. પરિણામે ધર્મનો વિકાસ થયો. પરંતુ એ પૂર્વજોએ શરીરને તમામ પ્રકારના બંધનોમાં જકડી રાખ્યું અને પરિણામે સમાજનો વિકાસ અટકી ગયો. પશ્ચિમના દેશોમાં આથી ઉલટું બન્યું. તેમણે સમાજને દરેક પ્રકારની સ્વતંત્રતા આપી, પણ ધર્મને કંઈ નહિ... પરંતુ પૂર્વ અને પશ્ચિમ બંનેનો આદર્શ આગવો અને ભિન્ન રહેશે. ભારતનો આદર્શ ધાર્મિક અથવા અંતર્મુખી, અને પશ્ચિમનો વૈજ્ઞાનિક અથવા બહિર્મુખી. પશ્ચિમ આધ્યાત્મિકતાનો એકેએક કણ સામાજિક સુધારણા દ્વારા ઈચ્છે છે. તેવી જ રીતે પૂર્વ પણ સામાજિક સત્તાનો એકેએક અંશ આધ્યાત્મિક દ્વારા ઈચ્છે છે. (૨૯મી સપ્ટેમ્બર, ૧૮૯૪)

### શ્રીમતી સરલ ઘોષલને, બર્દવાન મહારાજાનો બંગલો, દાર્જીલિંગથી

મારી હંમેશાં એ દ્રઢ માન્યતા રહી છે કે જ્યાં સુધી પશ્ચિમના લોકો આપણી મદદે નહીં આવે, ત્યાં સુધી આપણું ઉત્થાન થઈ શકશે નહિ. આપણા દેશમાં હજી ગુણની કદર જેવું કશું દેખાતું નથી, નાણાંકીય બળ નથી, અને સૌથી વધારે શોચનીય તો એ કે તેમાં વ્યાવહારિકતાનું તો નામનિશાન પણ મળતું નથી. કાર્યો તો અનેક કરવાના છે, પરંતુ એ કરવાના સાધનો આ દેશમાં ઉપલબ્ધ નથી. આપણી પાસે બુદ્ધિ છે, પણ કાર્યકરો નથી. આપણી પાસે વેદાંતનો સિદ્ધાંત છે, પણ તેને વ્યવહારમાં ઉતારવાની શક્તિ નથી. આપણા ગ્રંથોમાં સાર્વત્રિક સમાનતાનો સિદ્ધાંત નિરૂપિત છે, પણ વ્યવહારમાં આપણે મોટા ભેદો ઊભા કરીએ છીએએ આ દેશના લોકોમાં સામર્થ્ય ક્યાં છે? નાણા ખર્ચવાની શક્તિ ક્યાં છે?... આ દેશના લોકો સંપત્તિની કૃપાથી વંચિત, ફૂટેલા નસીબવાળા, વિવેકબુદ્ધિ વિહોણા, પદદલિત, કાયમી ભૂખમરાનો ભોગ બનેલા, કજીયાખોર અને ઈર્ષાળુ છે... સ્વાર્થ અને આસક્તિરહિત સર્વોચ્ચ કક્ષાના કાર્યનો બોધ ભારતમાં જ અપાયો હતો. પણ વ્યવહારમાં 'આપણે' જ અત્યંત ક્રૂર અને નિષ્ઠુર છીએ. (૬ એપ્રિલ ૧૮૯૭)

### મિસ મેરી હેઈલગે, ન્યુયોર્કથી

સંપ્રદાયો અને તેમના છળપ્રપંચો, ગ્રંથો અને ગુંડાગીરીઓ, સુંદર ચહેરાઓ અને જૂઠા હૃદયો, સપાટી પર નીતિમત્તાના બૂમબરાડા અને નીચે સાવ પોલંપોલ અને સૌથી વિશેષ તો પવિત્રતાનો આંચળો ઓઢાડેલી દુકાનદારી-આ બધાથી ભરેલા આ જગત પ્રત્યે, આ સ્વપ્ન પ્રત્યે, આ ભયંકર ભ્રમણા પ્રત્યે મને ધિક્કાર છૂટે છે. (૧ ફેબ્રુઆરી૧૮૯૫)

### આલાસિંગા પેરૂમલને, શિકાગોથી

ઈર્ષા પ્રત્યેક ગુલામ પ્રજાનો મુખ્ય દુર્ગુણ છે... જ્યાં સુધી તમે ભારતવર્ષની બહાર નહિ જાવ, ત્યાં સુધી મારા વિધાનમાં રહેલા સત્યનો તમને પ્રત્યક્ષ અનુભવ નહિ થાય. પશ્ચિમવાસીઓની સફળતાનું રહસ્ય તેમની આ સંગઠનશક્તિમાં રહેલું છે. સંગઠનશક્તિનો પાયો છે પરસ્પર વિશ્વાસ અને એકમેકના દ્રષ્ટિબિંદુ સમજવાની શક્તિ. (૧૮૯૪)

### સ્વામી રામકૃષ્ણાનંદ (શશી)ને, અમેરિકાથી

સંકુચિત વિચારોથી જ ભારતનો વિનાશ થયો છે. આવા વિચારો નિર્મૂળ ન કરાય ત્યાં સુધી તેની આબાદી થવી અશક્ય છે. મારી પાસે પૈસા હોત તો હું તમને દરેકને જગતના પ્રવાસે મોકલત. માણસ નાનકડા ખૂણામાંથી બહાર ન નીકળે, ત્યાં સુધી કોઈ મહાન આદર્શને હૃદયમાં સ્થાન નથી મળતું. સમય આવ્યે આ ખરૂં સાબિત થશે. (૧૮૯૫)

**આ અંશો પૂરા પત્રોના નથી. એવું નથી કે સ્વામીજીએ ભારતની ટીકા કે પશ્ચિમના વખાણ જ કર્યા છે. ગરીબી, દંભ, વેદાંત, સેવા ઘણાં વિષયો પર ઘણું બધું એમાં છે. પણ એક સદીથી વધારે સમય પહેલાનો વિવેકાનંદનો આ આક્રોશ (દેશ પ્રત્યે) અને અહોભાવ (પશ્ચિમ પ્રત્યે)આજે તો કદાચ વઘુ સાચો લાગે છે. અને આ અભિપ્રાયો કંઈ ભારતને ન ઓળખનાર મુગ્ધ અને વેસ્ટર્ન ગ્લેમરથી અંજાયેલા કિશોરના નથી.**

આ અંશો પૂરા પત્રોના નથી. એવું નથી કે સ્વામીજીએ ભારતની ટીકા કે પશ્ચિમના વખાણ જ કર્યા છે. ગરીબી, દંભ, વેદાંત, સેવા ઘણાં વિષયો પર ઘણું બધું એમાં છે. પણ એક સદીથી વધારે સમય પહેલાનો વિવેકાનંદનો આ આક્રોશ (દેશ પ્રત્યે) અને અહોભાવ (પશ્ચિમ પ્રત્યે)આજે તો કદાચ વઘુ સાચો લાગે છે. અને આ અભિપ્રાયો કંઈ ભારતને ન ઓળખનાર મુગ્ધ અને વેસ્ટર્ન ગ્લેમરથી અંજાયેલા કિશોરના નથી.

આમ પણ, સ્વામી વિવેકાનંદની વીરતા કે ઈરાદા કે દેશપ્રેમ પ્રત્યે તો શંકા જ ન હોય. કરૂણતા તો એ છે કે સ્વામીજીની વાહવાહી અને પોસ્ટરો બધે જ છે-પણ એમણે ઈચ્છી હતી એ મુક્તિ કે સંપત્તિ ભારતીય યુવાપેઢીને એક સદી પછી પણ મળી નથી અને ૧૦૦-૧૫૦ વર્ષ પહેલાનો જમાનો પણ ક્યાં સતયુગ હતો ? વાંચો વિવેકાનંદને ! ■



**સ્વામી સચ્ચિદાનંદ**
દેશના આધુનિક અને વ્યવહારિક આવિષ્કારોને સમર્થન આપતા સંત




- ધર્મ એક જ છે. ધર્મનો અર્થ જ કુદરતનો કાનૂન થાય છે. સંપ્રદાય અનેક છે. ધર્મ પરમાત્માનો બનાવેલો છે. સંપ્રદાય માણસોના બનાવેલા છે. ધર્મ ભેદ નથી કરતો; ભેદ કરે તે સંપ્રદાય છે.
- વૈજ્ઞાનિક સત્યોને સ્વીકારી લેવાથી ધર્મને કશી આંચ આવવાની નથી કારણ કે વિજ્ઞાન સત્ય છે, ધર્મ પણ સત્ય છે. તે સત્યોને વિરોધ હોય જ નહિ. બન્ને એકબીજાનાં પૂરક થઈ શકે. હા, એવું બને કે વિજ્ઞાનના કારણે સડેલી - ગળી ગયેલી કેટલીક માન્યતાઓ ખોટી ઠરવાની. તે યોગ્ય છે.
- ધર્મની પ્રથમ પ્રેરણા કર્તવ્ય થઈ, જેથી વ્યક્તિ કર્તવ્યની સભાનતાવાળી થાય. પણ કર્તવ્યમાત્રથી ધર્મ પૂરો નથી થઇ જતો. કર્તવ્યની સાથે પ્રમાણિકતા અત્યંત જરૂરી છે. આમ આર્થિક ક્ષેત્રે નહિ પણ બધાં ક્ષેત્રે - કૌટુંબિક ક્ષેત્રે પતિ-પત્ની વચ્ચે, શેઠ-મુનિમ વચ્ચે, રાજા-પ્રજા વચ્ચે - બધે જ પ્રમાણિકતા જરૂરી છે, અને પ્રમાણિકતા પછી ત્રીજી પ્રેરણા પરમાર્થની છે. તમારી શક્તિમાંથી થોડી શક્તિ, શક્તિહીન માણસો માટે ખર્ચવાની છે.
- ભક્તિમાર્ગની એક ખાસ વિશેષતા છે કે તે જીવનનાં તમામ સાફલ્ય પરમેશ્વરને સોંપે છે તથા પ્રત્યેક નિષ્ફળતાનો ટોપલો બહુ દીનભાવે પોતાને માથે ઓઢી લે છે.
- ભક્તિ તો કરવી જ જોઈએ તેની ના નહિ, પણ ભક્તિ, કાયરતા કે નિર્માલ્યતાને વધારનારી યા તેને ઢાંકનારી ન હોવી જોઈએ પણ શૂરવીરતાભરી, અન્યાયીને પડકાર ફેંકનારી મહાશક્તિરૂપ હોવી જોઈએ.
- શ્રદ્ધાથી ધર્મ પ્રગટે છે. જયારે અંધશ્રદ્ધાથી ભયની નિવૃત્તિ શક્ય નથી. દુર્ભાગ્યવશ ધાર્મિક ક્ષેત્રમાં શ્રદ્ધા કરતાં અંધશ્રદ્ધાનું પ્રમાણ ઘણું મોટું છે. એટલે સાચા ધર્મની જગ્યાએ વહેમોનું પ્રમાણ પણ મોટું છે.
- શ્રદ્ધા જ અધ્યાત્મ રૂપ આપતી હોય છે. શ્રદ્ધાનો પુત્ર ધર્મ છે, કારણ કે ધર્મની પ્રસૂતિ શ્રદ્ધાના ફળમાંથી જ થઈ શકતી હોય છે.કોરી બુદ્ધિથી ધર્મ ન જન્મે, જીવન માટે બુદ્ધિવાદ જેટલો જરૂરી છે, તેટલો જ શ્રધ્ધાવાદ પણ જરૂરી છે. શ્રદ્ધા વિના આંતરિક શક્તિઓ નથી ખીલી શકતી. વ્યક્તિમાં ચારિત્રિક પ્રબળતા શ્રદ્ધાના સંબલથી આવતી હોય છે. શ્રદ્ધા ગુમાવીને વ્યક્તિ બહુ મોટું બળ ગુમાવી દેતી હોય છે. વિદ્યાદાન તો શ્રેષ્ઠ છે જ પણ શ્રદ્ધાદાન તો તેથી પણ શ્રેષ્ઠ છે.
- પ્રત્યેક પ્રજાની ઉન્નતિનો મૂળ પાયો સમજણપૂર્વકના પુરુષાર્થમાં રહેલો હોય છે. સાચા પુરુષાર્થમાં પ્રેરણા આપે તે ધર્મ અવશ્ય પ્રજાનું કલ્યાણ કરનારો બનતો હોય છે.

❖ યજ્ઞો, સપ્તાહો, છપ્પન ભોગો અને સમૈયાઓમાં લખલૂટ ખર્ચો કરનારાઓને જાણ થવી જોઈએ કે એક માણસને રોજી આપવી, એક-બે કુટુંબોને આજીવિકાનું સાધન આપવું તે ખરો યજ્ઞ છે, તે ખરી સપ્તાહ છે, તેમાં જ છપ્પન ભોગો અને સમૈયાઓ છે. ધર્મને માનવતા તરફ વાળવામાં આવે એ જ ધર્મની તેજસ્વિતા છે.

❖ ધર્મ એટલે વ્યક્તિની અંદર રહેલા સદ્દગુણોને વિકસિત કરી પ્રગટ કરવાની પ્રક્રિયા. અધર્મ એટલે વ્યક્તિની અંદર બેઠેલા દુર્ગુણોને વિકસિત કરીને પ્રગટ કરી આપનારી પ્રક્રિયા. ધર્મ એટલે જીવન-સાધના. અને જીવન-સાધના એટલે જીવનનો વિકાસ. જીવનનો વિકાસ સદ્દગુણોને ખીલવવા થનારી તમામ ક્રિયાઓ - પછી તે શારીરિક હોય કે માનસિક તેનું નામ ધર્મ. વ્યક્તિમાત્રની અંદર સદ્ગુણો તથા દુર્ગુણોનાં બીજ હોય જ છે. આ ન્યૂનાધિકતાથી ‘સ્વભાવ’ અથવા ‘પ્રકૃતિ’ ઘડાય છે. સ્વભાવ અથવા પ્રકૃતિથી વ્યક્તિનું વ્યક્તિત્વ નિર્મિત થતું હોય છે.પ્રકૃતિથી પકડાયેલો જીવ કાર્યક્ષેત્રના લગભગ ‘નિર્ધારિત’ માર્ગે જીવન જીવતો હોય છે. ‘લગભગ’ અને ‘નિર્ધારિત’ શબ્દો એટલા માટે વાપર્યા છે કે પોતાની પ્રકૃતિથી વિરુદ્ધ તે ખાસ કાંઈ કરી શકતો નથી. એટલે ‘નિર્ધારિત’ શબ્દ મૂક્યો છે. પણ પ્રકૃતિની મર્યાદારેખાની ઉપર અથવા નીચે તે થોડું ચઢી શકે છે તથા થોડું ઊતરી પણ શકે છે. થોડું ચઢવું એટલે ધર્મસાધના દ્વારા ઉર્ધ્વીકરણ પ્રાપ્ત કરવું, નીચે ઊતરવું એટલે અધર્મ દ્વારા પતન થવું. આટલા અંશમાં વ્યક્તિનો પુરુષાર્થ પરિણામશાળી થઈ શકે છે એટલે ધર્મને જીવન-સાધના કહી છે.

❖ ધર્મનું પ્રાકટ્ય સત્યથી થાય છે. સત્ય, ધર્મ અને ન્યાય લગભગ એકબીજાના પર્યાય કહેવાય. સત્ય એ જ ધર્મ, ધર્મ એ જ સત્ય. સત્ય તથા ધર્મનો અવિરોધ એનું નામ તો ન્યાય કહેવાય. આ ત્રણ તત્ત્વોમાં ન્યાય એ ફલિતાર્થ છે, ધર્મ પરિસ્થિતિ છે. આજે સત્ય એ પરિસ્થિતિનું જનક છે. સત્ય ન હોય તો ધાર્મિક પરિસ્થિતિનું નિર્માણ ન થઈ શકે. ધર્મસ્થિતિનું નિર્માણ ન થઈ શક્યું હોય તો ન્યાયનું ફળ મેળવી ન શકાય. ન્યાયી ફળ વિના પ્રજા સુખી ન થઈ શકે. ઊલટાવીને એમ કહી શકાય કે અન્યાય (પછી તે આર્થિક, રાજકીય, ધાર્મિક કે સામાજિક કોઈ પણ પ્રકારનો હોય)એ જ પ્રજામાં દુઃખોનું મૂળ કારણ છે.અન્યાયનું મૂળ અધર્મમાં તથા અધર્મનું મૂળ અસત્યમાં છે. એવી રીતે તમામ અનિષ્ટોનાં મૂળ અસત્યમાંથી ફૂટી નીકળે છે)




❖ સ્વમાન, સુરક્ષા, સમૃદ્ધિ અને સંસ્કારથી ભરપૂર જીવન ધર્મ દ્વારા પ્રજાને મળવું જોઈએ. જો ધર્મ આ કાર્ય નહીં કરી શકે તો તે તેની નિષ્ફળતા જ કહેવાશે.

❖ પરમેશ્વરે સૌથી ઉત્તમ લાગણી દયાની બનાવી છે.જે દયાળુ નથી તે ઈશ્વર નથી. જે દયાળુ નથી તે સંત નથી, જે દયાળુ નથી તે માનવ નથી. દયાળુ સ્વભાવ મળવો એ મોટામાં મોટી બક્ષીશ છે. દયાની પોષક ઉદારતા છે. અને ઉદારતાની પ્રેરક ઘણી વાર દયા થઈ જતી હોય છે..વ્યક્તિમાં પડેલી દયાને જાગ્રત કરી તેની અભિવૃદ્ધિ કરી તેના દ્વારા દુઃખી

મानવસમાજને લાભાન્વિત કરવો એ કામ ધર્મનું છે... દયા જ ધર્મનું મૂળ છે.

❖ ધર્મનું તેજ સદ્ગુણોમાંથી પ્રગટતું હોય છે. આવા સદ્ગુણો માનવમાત્રમાં પરમેશ્વરે વત્તા-ઓછા અંશે મૂકેલા છે. આ સદ્ગુણોનો વિકાસ કરવાની પ્રક્રિયા તે ધર્મ છે. તેને આપણે સનાતન ધર્મ પણ કહીએ છીએ. સનાતન એટલા માટે કે તે અનાદિ કાળથી છે તથા અનંત કાળ સુધી (માનવ અસ્તિત્વ હશે ત્યાં સુધી) રહેવાનો છે. તે કોઈ વ્યક્તિ દ્વારા પ્રસ્થાપિત કે નિર્મિત નથી એટલે આ સનાતન ધર્મનો કોઈ માણસ પ્રવર્તક નથી. પ્રવર્તકો સંપ્રદાયો પ્રવર્તાવે છે અને સંપ્રદાયો કદી સનાતન નથી હોતા.

❖ વ્યક્તિ માત્રને કુદરતી આવેગો અને લાગણીઓના પ્રવાહો આવતા જ હોય છે. આવેગોને નિતાંત અટકાવવાની પ્રક્રિયા કુદરત વિરોધી છે. આવું કરનારા નથી તો શારીરિક સ્વાસ્થ્ય પામી શકતા કે નથી માનસિક શાંતિ પામી શકતા. તેમની સ્થિતિ ઉપર બુદ્ધ અને અંદર યુદ્ધ જેવી થાય છે.અત્યંત કઠોર નિયમો પાળ્યા પછી પણ જયારે આવેગો અટકતા નથી, ઉલટાના વધુ છંછેડાય છે અને પછી વધુ વિનાશ કરે છે.

❖ સંપ્રદાયોથી મુક્ત થઇને સાચી ધાર્મિકતા અપનાવવી અને પૂરી માનવજાત પ્રત્યે આત્મીયતા કેળવવી એથી બીજી વધુ મોટી જીવનની ધન્યતા હોઈ શકે નહિ.

❖ કુદરતથી મોટું કોઈ શાસ્ત્ર નથી અને તેનાથી વધુ કોઈ કલ્યાણકારી માર્ગ નથી. સનાતન ધર્મનો અર્થ થાય છે કુદરતે સ્વયં પોતે જ ધર્મની વ્યવસ્થા કરી છે. આ ધર્મ ઉપર પશુ-પક્ષીઓ કિત-પતંગો વગેરે બધાં જ ચાલે છે. અને સુખી થાય છે, કુદરત ગાંડી નથી. જેમ ભૂખ-તરસ વગેરેના આવેગો તેણે બનાવ્યા છે અને તેની ઉચિત માત્રામાં પ્રાપ્તિથી શાંતિ-તૃપ્તિ થાય છે, તેમ વાસનાનો આવેગ પણ તેણે જ લોકકલ્યાણ માટે બનાવ્યો છે. તેની પણ ઉચિત સમયે ઉચિત માત્રામાં પ્રાપ્તિ થાય તો વ્યક્તિ શાંતિ તથા તૃપ્તિનો અનુભવ કરી શકે છે. સનાતન ધર્મ, કુદરતી ધર્મ.

❖ ધર્મ, ધર્મસ્થાન અને ધર્મગુરુ ત્યારે જ સફળ થયા ગણાય કે જયારે ધાર્મિક, સામાજિક, રાજકીય અન્યાયથી પીડાતી પ્રજાનું તેમના દ્વારા રક્ષણ થાય.

❖ ધર્મ અને અધ્યાત્મને પણ વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્ય મળવો જોઈએ. ધર્મનું તથા અધ્યાત્મનું પણ વિજ્ઞાન છે. જેનાથી તે હંમેશાં ચેતનાવાળા રહ્યા કરે. વિજ્ઞાન વિનાનો ધર્મ અને વિજ્ઞાન વિનાનું અધ્યાત્મ લાંબા ગાળે પ્રજાજીવનમાં જડતા, સ્થગિતતા અને અસ્પષ્ટતાનું નિર્માણ કરતાં હોય છે.

અધ્યાત્મવાદનો સૌથી મોટો શત્રુ ચમત્કારવાદ અને વ્યક્તિપૂજા છે. વ્યક્તિપૂજા અને ચમત્કારવાદ બન્ને એકબીજાનાં પૂરક છે. વ્યક્તિત્વ વિના વ્યક્તિને બહુ ઝડપથી મહાપુરુષોની ઉચ્ચ શ્રેણીમાં બેસાડવો હોય તો તેની સાથે ચમત્કાર જોડી દેવાના. ■






# એક સંકલ્પ.....
## સામાજિક ક્રાંતિ કી ઓર

સરદારધામના પ્રમુખ સેવક શ્રી દ્વારા તા.૧મેના 'રોજ અપની બાત અપનોં કે સાથ' સમગ્ર સમાજ અને રાજ્ય જોગ પ્રેરણાદાયી પ્રવચન આપ્યું હતું જેને સમાજના લાખો લોકોએ ઘેર બેઠાં નીહાળીને સાંપ્રત સમસ્યાનો સામનો કેવી રીતે કરવો તે અંગે પ્રેરણા મેળવી હતી. આજે તારીખ ૩૧-૫-૨૦૨૦ના રોજ 'એક સંકલ્પ સામાજિક ક્રાંતિ કી ઓર'. યૂટ્યૂબ-ફેસબુકના લાઈવ પ્રવચનના પ્રારંભે સરદારધામના મહામંત્રી જશવંતભાઈ પટેલે સરદારધામ અને કાર્યક્રમની રૂપરેખા બાંધતા જણાવ્યું હતું કે આ પરિસ્થિતિ અને ભવિષ્યમાં જે નિર્માણ થવાનું છે તેમાં દ્રષ્ટિકોણ અને જીવનશૈલી બદલાઈ ગયા છે અને બદલાશે. ભવિષ્યમાં જે પ્રકારની સ્થિતિનું નિર્માણ થવાનું છે ત્યારે ગગજીભાઈએ હવેની પરિસ્થિતિમાં સમાજે કેવા પ્રકારની દિશા પકડવાની છે તે અંગે વાત કરવા જઈ રહ્યા છે. ગગજીભાઈ પોતે જ એક યુવાનો માટે કેસ સ્ટડી છે. જે રીતે આગવી સૂઝબૂઝથી સાતસો કરોડનું ટર્ન ઓવર કરતા હતા અને તેમણે જ્યારે લાખો લોકો આ કાર્યક્રમને નિહાળી રહ્યા છે ત્યારે એવા નમ્ર પ્રયાસ સાથે હું આપને આજની પરિસ્થિતિથી વાકેફ કરવા માંગુ છું. સરદારધામનું સ્લોગન છે 'સમાજનિર્માણથી રાષ્ટ્રનિર્માણ...' મિત્રો સરદારધામની ૨૦૨૬ અંતર્ગત કેટલીક પ્રવૃત્તિઓ હું શેર કરવા માંગું છે. પરવડે તેવા છાત્રાલય બનાવવા અને ત્યાં રહેતા દીકરા દીકરીઓ માટે તાલીમની

વ્યવસ્થા અને ઓનલાઈન ટ્રેનિંગની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવી. ત્રણ જી એટલે જીપીએસસી-યુપીએસસી અંતર્ગત દસ હજાર દીકરા-દીકરીઓને તાલીમ આપવી, બીજો જી એટલે ગ્લોબલ પાટીદાર બિઝનેસ ઓર્ગેનાઈઝેશન જેમાં બે વર્ષના ટૂંકા ગાળામાં ૧૩૦૦૦ જેટલા નાના, મધ્યમ અને મોટા બિઝનેસમેનોને એકબીજા સાથે સાંકળી શક્યા છીએ. આ મિત્રો નિયમિત રીતે મળી રહ્યા છે અને ૧૮ કરોડ જેટલો બિઝનેસ કરી શક્યા છે. ત્રીજો જી છે એ છે ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ. જેમાં ઐતિહાસિક સમિટ દ્વારા સમગ્ર સમાજને એક છત્ર નીચે આપણે લોકોને સાંકળી શક્યા છીએ. ૨૦૨૦માં હેલિપેડ ગ્રાઉન્ડ ખાતે બહુ મોટા ફલક પર લગભગ સાત લાખ જેટલાં લોકોએ મુલાકાત લઈને બિઝનેસ થકી જોડાયા હતા. એ પછી યુવા તેજ અને તેજસ્વિની અંતર્ગત એક લાખ કરતાં યુવાઓને જોડવાનો આપણે નિર્ધાર આજે સફળ થયો છે. આ સંગઠન એક આદર્શ સંગઠન બનીને એકબીજાને મદદરૂપ થાય તે માટે તેનું ગઠન કરવામાં આવ્યું હતું. ખૂબ મહત્ત્વની પ્રવૃત્તિ જે આપની સાથે શેર કરવા માંગું છું તે છે દીકરી સ્વાવલંબી યોજના. સમગ્ર સમાજ રોજનો એક એક રૂપિયો ભેગો કરીને વર્ષે ૩૬૫ રૂપિયા આપીને સમગ્ર સમાજને મદદરૂપ થઈ શકે છે.

આ પ્રસંગે ગગજીભાઈ સુતરિયાએ સૌ ઓનલાઈન જનમેદનીને ખાસ 'એક સંકલ્પ સામાજિક ક્રાંતિ કી ઔર' માટે અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે યૂટ્યૂબ અને ફેસબુક પર જે આ વિષયને સમજી રહ્યા છે એવા સૌ ગુજરાતી ભાઈ બહેનો. સરદારધામ



> **દૂરિયાં હી હમે અહેસાસ કરાતી હૈ કી નજદીકિયાં કિતની ખાસ હોતી હૈ... હમ ચાહે ના ચાહે કશ્તીયાં કિનારે પે હી લે જાતી હૈ...**
>
> **બધા મંદિર, મસ્જિદ, ગુરુદ્વારા, ચર્ચ બંધ રહ્યા તેમાં એક સંકેત એ છે કે ઈશ્વર કહે છે કે હું બહાર ક્યાંય નથી પણ તમારી ભીતર જ છું.**

પરિવારના સૌ બંધુ ભગિનીઓને મારા નમસ્કાર. દોસ્તો, દૂરિયાં હી હમે અહેસાસ કરાતી હૈ કી નજદીક્યિાં કિતની ખાસ હોતી હૈ...હમ ચાહે ના ચાહે કશ્તીયાં કિનારે પે હી લે જાતી હૈ...

હમણાં ડૉ. જાગ્રૃતિબેને જે વાત મૂકી. મહામંત્રી શ્રી જશવંતભાઈએ જે વાત કરી, પરંતુ મારા વિશે જે વાત કરી તેમાં અમે ઝીરો બનીને કામ કરીએ છીએ. ગુજરાતનું ભવિષ્ય ઉજ્જવળ કેમ બને. ગુજરાતના યુવાનોનું જીવન બહેતર કેમ બને તે માટે કામ કરીએ છીએ. સરદારધામ સાંપ્રત સમયની અંદર જે કોરોના સામે યોદ્ધાઓ તરીકે જેઓએ સતત દિવસરાત દેશની સેવા કરી છે તેઓ સૌને સેલ્યૂટ કરું છું. આ મહામારીનો સામનો કરતાં જેમનું દેહાવસાન થયું છે તેમને શ્રદ્ધાંજલિ અર્પિત કરું છું. જેમણે આર્થિક મુશ્કેલીઓ વેઠીને આ કપરો સમય પસાર કર્યો છે અને કરી રહ્યા છે તેમના માટે પણ ખૂબ વ્યથા અનુભવું છું.

આજે બધા મંદિર, મસ્જિદ, ગુરુદ્વારા, ચર્ચ બંધ રહ્યા તેમાં એક સંકેત એ છે કે ઈશ્વર કહે છે કે હું બહાર ક્યાંય નથી પણ તમારી ભીતર જ છું. આજે આરોગ્ય તંત્ર, મીડિયા તંત્ર, પોલીસ તંત્ર, રાજતંત્ર સૌ જે રીતે સામનો કરી રહ્યા છે એ રીતે આપણે સૌએ સરકારી ગાઈડ લાઈન પ્રમાણે આ મહામારીનો સામનો નીડરતાથી કરવો પડશે. આપણે એક વર્ષ ભૂલી જવાનું છે. આગામી સમયમાં પારિવારિક મુશ્કેલીઓ આવશે તેમાં ખૂબ કોઠાસૂઝથી કામ લેવું પડશે. તેમાં પરસ્પર ઉપયોગી થઈને આપણે ઉપયોગી થવું પડશે. મારે ૧૦૦ વધુ સમાજ શ્રેષ્ઠીઓને પણ મળીને યુવાનોને ધંધાકીય રીતે ઉપયોગી થવાની વાત કરવાની છે.

આવતીકાલથી લૉકડાઉન જ્યારે ઓપન થવા જઈ રહ્યું છે ત્યારે પૂર્વવત જીવનમાં આપણે ખૂબ કાળજી લેવાની છે. સાથે સાથે આપણે સૌએ નવા માહોલમાં પણ યુવાનો માટે નવી વાતો, દિલની વાતો સાકાર કરવાની છે. હું આજે યુવાશક્તિ અને માતૃશક્તિ માટે સામાજિક બદલાવનો વિચાર લઈને આવ્યો છું. દરેક માણસની પોતપોતાની એક જિંદગી હોય છે. લૉકડાઉન દરમ્યાન સૌએ સરળતાથી સહજતાથી પારિવારિક માહોલમાં રહીને તંદુરસ્તી પ્રાપ્ત કરી છે. ઘણી માઠી બાબતો સાથે સારી વાતો પણ બની છે. સ્વામી વિવેકાનંદ જ્યારે અમેરિકામાં પ્રવચન આપતા હતા ત્યારે તેમણે ખાસ જવાબદાર બનવાની વાત કરી હતી. તમારા નસીબના ઘડનારા તમે પોતે જ છો. તમે આગળ આવો, જવાબદારી ઉઠાવો અને પરિણામ આપો. જ્યારે જ્યારે પરિવર્તન થયું, જ્યારે જ્યારે ક્રાંતિ થઈ છે ત્યારે હંમેશાં યુવાશક્તિ અને માતૃશક્તિએ પોતાનો પરિચય આપ્યો છે. જેમની પાસે હોશ છે, જોશ છે તેઓ નવી જવાબદારી સાથે આગળ આવે. આવી તકલીફોમાં તો આપણે ગુજરાતીઓ આવી ઘટના, દુર્ઘટનાઓની ફિકરને ફાકી કરીને પી જઈએ છીએ. જેમને દુનિયાની કોઈ ઘટના, સુઘટના, વિઘટના હિલા નહીં શક્તી વો ક્રાંતિ કર શક્તા હૈ.... સામાજિક ક્રાંતિ માટે ગુજરાતના ત્રણ કરોડથી વધુ નવ લોહિયા યુવાનોને હું અપીલ કરું છું કે ક્યાં ક્યાં તકો રહેલી છે તે માટે સમાજનું જીવન બહેતર બનાવીએ. સરકાર પોતાની રીતે શ્રેષ્ઠ પ્રયત્ન કરે છે પરંતુ આપણી પણ સામાજિક જવાબદારી બને છે. દેશને મહાન બનાવવા માટે લોકશાહીના ચાર આધારસ્તંભોને મજબૂત કરવા માટે રાજતંત્ર, વહીવટીતંત્ર, ન્યાયતંત્ર અને મીડિયાતંત્રમાં યોગ્ય તાલીમ લઈને જોડાય. આ સમયની માંગ છે.



**તમારા નસીબના ઘડનારા તમે પોતે જ છો. તમે આગળ આવો, જવાબદારી ઉઠાવો અને પરિણામો આપો. જ્યારે જ્યારે પરિવર્તન થયું, જ્યારે જ્યારે ક્રાંતિ થઈ છે ત્યારે હંમેશાં યુવાશક્તિ અને માતૃશક્તિએ પોતાનો પરિચય આપ્યો છે.**

યુવાનો પાસે વિચાર છે, માઈન્ડ પાવર છે, હોશ છે અને તાકાત ઉપરાંત ઊર્જા છે. બીજી એ વાત કરવી છે કે તમે ખાસ ડિફેન્સમાં જોડાવ. મને ખબર છે કે મરાઠા રેજિમેન્ટ છે, જાટ રેજિમેન્ટ છે, રાજપૂતાના રેજિમેન્ટ છે પરંતુ ગુજરાત રેજિમેન્ટ નથી. ગુજરાતના નવલોહિયાઓના રજકણોમાં હું પરિવર્તન જોઈ રહ્યો છું. ડિફેન્સને લગતાં કોર્સમાં જોડાઈએ જ્યારે પ્રોજેક્ટ પૂર્ણ થશે ત્યારે જીપીએસસીની સાથે આપણે ડિફેન્સ સેન્ટર પણ બનાવવા જઈ રહ્યા છીએ.

તંદુરસ્ત ભારતના નિર્માણ માટે દેશી ગાય આધારિત ઓર્ગેનિક ખેતીમાં જોડાવ. ડેરી ઉદ્યોગમાં તાલીમ લઈને જોડાવ. દેશના સાત લાખથી વધુ ગામડાઓ એંસી ટકાથી વધુ લોકો ગામડાંમાંથી આવતા. આજે ચોસઠ ટકા લોકો ગામડાંમાં રહે છે. સાઈઠ દિવસમાં આપણે જોયું કે આપણું જીવન ગ્રામ્ય આધારિત હતું. આપણને શાકભાજી, કઠોળ, દૂધ અને અનાજ ખેડૂતોએ પૂરું કર્યું. ડેરી ઉદ્યોગમાં જોડાવ.

કોરોનાનો ઈલાજ દેશી ગાયના ઉત્પાદનોમાં છે એવા અનેક સૂચનો આવ્યા હતા. આ મારો વિષય નથી. પરંતુ એક વાત તો છે કે ગ્રામ્ય સંસ્કૃતિ તરફ આપણો પ્રવાહ વહી રહ્યો છે. અમૂલનું ઘી ૫૦૦માં વેચાતું હોય તેમ રામદેવજીનું ઘી ૭૦૦માં અને પરંતુ બંસી ગીરનું ઓર્ગેનિક ઘી ૫૦૦૦ના ભાવે વેચાય છે. આનો અર્થ એ છે કે જાગ્રત લોકો ઓર્ગેનિક ખાવા માંગે છે. સારી છાશ લેવા માંગે છે. અનેક મિત્રોએ મને વાત કરી કે આપના પુત્ર ગોપાલ સુતરિયા દ્વારા ગો-ઉત્પાદન એક પ્રેરણાદાયી પગલું છે. જે આજના સમયની માંગ છે.

પાંચમો મુદ્દો છે યુવાશક્તિમાં દસ

વર્ષ રોકાણ કરવા માટે ૧૯૫૮માં પરસાણા દાદાએ વિવિધ પ્રકારના ઠરાવો પસાર કર્યા હતા અને સામાજિક બદલાવોને આહ્‌વાન આપ્યું હતું. એવી જ રીતે ૨૦૦૬ની અંદર મહેસાણામાં ૫૦૦થી વધુ સમાજ સુધારકો આગેવાનો દ્વારા ભેગા થઈને સામાજિક સુધારાઓ માટેની અપીલ અને ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા. ૨૦૧૯ની અંદર ચિંતન શિબિર કરી હતી. ઘણાં અંશે તે દિશામાં કામ પણ થયું છે. મિત્રો, આપણે સૌ જાણીએ છીએ કે શિક્ષણની શું જરૂરિયાત છે. આપણા સૌ ટ્રસ્ટીઓ શિક્ષણ પાછળ ખર્ચ કરવા તૈયાર છે. તમે જુઓ તો મહાત્મા ગાંધી પણ બેરિસ્ટર હતા, સરદાર સાહેબ પણ બેરિસ્ટર હતા, ગોપાલકૃષ્ણ ગોખલે, પંડિતજી સૌ બેરિસ્ટ્રી ભણીને આગળ આવ્યા હતા. શિક્ષણનું મહત્ત્વ વિશેષ છે. સામાજિક સંસ્થાના નાના મોટા હોલ હોય, તેમાં જીપીએસસી-યુપીએસસી, બિઝનેસ સેન્ટર, રાજનીતિ તાલીમ કેન્દ્ર, મીડિયા તાલીમ કેન્દ્ર શરુ થાય. સરકારી યોજનાઓનું માર્ગદર્શન કેન્દ્ર, મહેસૂલ માર્ગદર્શન શરુ થાય તો આપણે માળખાકીય ખર્ચ નહીં થાય. મારી જિંદગીનું આ એક સુવાક્ય છે કે... સંતો, મહંતો, વીરપુરુષો અને મહાપુરુષોમાંથી એક જ વિચાર પકડ્યો છે.... નિઃસ્વાર્થ સેવા અને વિશુદ્ધ પ્રેમની દુનિયા અનંત અને મહાન છે. આપણે આવા મહાપુરુષોને રોલ મોડેલ બનાવવા જોઈએ. જેમનું સ્વપ્ન હતું કે સ્વાવલંબી ભારત બને. ભગવાન કૃષ્ણને જીવનના રોલ મોડેલ બનાવીએ. કૌટિલ્ય ચાણક્યને આપણે રોલ મોડેલ બનાવી શકાય. ગાંધીજી જેમણે મારા સપનાંના ભારતમાં સરસ વાત કરી છે. કોઈને સૈનિક



**સંતો, મહંતો, વીરપુરુષો અને મહાપુરુષોમાંથી એક જ વિચાર પકડ્યો છે.... નિઃસ્વાર્થ સેવા અને વિશુદ્ધ પ્રેમની દુનિયા અનંત અને મહાન છે. આપણે આવા મહાપુરુષોને રોલ મોડેલ બનાવવા જોઈએ. જેમનું સ્વપ્ન હતું કે સ્વાવલંબી ભારત બને.**

બનવું હોય, રાજપુરુષ બનવું હોય કંઈ પણ કામ કરવું હોય તો તે મારા સપનાંના ભારતમાં છે. રાજમોહન ગાંધીનું પુસ્તક... સરદાર એક સમર્પિત જીવન... સ્વામી વિવેકાનંદને રોલ મોડેલ બનાવી શકીએ છીએ. સ્વામી સચ્ચિદાનંદજીને તેમના પુસ્તક 'વાસ્તવિક્તા'માં વાંચીએ તો ખ્યાલ આવે છે. તમે જવામર્દીથી બહાર આવો. ઘટામેં છુપકે સિતારે ફના નહીં હોતે, અંધેરી રાત કે દિલમેં દિયે જલાકે જીયો, યે જિંદગી કિસી મુકામ પે નહીં રુકતી...

જાણતા અજાણતાં ક્યાંય અમારાથી મનદુઃખ થયું હોય તો અમે માણસ છીએ. આપણે સૌ માણસો છીએ. પ્રસિદ્ધિ માટે નહીં પણ ઝીરો બનીને કામ કરવા માટે આપણે ભેગા થયા છીએ. આપણા રસ્તા અલગ હશે પણ મંઝિલ તો એક છે. મેં હમણાં પરમ દિવસે દિવ્યભાસ્કરમાં વાંચ્યું કે ત્રીસ હજાર લગ્નો મુલતવી રહ્યાં છે. મુલતવી રાખ્યા વિના સાદાઈથી પૂરું કરી દેવું, મારા દીકરા ગોપેશ અને નિરાલીના લગ્નમાં બ્રાહ્મણ વિના જ લગ્ન કર્યા હતા અને આજે સુંદર સંસાર ચાલે છે. જેમને અનુકૂળતા હોય એ તનમનધનથી આરોગ્યધામ, વિકાસના ધામમાં શિક્ષણના ધામમાં મદદ કરે. વિશેષ મારે એ વાત કરવાની છે કે તમને સૌને આવનારા સમયની અંદર આજના મુદ્દાઓ જો સાચા અને જરૂરી લાગતા હોય તો ખૂબ દિલથી લાઈક કરજો અને વૈચારિક બળ આપીને પ્રોત્સાહન આપજો અને આ વિચારને આગળ વધારજો. યુવા અને માતૃશક્તિને આગળ કરીને આપણે વિશેષ પ્લેટફોર્મ આપવાનું છે. ડિગ્રી અને સ્ટેટસને બાજુમાં મૂકીને નાનામાં નાનું કામ પણ કરીશું. ડૉ. ધવલ પટેલ જે એક ડૉક્ટર હતા અને તેઓ ભણતા ભણતા આઈએએસ બન્યા. આવો આપણે એક સૂર સાથે આગળ વધીએ. જય સરદાર જય હિંદ... ■

સમસ્ત પાટીદારની એકતાનું ધામ

**સરદારધામ**

વિશ્વ પાટીદાર સમાજ

સમાજ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણ



શ્રી લેઉઆ પટેલ પ્રગતિ મંડળ

**કેળવણીધામ**

શ્રી ધરમશીભાઈ એચ. મોરડિયા

કુમાર છાત્રાલય

સંચાલિત

શ્રી રણછોડભાઈ હરજીભાઈ બોઘરા સિવિલ સર્વિસ કેન્દ્ર

# કોરોનાના સમયમાં દિવસ-રાત કામ કરતાં સમાજના સરકારી નોકરીમાં નિયુક્ત યુવાનો-યુવતીઓને અભિનંદન

સરદારધામ અને કેળવણીધામ દ્વારા સંયુક્ત ઉપક્રમે ચાલતા સિવિલ સર્વિસ કેન્દ્રમાંથી અત્યાર સુધીમાં ૩૮૨ જેટલા દીકરા-દીકરીઓ ડેપ્યુટી કલેક્ટર, જિલ્લા રજિસ્ટ્રાર, મામલતદાર, પોલીસ ઈન્સ્પેક્ટર, સેક્શન અધિકારી, નાયબ મામલતદાર, પી.એસ.આઈ., નાયબ સેક્સન ઑફિસર, તલાટી, કોન્સ્ટેબલ તરીકે નિયુક્તિ પામીને અત્યારની જે કોરોનાગ્રસ્ત પરિસ્થિતિ છે તેમાં રાત દિવસ કોરોનાના દર્દીઓ અને જરૂરિયાતમંદ લોકોને મદદરૂપ થઈ રહ્યા છે તે માટે આ તમામ કોરોના યોદ્ધાઓને સરદારધામ અને કેળવણીધામ વતી લાખ લાખ અભિનંદન છે. તેઓ પોતાના પરિવારનું ગૌરવ તો વધારી જ રહ્યા છે સાથે સાથે દેશ અને દુનિયામાં સમાજનું ગૌરવ પણ વધારી રહ્યા છે.







# લોકોપયોગી માર્ગદર્શન




**એચ. એસ. પટેલ**
આઈ.એ.એસ. (નિ.)
સી.ઈ.ઓ. સરદારધામ




## ખેતીની જમીન બહુહેતુક બિનખેતીની (Multi Purpose NA) પરવાનગીની જોગવાઈઓ અંગે જમીન મહેસૂલ અધિનિયમના સુધારા કાયદાની જોગવાઈઓ

જમીન / મિલ્કતને નિયમન કરતો મહત્ત્વનો કાયદો જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ છે અને આ કાયદાનો મુળભુત હેતુ - કોની પાસેથી કેટલું જમીન મહેસૂલ ઉઘરાવવો તે મુખ્ય હતો. પાછળથી ૧૯૦૩માં હક્કપત્રકની જોગવાઈઓ દાખલ કરવામાં આવી તેનો આશય પણ મહેસૂલી રેકર્ડ અદ્યતન રાખવાની સાથે, જમીન મહેસૂલ ક્યા કબજેદાર પાસેથી વસુલ લેવુ તે સુનિશ્ચિત કરવાનો છે. આમ તો જ્યારે સર્વે સેટલમેન્ટ દાખલ કરવામાં આવ્યું ત્યારે જમીનની પ્રત પ્રમાણે મહેસૂલની આકારણી (Assessment) કરવામાં આવી અને તે મુખ્યત્વે ખેતીની જમીનોની હતી. પરંતુ રેવન્યુ એકાઉન્ટ મેન્યુઅલમાં જમીન મહેસૂલ ઉઘરાવવાની અને હિસાબો નિભાવવાની કાર્યપધ્ધતિ છે જ્યારે ખેતી વિષયક જમીનનો ઉપયોગ બિનખેતીના હેતુ માટે કરવાનો હોય ત્યારે જમીન મહેસૂલ અધિનિયમમાં કલમ-૬૫ પ્રમાણે કલેક્ટરશ્રી પાસે બિનખેતીની પરવાનગી લેવાની જોગવાઈ છે. આ સાથે જમીન મહેસૂલ અધિનિયમમાં કલમ-૪૮ પ્રમાણે જમીનની આકારણી કરવાની જોગવાઈ છે એટલે કે બિનખેતીની પરવાનગી આપતી વખતે જમીનના ઉપયોગ પ્રમાણે આકારણી કરવાની જોગવાઈ જમીન મહેસૂલ નિયમોના ચેપ્ટર-૩ અને ૧૪માં સખાવતી હેતુ, (Charitable) રહેણાંક, વાણિજ્યક, ઔદ્યોગિક વિગેરે માટે કરવામાં આવી છે અને તે વખતો વખત સુધારવામાં આવે છે.

તાજેતરમાં રાજ્યના એક જિલ્લા કલેક્ટર દ્વારા બિનખેતી વિષયક પરવાનગીમાં લેવાપાત્ર રૂપાંતરિત કરના ધોરણો અને કાયદા અને નિયમોના અર્થઘટનની વિસંગતતા અંગે પૃચ્છા કરી, એટલે મને લાગ્યું કે જાહેર જનતા અને મહેસૂલી તંત્રના અધિકારીઓને સ્પર્શતો મુદ્દો હોવાથી જાણકારી માટે સ્પષ્ટતા કરવી જરૂરી જણાય છે. સૌ પ્રથમ તો મહેસૂલી અધિકારીઓએ અને રસ ધરાવતા સૌ કોઈએ એ જાણવાની જરૂર છે કે સૌ જનમાસમાં અને મહેસૂલી અધિકારીઓમાં પણ ફક્ત કલમ-૬૫ હેઠળની બિનખેતીની પરવાનગીની બાબત ઉપર જ ધ્યાન છે. ખરેખર તો કલમ-૬૫ સાથે જમીન મહેસૂલ અધિનિયમની કલમ-૪૮ અને જમીન મહેસૂલ નિયમોના ચેપ્ટર-૩ અને ૧૪માં નિયમ-૮૧માં જણાવેલ બિનખેતી વિષયક જમીન મહેસૂલ આકારણી તેમજ રૂપાંતરિત કર વસૂલ કરવાની જોગવાઈઓ છે અને જે ૧૯૩૬થી શરૂ કરીને આજદિન એટલે કે ૨૦૧૮ સુધી વખતો વખત સુધારવામાં આવી છે અને આમ તો બિનખેતી આકારણી માટે કલેક્ટરશ્રીએ દર વર્ષે જાહેરનામું બહાર પાડવાનું હોય છે.

જમીન મહેસૂલ અધિનિયમની કલમ-૬૫ જોવામાં આવે તો તેમાં તો ફક્ત કલેક્ટરશ્રી દ્વારા બિનખેતીની પરવાનગી આપવાની જોગવાઈ કરતી કલમ છે અને સરકારે જે પ્રામાણિક ઔદ્યોગિક હેતુ માટે કલમ-૬૫-ખ ઉમેરવામાં આવી છે તે છે, બાકી તો જમીન મહેસૂલની આકારણી તો અધિનિયમની કલમ-૪૮ હેઠળ કરવામાં આવે છે. ખરેખર તો બિનખેતી ધારો વસૂલ કરવાના ભાગરૂપે જે હેતુ માટે બિનખેતી પરવાનગી આપવામાં આવી હોય તેનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે જેમાં સખાવતી, રહેણાંક, વાણિજ્ય વિષયક, ઔદ્યોગિક હેતુ વિગેરે અને જેમાં મહાનગરો, ગામ વિગેરેની વસ્તીના આધારે બિનખેતી વિષયક આકારણી કરવાની જોગવાઈ છે.

રાજ્ય સરકારે આ જે જુદા જુદા હેતુ માટે પરવાનગી લીધી હોય અને આકારણી નક્કી કરવામાં આવી હોય ત્યારે માનો કે રહેણાંકના હેતુના બદલે વાણિજ્ય વિષયક

કે ઔદ્યોગિક હેતુ માટે બિનખેતી વિષયકનો હેતુફેર કરવામાં આવે ત્યારે ફરીથી બિનખેતીની પરવાનગી લેવામાં આવે તેટલી જ પ્રક્રિયા હાથ ધરવાની થતી હતી એટલે મહેસૂલ વિભાગે જમીન મહેસૂલ અધિનિયમ સુધારા ક્રમાંક - ૩ / ૨૦૧૬ તા.૨૧-૩-૨૦૧૬થી કલમ-૪૮(૧) માં સુધારો કરી જે બિનખેતી આકારણી પધ્ધતિ જુદા જુદા હેતુ માટે હતી તેમાં એક વધારાનો હેતુ 'બહુહેતુક બિનખેતી' 'Multi Purpose' NA ઉમેરવામાં આવી. આની પાછળનો મુખ્ય આશય એ છે કે, એકવાર જમીન બિનખેતીમાં ફેરફાર થાય ત્યારબાદ ફરીથી કલમ-૬૫ હેઠળની પરવાનગીની પ્રક્રિયા અનુસરવાના બદલે એકવાર બિનખેતીમાં જમીન ફેરફાર થયા બાદ ફરીથી હેતુફેર માટે પરવાનગી લેવી ન પડે. આ સાથે અગત્યની બાબત એ પણ છે કે જો આવી જમીનો માસ્ટર ડેવલપમેન્ટ પ્લાન કે ટીપીમાં જે હેતુ માટે નિયત ઝોન હોય તે જ હેતુ માટે વાપરવાનું અને બાંધકામ કરવાનું નિયંત્રણ છે. આ સુધારા કાયદાથી રાજ્ય સરકારના મહેસૂલ વિભાગે તા.૬-૯-૨૦૧૮નો પરિપત્ર ક્રમાંક - બખપ - ૧૨૨૦૧૫ - ૧૨૦૯ - ક બહાર પાડ્યો. આમ તો સુધારા કાયદો પસાર કર્યા બાદ અઢી વર્ષ બાદ આ અંગેની માર્ગદર્શક સુચનાઓ બહાર પાડવામાં આવી અને જેમાં બહુહેતુક હેતુ માટે બિનખેતીની પરવાનગીની જોગવાઈઓ દાખલ કરવામાં આવી અને જેમાં રૂપાંતરિત કર (Conversion Tax) વસુલ કરવાના ધોરણો નક્કી કરવામાં આવ્યા છે અને તે અંતર્ગત એક લાખથી ઓછી વસ્તી ધરાવતા વિસ્તારો, એક લાખથી વધુ વસ્તી ધરાવતા વિસ્તારો અને રાજ્યના ૮ મહાનગરો અને શહેરી વિકાસ સત્તા મંડળોનો સમાવેશ કરવામાં આવ્યો છે. સાથો સાથ ૧ લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરોની ફરતે ૧ કિ.મી.ના સુધીના વિસ્તારને પણ નિયત ધોરણો લાગુ પડશે તેવું જણાવેલ છે અને આ પરિપત્રમાં જે છેલ્લી વસ્તી ગણતરીના પ્રમાણભૂત આંકડા હોય તે પ્રમાણે વસ્તીનું ધોરણ નક્કી કરવામાં આવ્યું છે. આ પરિપત્રમાં જે અર્થઘટનનો મુદ્દો તેમજ વિસંગતતા એ છે કે, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળોના ગામો છે તેમાં પણ 'ક' વર્ગનો વિસ્તાર ગણીને રૂપાંતરિત કર વસૂલ કરવાની બાબત છે. જ્યારે આ શહેરી વિસ્તારોમાં સમાવિષ્ઠ ગામોની વસ્તી સ્વાભાવિક રીતે એક લાખથી ઓછી હોય અને વસ્તી ગણતરી અને કાયદા પ્રમાણે તે ગામની વ્યાખ્યામાં આવ્યા છે આ જ રીતે એક લાખથી વધુ વસ્તી હોય તો પણ તે નગરને રૂપાંતરિત કર ઓછો લાગે જ્યારે શહેરી વિકાસ સત્તા મંડળમાં સમાવિષ્ઠ ગામને 'ક' વર્ગમાં ગણતાં વધુ રૂપાંતરિત કર લાગે, પણ અર્થઘટનની રીતે જોઈએ તો તેમાં જે 'ક' વર્ગમાં પાંચ કિલોમીટરની મર્યાદાનો ઉલ્લેખ છે તે લાગુ ગણવો જોઈએ અને તે સાચું અર્થઘટન છે કારણ કે અગાઉના શહેરી જમીન ટોચ મર્યાદા કે અન્ય કાયદાઓમાં પણ મોટા શહેર એટલે કે મહાનગરપાલિકાની નજીકનો પાંચ કિલોમીટરનો વિસ્તારનો ઉલ્લેખ છે અને પરિપત્રમાં પણ આ જોગવાઈ છે પરંતુ આ પ્રમાણે અર્થઘટન કરીને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં ચકાસી સરકારે પણ આ અંગે વધુ સ્પષ્ટતા કરવી જોઈએ, કારણ કે દેખીતી વિસંગતતા જણાય છે. ખરેખર તો મહેસૂલીતંત્રએ મહેસૂલી આવકમાં વધારો કરવો હોય તે જમીન મહેસૂલ અધિનિયમની કલમ-૪૮માં જે બિનખેતી વિષયક આકારણી થાય તે પ્રમાણે દર વર્ષ પ્રતિ ચોરસ મીટર બિનખેતીનો આકાર વસૂલ કરવા ગામના નમૂના નં. ૨ પ્રમાણે દરેક પ્લોટ / જમીન ધારક પાસેથી વાર્ષિક બિનખેતીનું માંગણું અદ્યતન કરી દર વર્ષે નિયમિત વસૂલ કરવાથી સરકારને અબજો રૂપિયાની વાર્ષિક આવક નિયમિત સ્વરૂપે આવે તેમ છે અને સરકારે પણ હવે રેવન્યુ એકાઉન્ટ મેન્યુઅલમાં સુધારો કરી વાર્ષિક વસૂલ કરવાપાત્ર માંગણાપત્રક તૈયાર કરી Online મુકવાના અને Online e payment કરવા માટે સુધારો કરવો જરૂરી છે. આશા રાખવામાં આવે છે કે ઉપરોક્ત સ્પષ્ટતા મહેસૂલી અધિકારીઓ અને જાહેર જનતાને ઉપયોગી નીવડશે.

આ ઉપરાંત તાજેતરમાં મહેસૂલ વિભાગના તા.૨૨-૫-૨૦૨૦ના પરિપત્ર ક્રમાંક - નશજ - ૧૦૨૦૦૬ / ૫૭૧ / જ પાર્ટ-૨ અન્વયે નવી અને અવિભાજય શરતની તેમજ ગણોતધારાની પ્રતિબંધક સત્તા પ્રકારની જમીનમાં બિનખેતી / ખેતીના હેતુ માટે જૂની શરતમાં ફેરવવા માટે પ્રિમિયમ વસુલવાની કાર્યપધ્ધતિ ઓનલાઈન કરવામાં આવી છે જેમાં જે તે હેતુ માટે શહેરી વિસ્તારમાં બિનખેતીના ખુલ્લા પ્લોટ તેમજ બિનખેતીના ઔદ્યોગિક હેતુ માટેના જંત્રીના દર નક્કી કરેલ છે તે વસુલવાના છે તે જ રીતે ગ્રામ્ય વિસ્તારમાં જે હેતુ માટે જંત્રી દર નક્કી કર્યો છે તે વસૂલ કરવાના છે જે વિસ્તારના જંત્રી દર નક્કી થયેલ ન હોય તેમાં નાયબ કલેક્ટર સ્ટેમ્પ ડ્યુટીનો ઓનલાઈન પરામર્શ કરીને પરવાનગી આપતી જોગવાઈ કરવામાં આવી છે.

મહેસૂલ સુધારા એક્ટ ૩ / ૨૦૧૬માં બહુહેતુક બિનખેતી સુધારાના પરિપત્રમાં લોકહિતમાં સ્પષ્ટતા જરૂરી'. ■



**ચેતન ભગત**
વિશ્વના જાણીતા ચિંતક, વિચારક અને લેખક



# કષ્ટથી ડરો નહીં

**જીવનમાં કષ્ટ તો છે જ. આ તો બુદ્ધ કહે છે. જીવન દુઃખ છે. આપણે ઈચ્છીએ છીએ કે કષ્ટ ના હોય. મહેનત કરવામાં કષ્ટ થાય છે. તમે ગમે તે કરો તેમાં કષ્ટ જ મળે છે. જે વસ્તુ આનંદ આપે છે એ જ દુઃખ આપે છે. જે આજે દુઃખ આપે છે એ પાછળથી સુખ આપે છે. આ બધી પછી ખબર પડે છે પણ ત્યારે તેનો કોઈ ફાયદો નથી. કષ્ટથી ના ડરશો. મારી જિંદગીમાં આટલું બધું કષ્ટ ? પણ એ જ તમને પાછળથી સુખ આપશે.**

બે પ્રકારના લોકોને પૂછવામાં આવે છે. એક તમે અહીં સચિન તેંડુલકરને બોલાવી લો. તમે તેના વખાણ કરશો. તેને જોશો. પરંતુ અંદરથી તમને ખબર છે કે તમે સચિન નથી. કારણ કે તમારામાં એ ટેલેન્ટ નથી. પરંતુ કોઈ કોઈ એવા હોય છે જેમને મળીને કે જોઈને એવું થાય કે આનું ભલું થયું છે તો આપણું પણ ભલું થઈ શકે. આવા નમૂનાઓ વધુ ઉપયોગી થઈ શકે છે. તેમને જોઈને એવું લાગે છે કે આ તો મારા જેવો છે. એટલે જ કદાચ મને બોલાવે છે. જીવનમાં કેટલીક મૂંઝવણ એવી હોય છે કે શું કરવું છે એ જ સમજણ પડતી નથી. કોઈના મનમાં એક જ ખ્વાઈશ હોય કે એક છોકરી પટી જાય પણ આ જ ઉંમરે કરિયર પણ બનાવવાની હોય છે. જીવનમાં કેટલીક વસ્તુઓ એવી હોય છે જે શાળાઓમાં નથી શીખવવામાં આવતી. જાતે જ શીખવી પડે છે. હું તમને જિંદગી જીવવાની બે રીતો બતાવું છું. એક સરળ રસ્તો એ છે કે પંજાબ નેશનલ બેંકમાં કોઈની પણ સાથે દોસ્તી કરી લો. અથવા તો હીરાની કોઈ દુકાન ખોલી લો. પણ આ રમતનો પણ અંત આવી ગયો છે. તમને એમ થાય કે આપણે તો વીસ વર્ષના છીએ એટલે આ દિવસો તો આનંદના છે. રમવાના છે. આ ભણવા-બણવાનું છોડો. ખૂબ એશ કરો. આ એક રીત છે. તમે કરી શકો છો. ઈન્સ્ટાગ્રામમાં દિવસની દસ સેલ્ફી લગાવો. રોજ બેઠાં બેઠાં લાઈક્સ ગણો. મારે પચ્ચીસ લાઈક આવી ગયા. મારે પંચોતેર લાઈક્સ આવ્યા. કંઈપણ કરો. માર્કસ-બાર્કસ આ બધું તો

થઈ જશે. આ મમ્મી-પપ્પા ખોટો બકવાસ કર્યા કરે છે. મારી ઉંમર છે અને હું એન્જોય કરી રહ્યો છું. જેમની આ ઉંમર જતી રહી છે એ મારી ઈર્ષ્યા કરી રહ્યા છે. છ સાત કલાક ટી.વી જુઓ. યુ-ટ્યુબ પર ત્રણ-ચાર કલાક વીડિયો જુઓ. સૂઈ જાઓ અને બાર વાગે ઊઠો. આ જીવન છે. બધા આ જ જીવવા માંગે છે ? આપણે તો મંત્ર જાણી લીધો છે. આખું જીવન કરો પણ પછી શું થશે કે તમે ત્રીસના થઈ જશો. પછી તમારી પાસે ટ્વેન્ટીનું બિલ આવશે. તમારા એ બધાં મિત્રો જે ગોઠવાઈ ગયા હશે અને તમે રહી ગયા હશો. તમારી પાસે ત્રીસની ઉંમરે નોકરી નહીં હોય. તમારા મમ્મી-પપ્પા લોકો સામે હાથ જોડશે કે મારા દીકરા કે દીકરીને નોકરી આપો. તમે પણ જઈ જઈને વિનંતી કરશો કે મને કોઈ નોકરી આપો. હવે તો ત્રીસનો થયો એટલે જેમ તેમ બધું કરી લેશો. પછી તમે લગ્ન કરશો, બાળકો થશે અને તમે ચાળીસના થઈ જશો. તમારી પાસે કોઈ પૈસા નહીં હોય કારણ કે તમે તો બહુ સાદી નોકરી કરી હતી. બાળકો જઈ રહ્યા છે સ્કૂલ. ખર્ચા વધી રહ્યા છે. મોટું ઘર જોઈએ ત્યારે તમારે ઘરની લોન ચાલતી હશે. તમારું ઉધાર પણ ચડતું જશે. પછી તમે પચાસના થશો. હજી પણ ઉધારી ચાલુ છે. પછી તમે રિટાયર્ડ થઈ જશો. રિટાયર્ડમેન્ટમાં તમારી પાસે પૈસા નહીં હોય. તમારા બાળકો પાસે પૈસા માટે હાથ ફેલાવશો. બીમાર થઈ જશો ત્યારે ટેન્શન કરશો કે મારી પાસે સારી રીતે ઈલાજ કરાવવાના પૈસા નથી. બેકાર હૉસ્પિટલમાં જઈને લાઈનમાં લાગેલા રહેશો. ૬૦ કે ૭૦ની રાહ જોશો કે મરવું છે. આ પણ એક રીત છે. જ્યારે હૉસ્પિટલમાં પૈસા નહીં હોય ત્યારે યાદ કરજો કે મારા ઈન્સ્ટાગ્રામમાં આવેલો ફોટો બહુ જોરદાર હતો. આ છે પ્લાન-એ અને હવે બીજો પ્લાન છે. પ્લાન-બી જેમાં હું એટલી મહેનત કરીશ કે મેં ક્યારેય કરી નથી. આ જ મોકો છે. એન્ટ્રેન્સ એક્ઝામ થઈ રહ્યા છે. મારું સપનું પૂરું કરવું છે. ત્રીસ વર્ષથી જ હું પૈસા બચાવીશ. તો ચાળીસ સુધીમાં તમારા પૈસા વધ્યા હશે અને તમે જ્યારે વૃદ્ધ હશો ત્યારે તમારી પાસે પૂરતી સુવિધાઓ હશે અને સ્વાવલંબન પણ હશે. તમારી પાસે મેડિકલ હશે. તમે આખી દુનિયા ફરી શકશો. મરવાનું તો બધાને છે. પણ ગૌરવ સાથે. એક લાઈફ આવી પણ હોઈ શકે છે. તમારે નક્કી કરવાનું છે કે એશઆરામની જિંદગી જોઈએ કે વીસીના ઝગડાવાળી જિંદગી જોઈએ. વીસીનું દશક એ ખૂબ મહત્ત્વનું છે. તમે તેનું ત્રીસ સુધી જ તેનું ફળ ખાવો અથવા તેનું બીલ ભરો. હવે હું ૪૪નો થયો છું. જોઉં છું કે જે મિત્રોએ મહેનત કરી છે તેઓ ટેન્શન ફ્રી છે. અને જેમણે એશ કરી છે એ લોકો આજે પણ બાઈકના ધક્કા ખાઈ રહ્યા છે. અને ધક્કા ખાતા

**મારી ઉંમર છે અને હું એન્જોય કરી રહ્યો છું. જેમની આ ઉંમર જતી રહી છે એ મારી ઈર્ષ્યા કરી રહ્યા છે. છ સાત કલાક ટી.વી જુઓ. યુ-ટ્યુબ પર ત્રણ-ચાર કલાક વીડિયો જુઓ. સૂઈ જાઓ અને બાર વાગે ઉઠો. આ જીવન છે. બધા આ જ જીવવા માંગે છે ?**



રહેશે. આ હું શીખ્યો છું. હું તમને ડરાવતો નથી. પણ જીવનમાં કષ્ટ તો છે જ. આ તો બુદ્ધ કહે છે. જીવન દુઃખ છે. આપણે ઈચ્છીએ છીએ કે કષ્ટ ના હોય. મહેનત કરવામાં કષ્ટ થાય છે. તમે ગમે તે કરો તેમાં કષ્ટ જ મળે છે. જે વ્યક્તિ એક્સરસાઈઝ નથી કરતો તેની હેલ્થ ખરાબ થઈ જાય છે. એની એ જ ટેવ એને દુઃખ આપે છે. આપણને લાગે છે કે એક ઘર લઈને તમને જે આનંદ આવે છે પણ એ જ ઘરનો આનંદ લાંબો નથી ટકતો. જે વસ્તુ આનંદ આપે છે એ જ દુઃખ આપે છે. જે આજે દુઃખ આપે છે એ પાછળથી સુખ આપે છે. આ બધી પછી ખબર પડે છે પણ ત્યારે તેનો કોઈ ફાયદો નથી. આધ્યાત્મ પહેલા શીખવું

જ્યારે હું બારમામાં હતો ત્યારે મારે ૬૭ ટકા આવ્યા હતા. તો અમારા ઘરમાં બધાં આવીને એક શોક સભા કરી હતી. ચાલો કંઈક તો કરી જ લેશે. છોડો આ છોકરાને ખાનદાનનો કોઈ બીજો સપૂત કંઈક કરી બતાવશે. મેં પ્લાન બનાવ્યો અને એ વખતે મેં નક્કી કર્યું કે એસ.ટી.ડી બૂથ ચાલું કરું. એના માટે લાઈન લગાવવી પડે. આજે હું ત્યાં જીઓના સીમકાર્ડ વેચતો. લોકો આવે છે ફોન કરે છે અને પૈસા આપીને જાય છે. હું મારું એસ.ટી.ડી બૂથ ખોલીશ અને બહુ સારું કરીશ તો ચાર એસ.ટી.ડી બૂથ હશે. તેમણે મને ઉપરથી નીચે સુધી જોયું અને મારો પ્લાન અપ્રૂવ થઈ ગયો. હું પણ મસ્ત થઈ ગયો. કંઈક અલગ લાગ્યું. મને થયું



**કેટલા બાળકો એવા છે જે નક્કી કરે છે કે મારે આ કરવું છે. જો તમે અહીં આવી જ ગયા છો તો તમે નક્કી કરી લો કે તમારે કરવું છે. મારું સાંભળો કે કોઈ અન્યનું સાંભળો. આ સમય ચાલ્યો જશે. આ સમય રોકાવાનો નથી. ફિલ્મો જોતાં જોતાં પણ ચાલ્યો જશે અને મહેનત કરતાં પણ ચાલ્યો જશે. જવાબ ફિક્સ છે. બીજી વાત એ મેં જોઈ છે કે ઘણાં બધાંમાં આત્મવિશ્વાસ નથી હોતો. આત્મવિશ્વાસ મોડો આવે છે.**

જઈએ. કષ્ટથી ના ડરશો. મારી જિંદગીમાં આટલું બધું કષ્ટ ? પણ એ જ તમને પાછળથી સુખ આપશે. એ આપને આવતી કાલે દુઃખ આપશે. કોઈ જિનિયસ નથી. કેટલા બાળકો એવા છે જે નક્કી કરે છે કે મારે આ કરવું છે. જો તમે અહીં આવી જ ગયા છો તો તમે નક્કી કરી લો કે તમારે કરવું છે. મારું સાંભળો કે કોઈ અન્યનું સાંભળો. આ સમય ચાલ્યો જશે. આ સમય રોકાવાનો નથી. ફિલ્મો જોતાં જોતાં પણ ચાલ્યો જશે અને મહેનત કરતાં પણ ચાલ્યો જશે. જવાબ ફિક્સ છે. બીજી વાત એ મેં જોઈ છે કે ઘણાં બધાંમાં આત્મવિશ્વાસ નથી હોતો. આત્મવિશ્વાસ મોડો આવે છે.

કે હું માત્ર સોળ વરસનો છું અને મારો ફેંસલો થઈ ગયો. કોઈ એવું નો'તું કહેતું કે હું કંઈક અલગ કરીશ. ત્યારે મને લાગ્યું કે મારે કંઈક કરવું પડશે.

એ વખતે મેં મારી ક્ષમતા પ્રમાણે મારા વિશે વિચાર્યું. આજે આ જ પરિવારજનો એવું કહે છે કે કંઈક તો આ વ્યક્તિમાં હતું એટલે જ એણે કંઈક કરી બતાવ્યું. તમારો સમય ચાલી રહ્યો છે. તમે તેનો ઉપયોગ કરીને આગળ વધો. આનંદ અને ભણતરને બેલેન્સ કરીને ચાલશો તો કરિયર પણ બનતી જશે અને યુવાનીને પણ માણી શકશો. ■




**શૈલેશ સગપરિયા**
સંયુક્ત નિયામક, સ્પીપા, રાજકોટ
માનદ્ સલાહકાર, સિવિલ સર્વિસ તાલીમ કેન્દ્ર,
રાજકોટ, સરદારધામ





એક ભાઇને ઘણા સમયથી ગળાના ભાગમાં દુ:ખાવો રહેતો હતો અને ધીમે ધીમે દુ:ખાવો વધતો જતો હતો. એક દિવસ એ ગળાના ડૉક્ટરની મુલાકાતે ગયો. ડૉક્ટરે બધી જ તપાસ કરી અને જરૂરી રીપોર્ટસ કરવાની સુચના આપી. થોડા દિવસમાં સુચના મુજબના તમામ રીપોર્ટ્સ થઇ ગયા એટલે એ ભાઇ રીપોર્ટ્સ લઇને ડૉક્ટરને મળવા ગયા. ડૉક્ટરે બહુ ધ્યાનપૂર્વક બધા જ રીપોર્ટ્સ જોયા અને કહ્યુ, 'ભાઇ, મને કહેતા દુ:ખ થાય છે પણ આપને ગળાનું કેન્સર છે.' જવાબ સાંભળીને દર્દીના હોશકોશ ઊડી ગયા. એણે ડૉક્ટરને કહ્યુ, ' સાહેબ, આનો ઇલાજ શું ?' ડૉક્ટરે કહ્યુ, 'લાસ્ટ સ્ટેજ છે એટલે હવે સારવારનું કોઇ નક્કર પરિણામ મળી શકે તેમ નથી. આપણે હાલ પુરતી તમને દુ:ખાવો ઓછો થાય એવી દવાઓ કરીએ.' દર્દીએ વિદાય લીધી એટલે ડૉક્ટરે એના આસિસ્ટન્ટને કહ્યું, 'આ ભાઇના રીપોર્ટ જોતા મને એમ લાગે છે કે આ ભાઇ હવે થોડા મહિનાના મહેમાન છે.'

થોડા વર્ષો પછી શહેરના આ સૌથી નામાંકિત ડૉક્ટર એમના એક અંગત મિત્રને મળવા માટે ગયા. ઉદ્યોગપતિ મિત્રની ઑફિસમાં બેસીને બંને વાતો કરતા હતા ત્યારે એક ભાઇ ત્યાં કોઇ કામ માટે આવ્યા. ઉદ્યોગપતિએ ડૉક્ટર મિત્ર સાથે એમની ઓળખાણ કરાવી કે આ મારા બિઝનેશ પાર્ટનર છે. થોડી વાતચીત પછી ઉદ્યોગપતિના પાર્ટનરે ડૉક્ટરને કહ્યુ, 'સર, મેં આપના વિષે મારા મિત્ર પાસેથી અને બીજા કેટલાય લોકો પાસેથી ઘણું સાંભળ્યુ છે. આપના જેવા નિષ્ણાંત ડૉક્ટર આપણા શહેરનું ગૌરવ છે. સર, મને થોડા દિવસથી ગળામાં દુ:ખે છે આપ મને એપોઇન્ટમેન્ટ આપો તો હું આપની હૉસ્પિટલ આવીને બતાવી જાઉં.'

ડૉક્ટરે કહ્યું, 'આપ, મારા મિત્રના પાર્ટનર છો આપને મારી હૉસ્પિટલ સુધી આવવાની કોઇ જ જરૂર નથી લાવો હું અત્યારે જ આપને

**'ડૉક્ટર સાહેબ, ઓળખાણ પડે છે ? થોડા વર્ષો પહેલા તમે મને તપાસીને લાસ્ટ સ્ટેજના કેન્સરનું નિદાન કરેલું અને હવે ઇલાજ શક્ય જ નથી એમ કહેલું ?'**
**ડૉક્ટરની આંખો આશ્ચર્યથી પહોળી થઇ ગઇ એણે કહ્યું 'આવું કેવી રીતે બની શકે ? હું મારા નિદાનમાં ખોટો પડું જ નહીં.'**

ચેક કરી આપું.' ડૉક્ટરે પોતાની પાસે રહેલી નાની લાઇટથી ગળામાં તપાસ કરી અને કહ્યું, 'ભાઇ તમને કોઇ જ વાંધો નથી.' પેલા ભાઇએ કહ્યું, 'પણ સાહેબ અહીંયા આપની પાસે આ સામાન્ય બેટરી સિવાય બીજા કોઇ સાધનો નથી એટલે નિદાન તો બરોબર છે ને ?' ડૉક્ટરે કહ્યું, 'ભાઇ, મેં મારું જીવન જ આમાં કાઢ્યું છે મારે કોઇ વધુ સાધનોની જરૂર જ નથી. હું માત્ર નજર નાંખીને નિદાન કરી શકું. તમારું ગળું બિલકુલ બરોબર છે અને ગળામાં બીજી કોઇ જ તકલીફ નથી.'



ઉદ્યોગપતિના એ બિઝનેશ પાર્ટનરે ડૉક્ટરની સામે મધુર સ્મિત આપીને કહ્યુ, 'ડૉક્ટર સાહેબ, ઓળખાણ પડે છે ? થોડા વર્ષો પહેલા તમે મને તપાસીને લાસ્ટ સ્ટેજના કેન્સરનું નિદાન કરેલું અને હવે ઇલાજ શક્ય જ નથી એમ કહેલું ?' ડૉક્ટરની આંખો આશ્ચર્યથી પહોળી થઇ ગઇ એણે કહ્યું 'આવું કેવી રીતે બની શકે ? હું મારા નિદાનમાં ખોટો પડું જ નહીં.'

'સાહેબ આપનું નિદાન બિલકુલ સાચું જ હતું. મેં બીજા ડૉક્ટરની મુલાકાત લીધી ત્યારે એમણે પણ મને કેન્સર હોવાનું જ કહ્યું પણ એમણે મને સાથે સાથે એ પણ કહ્યું કે બીજી કોઇ ચિંતા ન કરો આપણે પ્રયાસ કરીએ ભગવાન પર ભરોસો રાખો ચોક્કસ મટી જશે. ડૉક્ટરની આ સાંત્વનાથી મને ખૂબ સારું લાગ્યું અને પછી એમની વારંવારની મુલાકાત અને જીવનપ્રત્યેના હકારાત્મક અભિગમની અસર મારા કેન્સર પર થઇ. આજે તમે એનું પરિણામ જોઇ રહ્યા છો. ડૉક્ટર સાહેબ, આપને એક નાની વિનંતી કરવી છે મહેરબાની કરીને કોઇને ક્યારેય એવી વાત ન કરતા કે આ દરદનો કોઇ ઇલાજ જ નથી.'

**લોકો જ્યારે પોતાના દુ:ખ દર્દ લઇને તમારી પાસે આવે ત્યારે એનું દુ:ખ દર્દ ઓછું ન કરી શકો તો કોઇ વાંધો નહી પરંતુ નકારાત્મક વાતો દ્વારા એના દર્દમાં વધારો કરવાનું કામ તો ન જ કરવું. મોટાભાગના ડૉક્ટર મિત્રો દર્દીને હકારાત્મક વાતો સાથે સાંત્વના આપવાનું કામ કરતા હોય છે.**

લોકો જ્યારે પોતાના દુ:ખ દર્દ લઇને તમારી પાસે આવે ત્યારે એનું દુ:ખ દર્દ ઓછું ન કરી શકો તો કોઇ વાંધો નહી પરંતુ નકારાત્મક વાતો દ્વારા એના દર્દમાં વધારો કરવાનું કામ તો ન જ કરવું. મોટાભાગના ડૉક્ટર મિત્રો દર્દીને હકારાત્મક વાતો સાથે સાંત્વના આપવાનું કામ કરતા હોય છે પણ કેટલાક અપવાદરુપ મિત્રો આવું નથી કરી શકતા. આવા મિત્રો જે વાસ્તવિકતા હોય એ છુપાવવામાં માનતા નથી હોતા. હું એમ નથી કહેવા માંગતો કે વાસ્તવિકતાથી આપણે આંખમીંચામણી કરીએ પરંતુ કમસેકમ થોડી સારી વાતો દ્વારા એને પ્રોત્સાહિત કરવાનો પ્રયાસ તો ચોક્કસપણે કરી શકાય. દર્દી સાથે જો સારી રીતે વાત કરવામાં આવે તો અમુક ટકા દર્દ તો આપો આપ જતું રહે કારણકે શરીરને મન સાથે સીધો સંબંધ છે.

થોડા સમય પહેલા રાતના લગભગ ૧૨ વાગ્યાની આસપાસ મારા મોબાઇલમાં એક મેસેજ આવ્યો. હું હજુ જાગતો હતો એટલે મેં મેસેજ વાંચ્યો. મેં કોઇનું કંઇ જ નથી બગાડ્યું તો પછી ભગવાન મારી સાથે આવું કેમ કરે છે? આવો મેસેજ અજાણ્યા નંબર પરથી હતો. મેં નામ પૂછ્યું તો એણે કહ્યુ કે હું એક નાના ગામડામાં રહું છું અને તમારી



> **આપણી પાસે પોતાના પ્રશ્નોના ઉકેલ માટે આવતા માણસને સૌથી વધુ હૈયાધારણાની જરૂર હોય છે. એમનું મનોબળ મજબુત થવાને બદલે ઉલટાનું તૂટી પડે એવું કોઇ કૃત્ય ક્યારેય ન કરવું.**

વાર્તા ફેસબુક પર વાંચું છું. મને તમારી સાથે વાત કરવાની ઇચ્છા હતી એટલે મેં ફેસબુક પર જ તમારો નંબર માંગેલો અને તમે નંબર આપેલો. મેં કહ્યું, 'ભાઇ, ભગવાન તારી સાથે શું કરી રહ્યા છે જે તને પસંદ નથી.' એણે માંડીને વાત કરતા કહ્યું, 'સાહેબ, મને એક નાની ગાંઠ થઇ હતી એટલે ગળાના ડૉકટરને બતાવ્યું. એણે તપાસ કરીને મને કહ્યું કે બાયોપ્સી કરવી પડશે. મેં જ્યારે પૂછ્યું કે સાહેબ કોઇ ચિંતા જેવું નથી ને તો એણે કહ્યું કે ચિંતા જેવું જ છે આ સામાન્ય ગાંઠ નથી. આ વાત સાંભળતા જ મારા પગ નીચેથી ધરતી સરકી ગઇ. હજુ તો મારી ઉંમર ૨૧ વર્ષની છે મેં દુનિયાને પૂરી જોઇ પણ નથી તો પછી ભગવાન મારી જિંદગી સાથે રમત કેમ રમે છે ?'

મેં એ છોકરા જોડે મેસેજ દ્વારા મોડી રાત સુધી વાત કરી એને સાંત્વના આપી. થોડા દિવસ પછી રીપોર્ટ ડૉકટરને બતાવવા જવાના હતા. તે દિવસે સવારે એનો મેસેજ આવ્યો કે સાહેબ રીપોર્ટ નેગેટીવ હોય તો સારું. આ મેસેજ પરથી જ એનો ડર સ્પષ્ટપણે દેખાતો હતો. જ્યારે આ છોકરાના રીપોર્ટસ તૈયાર થઇ ગયા ત્યારે એણે એના સગાંવહાલાંને કહ્યું કે મારે આ રીપોર્ટસ કોઇ બીજા ડૉકટરને બતાવવા છે મારે હવે કોઇપણ સંજોગોમાં પહેલા ડૉકટર પાસે જવું જ નથી. છોકરાની જીદને કારણે એને શહેરના બીજા ડૉકટર પાસે લઇ ગયા. ડૉકટરે રીપોર્ટસ જોયા અને કહ્યું, 'ચિંતા જેવું કંઇ નથી. ગાંઠના જીવાણું થોડા અલગ પ્રકારના છે પણ આપણે એની સારવાર કરીશું. હાલ પૂરતું ઓપરેશન કરીને ગાંઠને દૂર કરી દઇએ.' હૉસ્પિટલમાં બેઠા બેઠા જ એ છોકરાએ મને ફોન કરીને કહ્યું, 'સાહેબ, ચિંતા કરવા જેવું કંઇ જ નથી.' એના અવાજમાં આનંદના પડઘા પડતા હતા. એ છોકરાનું ઓપરેશન થયું , ગાંઠ દૂર થઈ અને આજે એ સંપૂર્ણ સાજો થઈ ગયો છે.

આપણી પાસે પોતાના પ્રશ્નોના ઉકેલ માટે આવતા માણસને સૌથી વધુ હૈયાધારણાની જરૂર હોય છે. એમનું મનોબળ મજબૂત થવાને બદલે ઉલટાનું તૂટી પડે એવું કોઇ કૃત્ય ક્યારેય ન કરવું.

કોરોનાની મહામારીની વ્યાપક અસરો હવે જોવા મળશે. કેટલાય લોકો નિરાશ અને હતાશ થઈને એની સમસ્યાઓ વર્ણવવા તમારી પાસે આવશે. આવા લોકોની સમસ્યા હળવી કરવા માંગતા હોય તો એને હૈયાધારણ આપજો. ભગવાન માણસને નીચે પાડે તો એને ઊભા થવા માટેની શક્તિ પણ આપતા જ હોય છે એટલે નીચે પડેલો માણસ ક્યારેય ઊભો ન થઇ શકે એવું ન હોય. જગતમાં તમને અનેક ઉદાહરણો એવા જોવા મળશે જેમાં માણસ ઉપરથી નીચે પછડાયો હોય અને ફરીથી ઉપર પહોંચ્યો હોય.

મનથી મજબૂત રહીને પ્રયાસો કરતા રહીશું તો પરમાત્મા એનું પરિણામ અવશ્ય આપશે. ■



**કાજલ ઓઝા વૈદ્ય**
જાણીતા યુવા કટાર લેખિકા



# રાતભર કા હૈ મહેંમા અંધેરા...

લોકડાઉન, ક્વોરન્ટાઈન, હોમ બાઉન્ડ...ની સાથે સાથે ધીમે ધીમે પણ વધતો મૃત્યુદર. સપડાતા લોકો, ચારે તરફથી આવતા અણગમતા સમાચારોની સાથે સાથે જરૂરી-બિનજરૂરી, સાચા-ખોટા સૂચનો. આપણે છેલ્લા એક પખવાડિયાથી શહેરને આપણી બારીના ચોરસ આકારમાં જોયું છે. આકાશનો એવડો જ ટુકડો આપણે જોતા રહ્યા જેટલો આપણને આપણી બાલ્કનીમાંથી, બારીઓમાંથી કે ટેરેસમાંથી દેખાયો ! મજાની વાત એ છે કે આપણને ખબર છે કે આકાશ એવડું નથી. આપણને એ પણ ખાતરી છે કે આપણી જમણી બાજુથી ડાબી બાજુ સુધી નજર પહોંચે ત્યાં સુધી નથી આપણું શહેર, ફક્ત !

અજગરની જેમ લંબાઈને પડેલી સડકો ઉપર માણસ ન દેખાય, વાહન ન ફરતા હોય ત્યારે એ સડક પહેલાં શાંત અને ધીમે ધીમે ભયાનક લાગવા માંડે. શરૂઆતમાં પંખીના અવાજો ગમે, પછી કદાચ કોલાહલ લાગે, કોઈકને. શરૂઆતમાં ઘરમાં રહેવું ગમે, આરામ જેવું લાગે, પછી ધીરે ધીરે આર્થિક નુકસાન અને ૨૧ દિવસ પછીના ઉઘડતા બજારના વિચારો આવવા માંડે, પજવવા માંડે. આપણા બધા સાથે આવું થયું છે. મુકેશ અંબાણીને કદાચ હજારો કરોડનું નુકસાન થયું હશે અને સામાન્ય લારી ખેંચવાવાળાને કે ચાની કીટલી ચલાવનારને થોડા હજારનું. નુકસાન સહુનું થયું છે, પરંતુ સામે જિંદગીઓ બચી છે. આપણે બધી ધીરે ધીરે માત્ર આંકડામાં હિસાબ માંડતા શીખી ગયા. નંબર્સ આપણા જીવનનું સત્ય બની ગયું. ઉંમર, કિંમત, કલાક, પલ્સ રેટ, બ્લડપ્રેશર, ડાયાબિટીસની સાથે સાથે હિમોગ્લોબિન અને ચાલવાના પગલા માપવાના પણ સાધનો આવવા માંડ્યા. બધું જ ડિજિટલ !

**'કોઈ કલાક ૬૦ મિનિટથી લાંબો નથી હોતો.' આ વાત સુખ અને દુઃખ બંને માટે લાગુ પડે છે. બહુ સુખમાં હોઈએ, આનંદમાં હોઈએ, પ્રેમમાં હોઈએ, પૈસા કમાઈ રહ્યા હોઈએ કે પ્રસિદ્ધિની તાળીઓ સાંભળી રહ્યા હોઈએ ત્યારે પણ એ પૂરું થવાનું છે એ યાદ રાખવું જરૂરી છે.**



આ આંકડાએ આપણને ગુંચવી દીધા. અંકોડા ભીડાવ્યા, આપણા મગજમાં. કદાચ એટલે પેલી અંકિત થયેલી સ્મૃતિઓ ભૂંસાવા લાગી. છેલ્લા થોડા દિવસમાં કેટલાય લોકોએ જૂના દિવસો યાદ કર્યા છે. સંબંધો રિવાઈવ થયા છે. જાત રિજુવીનેટ થઈ છે... આંકડાથી મુક્ત થઈને આપણા સાંકડા મન મોકળા થયા છે. સત્ય પૂછો તો દરેક માણસાનો રવિવારની કિંમત હતી, હવે મૂલ્ય સમજાયું છે. અંગ્રેજીમાં 'પ્રાઈસ' નામનો શબ્દ

છે. આપણી પાસે સંસ્કૃતથી ઉતરી આવેલી ભાષાઓમાં કિંમત અને મૂલ્ય એવા બે જુદા શબ્દો છે. હવે આપણે જિંદગીની, સંબંધોની કિંમતને બદલે મૂલ્ય આંકતા શીખ્યા છીએ, શીખી રહ્યા છીએ.

જગતની કોઈપણ સમસ્યા બહુ લાંબી ચાલી નથી, એવું ઈતિહાસ કહે છે. વિશ્વયુદ્ધ હોય કે મહામારી, ક્યાંક તો પૂરું થતું જ હોય છે. રજનીશજીએ પોતાના એક વ્યાખ્યાનમાં કહ્યું છે, 'કોઈ કલાક ૬૦ મિનિટથી લાંબો નથી હોતો.' આ વાત સુખ અને દુ:ખ બંને માટે લાગુ પડે છે. બહુ સુખમાં હોઈએ, આનંદમાં હોઈએ, પ્રેમમાં હોઈએ, પૈસા કમાઈ રહ્યા હોઈએ કે પ્રસિદ્ધિની તાળીઓ સાંભળી રહ્યા હોઈએ ત્યારે પણ એ પૂરું થવાનું છે એ યાદ રાખવું જરૂરી છે. એવી જ રીતે સમસ્યામાં, સંઘર્ષમાં, સંકટમાં કે દુ:ખમાં પણ યાદ રાખવું કે આમાંનું કંઈ શાશ્વત નથી. લોકડાઉન લંબાશે કે નહીં એ વિશે હજીયે અટકળો થયા કરે છે. કદાચ લંબાય તો પણ ક્યારેક તો પૂરું થયા વગર નહીં રહે એ વિચાર જ આપણને ટકી જવામાં મદદ કરતો હોય છે. ૧૯૫૮માં એક ફિલ્મ આવી 'સોને કી ચીડિયા'. એમાં સાહિર લુધિયાનવીની એક કવિતા ગીત તરીકે લેવામાં આવી.



**સૂરજને ખબર છે કે સવારે ઉગવાનું છે, તેથી એ ડૂબવાનું ટાળતો નથી. ચક્ર ફરવાનું છે, એની જાણ છે જ, એટલે એ સમય ટકતો નથી. સવાર પડ્યા વગર રહેશે નહીં, બસ ! આપણે આટલું યાદ રાખવાનું છે. બધા અત્યારે આર્થિક, માનસિક અને આવનારા દિવસોની ચિંતાના ઘેરાયેલા વાદળોમાં ખુશ રહેવાનો પ્રયાસ કરી રહ્યા છીએ.**



# કોરોના સંકટમાં કેળવણીધામ દ્વારા અનોખી પહેલ

કોરોનાના કારણે અમદાવાદ શહેર ગુજરાતનું મુખ્ય કોરોના હોટસ્પોટ બન્યું જેના કારણે અમદાવાદ શહેરમાં કરફ્યૂ જાહેર કરવામાં આવ્યો હતો. સતત એક મહિના સુધી સતત ઘેર રહેવાને કારણે અને કામથી વંચિત રહેવાને કારણે પણ અનેક પરિવારોની સ્થિતિ બગડી હતી. કોર્પોરેટ કંપનીઓ, દુકાનો, શાકમાર્કેટ ઈત્યાદી બંધ રહેવાને કારણે સતત લોકોમાં આર્થિક ભયના માહોલ સાથે વસ્તુઓની તકલીફો પણ પડી રહી હતી. કરિયાણામાં માલની અછતને કારણે લોકોએ પેનિક બાયિંગ એટલે કે ભયપ્રેરિત ખરીદી કરીને જરૂરી વસ્તુઓની કૃત્રિમ તંગી ઊભી કરી દીધી. આવામાં અચાનક લોકડાઉનની સ્થિતિ જાહેર થતાં જ સુરત અને અમદાવાદના અનેક મજૂરોએ હાઈવે પર ચાલીને પોતાના ગામ તરફ પ્રયાણ કર્યું હતું.

આવા સમયે અનેક લોકો પોતાના બિઝનેસ અને કામથી વેગળા રહેતા આર્થિક મહામારીનો પણ ભોગ બન્યા જેના પ્રતિકારરૂપે સરદારધામની ભગિની સંસ્થા કેળવણીધામ દ્વારા અનાજની કિટનું વિતરણ અને ફૂડ પેકેટ વહેંચ્યા હતા. દરેક સમુદાયના ગરીબ વર્ગને આ સેવાનો લાભ મળે તે માટે પાટીદાર સમાજના દાતાશ્રીઓ પણ ઉદાર હાથે દાન કર્યું હતું. આ રાહત કાર્ય દરમ્યાન સરદારધામ દ્વારા ૨૪૦૦૦ ફૂડ પેકેટ્સ અને

**रात जितनी भी संगीन होगी**
**सुबह उतनी ही रंगीन होगी**
**ग़म न कर गर है बादल घनेरा**
**किसके रोके रुका है सवेरा**

આ પંક્તિ બહુ સૂચક છે. પ્હો ફાટે, આકાશ રક્તવર્ણુ થાય, રંગો ઢોળાય અને સૌરાષ્ટ્રમાં જેને 'મોં સૂઝણું' કહે કે અંગ્રેજીમાં DAWN, Twilight કહેવાય એવી સવાર પહેલાની સવાર પણ હોય છે ! એ ક્ષણ આવતા પહેલાંની રાત સૌથી અંધારી ક્ષણો લઈને આવતી હોય છે. ઊંઘ પણ એ સમયે જ સૌથી વધારે આવે છે. મોટાભાગના અકસ્માત, ચોરીઓ પણ એ જ સમયે થાય છે, કારણ કે આપણે થોડા બેધ્યાન, થોડા ઉંઘરેટા હોઈએ છીએ. કદાચ, આ વીતેલો સમય આપણા બેધ્યાનપણાનો, ઝોકું આવવાનો સમય હતો. સૂરજને ખબર છે કે સવારે ઉગવાનું છે, તેથી એ ડૂબવાનું ટાળતો નથી. ચક્ર ફરવાનું છે, એની જાણ છે જ, એટલે એ સમય ટકતો નથી. સવાર પડ્યા વગર રહેશે નહીં, બસ ! આપણે આટલું યાદ રાખવાનું છે. બધા અત્યારે આર્થિક, માનસિક અને આવનારા દિવસોની ચિંતાના ઘેરાયેલા વાદળોમાં ખુશ રહેવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. લગભગ દરેક વ્યક્તિએ આ પરિસ્થિતિને સ્વીકારી છે. આપણને ખબર જ છે કે આપણે અત્યારે કંઈ જ કરી શકીએ એમ નથી, મજબૂરીમાં કરવામાં આવેલો આ સ્વીકાર આપણને એક વિચિત્ર પ્રકારની ધીરજ શીખવી ગયો છે. માત્ર ભયના ઓથાર નીચે આ સ્વીકાર કરવાને બદલે જો ધીરે ધીરે એને આપણો સ્વભાવ બનાવીએ તો આપણું પારિવારીક, સામાજિક અને રાષ્ટ્રીય જીવન કેટલું બદલી શકીએ એનો અંદાજ તો આપણને આવી જ ગયો છે !

એ જ કવિતામાં સાહિરે લખ્યું છે,

**आ कोई मिल के तदबीर सोचें सुख के सपनों की ताबीर सोचें, जो तेरा है वही ग़म है मेरा किसके रोके रुका है सवेरा**

આમાં સૌથી મહત્ત્વની અને મજાની વાત જો સમજાય તો એ છે કે સાહિરે મિલ કે તદબીર સોચે, કહીને કમાલ કરી નાખી છે. સાથે મળીને મહેનત કરવાની વાત છે. આપણે બધા 'તકદીર'ના માણસો બનતા ગયા. બાવા, સાધુ, જ્યોતિષ, ભૂત-ભુવા, વશીકરણ, દોરા-ધાગાને શરણે એટલા માટે ગયા કારણ કે આપણી લાલચ, આપણી

૭૫૦૦૦ પાણીની બોટલનું વિતરણ કરવામાં આવ્યું હતું જેમાં એક ફૂડ પેકેટમાં ૩૫૦ ગ્રામ શુદ્ધ ઘી તેમજ દેશી ગોળમાંથી બનાવેલી સુખડી અને ગાંઠિયાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. તેને આપવા માટે સારી ક્વૉલિટીના પ્લાસ્ટિકનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

આ સમગ્ર કાર્યક્રમમાં કેળવણીધામના સ્વયંસેવકોએ નિકોલ હાઈવે અને અંતરિયાળ વિસ્તારોમાં જરૂરિયાતમંદ લોકોના ઘરેઘરે જઈને ફૂડ પેકેટનું વિતરણ કર્યું હતું. જ્યાં જરૂરિયાત જણાઈ ત્યાં અનાજની કિટ પણ આપી હતી.

સરદારધામ દ્વારા આ મુશ્કેલીને ધ્યાનનાં રાખીને પ્રમુખ સેવક શ્રી ગગજી સુતરિયાએ જણાવ્યું હતું કે હવેનો સમય શિક્ષણ અને આરોગ્ય સેવા માટેનો છે. આપણે ખોટા રીત-



રિવાજો, અંધશ્રધ્ધા અને ખોટા સામજિક ખર્ચાઓમાંથી બહાર આવવું પડશે અને આ બચતને બાળકોના અભ્યાસ પાછળ જ ખર્ચવી પડશે. આ માટે ખોટા રીત-રિવાજો, અંધશ્રદ્ધાથી દૂર રહીએ, ચાંદલાવિધિ, લગ્નવિધિ અને સિમંતવિધિ સાદાઈથી કરીએ, શ્રદ્ધાંજલી-બેસણાં પાછળ ખોટા ખર્ચ ના કરીને મોબાઈલથી જ તેને સીમિત રાખીએ, વધુમાં વધું આરોગ્યધામ અને શિક્ષણધામનું નિર્માણ કરીએ સાથે જન્મતિથિ, લગ્નતિથિ અને પુણ્યતિથી નિમિત્તે થતાં ખર્ચની રકમ દીકરા-દીકરીઓના અભ્યાસમાં વાપરીએ. આ પ્રકારની મુશ્કેલ સ્થિતિમાં જો સમગ્ર સમાજ આ પ્રકારે પોતાના ખર્ચ કરે તો આપોઆપ સમાજ માટે આ એક આપદા અવસરમાં પરિવર્તિત થઈ જશે. ભારત અને ખાસ કરીને ગુજરાતની પ્રજાએ જે રીતે લોકડાઉનને સહકાર આપીને આ રોગને ફેલાતો અટકાવ્યો છે ત્યારે આગામી સમયમાં સમગ્ર ભારત આખા વિશ્વમાં એક સક્ષમ રાષ્ટ્ર તરીકે ઉભરી આવશે.

કોરોનાનો સામનો કરવા માટે ઘરની ચોખ્ખાઈ પણ એટલી જ જરૂરી છે. સાથે સાથે શરીરની ચોખ્ખાઈ પણ...આ વાત પણ આપણે વધુ સારી રીતે સમજ્યા. જે વાત સરકાર અનેક વર્ષોથી સમજાવતી હતી તે વાત આ રોગે રાતોરાત

ગરજ, આપણી જરૂરિયાત હેસિયત કરતા વધતી ગઈ. જ્યારે હેસિયત કરતા જરૂરિયાત વધે ત્યારે હેવાનિયત પ્રવેશ્યા વિના રહેતી નથી. એવા સમયમાં ખોટા લોકો પર વિશ્વાસ કર્યા સિવાય બીજો રસ્તો દેખાતો નથી. છેલ્લા થોડા દિવસના લોકડાઉને આપણને શ્રમ અને સ્વાશ્રય સમજાવ્યો છે. નોકર ન આવે તો ફોન કરવાને બદલે વાસણ કરી નાખવામાં ઓછો સમય લાગે છે, એ શીખી ગયા... અર્થ એ થયો કે તકદીર કરતા, તદબીર વધુ ઝડપથી પરિણામ આપશે. એ શીખવવા માટે જ કદાચ આ સમય આપણા સહુની જિંદગીમાં આવ્યો. જેની સાથે 'હેલો' પણ નહોતા કરતા, એવા પડોશીને ત્યાં ચીઝ કે ટમેટા લેવા જવું પડ્યું અથવા એમણે આવવું પડ્યું... અર્થ એ થયો કે સાથે તો રહેવું જ પડશે, સામે રહ્યે નહીં ચાલે !


નવી સવાર નવો સૂર્ય લઈને ઉગવાની છે. હવે હસ્તરેખાને બદલે બાવડાંના બળમાં ભરોસો કરીશું. તકદીર ઉપર આધાર રાખીને બેસવાને બદલે તદબીર અજમાવી જોઈએ તો કેવું ? હવે, કોઈ બીજા પર મદદ માટે આધારીત રહેવાને બદલે સ્વયં બીજાને મદદરૂપ થવાનો પ્રયાસ કરીએ. બધું જ બદલાય છે, કશું જ નથી ટકતું એ સત્ય જાણતા હતા, હવે અજમાવીએ.

વીતી રહેલી રાત કાળી છે, નિઃશબ્દ અંધારી છે. અત્યારે, અંધારામાં ડોલતા વૃક્ષો કોઈ ડાકણના પંજા જેવા લાગે છે. આછા પ્રકાશમાં પડછાયા બહુ મોટા લાગે છે. આંગળીઓના આકારો, ભાત-ભાતની ભૂતાવળ સર્જી રહ્યા છે... પરંતુ આ શાશ્વત નથી. ધીસ ટુ શેલ પાસ ! વીતી જ જવાનું છે એટલી શ્રદ્ધા જો ભીતર હશે તો સવાર સુધી ટકી જઈશું. આપણે બધા જાણીએ છીએ કે સવાર થતાં જ આ નાઈટમેર, દુઃસ્વપ્ન જેવો સમય પૂરો થશે.

નવી સવાર નવો સૂર્ય લઈને ઉગવાની છે. હવે હસ્તરેખાને બદલે બાવડાંના બળમાં ભરોસો કરીશું. તકદીર ઉપર આધાર રાખીને બેસવાને બદલે તદબીર અજમાવી જોઈએ તો કેવું ? હવે, કોઈ બીજા પર મદદ માટે આધારિત રહેવાને બદલે સ્વયં બીજાને મદદરૂપ થવાનો પ્રયાસ કરીએ. બધું જ બદલાય છે, કશું જ નથી ટકતું એ સત્ય જાણતા હતા, હવે અજમાવીએ. ■

લોકોને સમજાવી દીધી. એક જ અઠવાડિયામાં શહેરોના શહેરો, ગામડાંના ગામ, એરપોર્ટ, રેલ્વેસ્ટેશન, બસ સ્ટેન્ડ બધું જ ચોખ્ખું થઈ ગયું. આરોગ્ય તંત્ર પણ હરકતમ આવી ગયું. જ્યાં જ્યાં ત્રુટીઓ હતી તે છતી થઈ અને પ્રજાતંત્રની સજગતાને કારણે તેમાં સરકારે પણ તાત્કાલિક પગલાં લેવા પડ્યા. આમ કોરોનાએ અનેક દેશોમાં સરકાર ના કરી શકે તેવા કામ કરીને બતાવી દીધા. આ બધું માત્ર એક મહિનામાં જ થયું. ગામડાં વધુ જાગ્રુત થયા. દેવાલયો કરતાં વિદ્યાલય અને ઔષધાલયોનું મહત્ત્વ વધ્યું છે. સાચો ઈશ્વર આપણી અંદર જ છે એ વાતની પ્રતિતિ સૌએ એક સાથે કરી. સરકારે મંદિરોના મેળાવડા, સાંસ્કૃતિક મેળાવડાઓ બંધ કરવાનો આદેશ આપતાં જ લોકોએ લોકડાઉનનો



સહર્ષ સ્વીકાર કર્યો. ગામડાંઓમાં પણ સરકારના આદેશો વહેતા થતાં જ ગ્રામીણ પ્રજાએ પણ બહારથી આવતાં અને ચેપની સંભાવના ધરાવતા મહેમાનોનો હાલ પૂરતો આવકાર ટાળ્યો. જેના કારણે ભારતનું ગ્રામીણ અર્થતંત્ર વધુ કોરોનાએ સૌથી મોટું મહત્ત્વનું પરિવર્તન તો એ આણ્યું કે ધરતીનો તાત ગણાતા એવા ખેડૂતનું ધાન્ય પેલા પેટ્રોલ-ડિઝલ અને સોના કરતાં વધુ અગત્યનું સાબિત થયું. આ જ ઉત્સાહ આપણે હંમેશા રાખીશું.

સરદારધામ અને કેળવણીધામ દ્વારા સંયુક્ત ઉપક્રમે ચાલતા સિવિલ સર્વિસ કેન્દ્રમાંથી અત્યાર સુધીમાં ૩૮૨ જેટલાં દિકરા-દિકરીઓ ડેપ્યુટી કલેક્ટર, મામલતદાર, પોલીસ ઈન્સપેક્ટર, પોલીસ સબઈન્સ્પેક્ટર, નાયબ સેક્શન અધિકારી, નાયબ મામલતદાર, તલાટી, કોન્સ્ટેબલ તરીકે નિયુક્તિ પામીને અત્યારની જે કોરોનાગ્રથિત પરિસ્થિતિ છે તેમાં રાત દિવસ કોરોનાના દર્દીઓ અને જરૂરિયાતમંદ લોકોને મદદરૂપ થઈ રહ્યા છે તે માટે આ તમામ કોરોના યોદ્ધાઓને સરદારધામ અને કેળવણીધામ વતી લાખ લાખ અભિનંદન છે. તેઓ પોતાના પરિવારનું ગૌરવ તો વધારી જ રહ્યા છે સાથે સાથે દેશ અને દુનિયામાં સમાજનું ગૌરવ પણ વધારી રહ્યા છે. ■



ટીમ જીપીબીઓ

# કોરોનામાં પણ આવશ્યક વસ્તુઓ પર ફોક્સ કરીને જીપીબીઓએ મેળવી આગવી સિદ્ધિ

કોરોનાના કહેર વચ્ચે પણ પોતાના રુટિનને જરા પણ ડિસ્ટર્બ કર્યા વિના સરદારધામની એન્ટરપ્રિન્યોર પાંખ એટલે કે જીપીબીઓ-ગ્લોબલ પાટીદાર બિઝનેસ ઓર્ગેનાઈઝેશન દ્વારા સમગ્ર રાજ્યની ૧૧ વિંગ્સની ઓનલાઈન મીટિંગો ચાલુ રહી હતી અને લોકડાઉનમાં પણ આવશ્યક વસ્તુઓનો બિઝનેસ કરીને એક સુંદર સિદ્ધિ હાંસલ કરી કહી શકાય.

આ અંગે ગ્લોબલ પાટીદાર બિઝનેસ ઓર્ગેનાઈઝેશનના કન્વીનર અને સરદારધામના યુવા ટ્રસ્ટી ભાવિન પટેલે જણાવ્યું હતું કે આવશ્યકતા આવિષ્કારની જનની છે. લોકડાઉનનું પાલન કરીને સમાજની આવશ્યકતા અનુસાર ચોક્કસ બિઝનેસ પર ફોક્સ કરીને કોરોનાની મહામારીમાં પણ સમાજ ઉપયોગી થઈને પણ આપણે એક બિઝનેસ ચોક્કસ કરી શકીએ. આ વાત અમારા ગ્રુપમાં સૌએ સારી રીતે સમજી અને જીપીબીઓના અગિયાર વિંગના મિત્રોએ ઓનલાઈન મીટિંગો કરીને જીપીબીઓની એક્ટિવિટી ચાલુ રાખી. જેના પરિપાક સ્વરૂપ અમદાવાદ મેડિકલ એસોસિએશનને દસ હજાર માસ્ક આપ્યા અને તે પણ પડતર કિંમતે. આમ અમારા એક મેમ્બરને સત્તર લાખનો બિઝનેસ મળ્યો જે અમારા માટે એક સિદ્ધિ છે. સામા પક્ષે વ્યાજબીભાવે તેમને માસ્ક મળ્યા. આમ અમે કોરોનાને ધ્યાનમાં રાખી તેને લગતી પ્રોડક્ટ પર ધ્યાન કેન્દ્રિત કરીને એકબીજા સાથે ઓનલાઈન સંપર્કમાં છીએ. અમારી દરેક વિંગમાં પચાસથી સાઈઠ સભ્યો છીએ જે નિયમિત રીતે મળે છે. સાથે અમારી એપ્લિકેશનના માધ્યમથી અમારી અગિયાર વિંગ જેવી કે સુરતની બે, અમદાવાદની ત્રણ, મહેસાણાની બે, વિસનગરની એક, વડોદરાની એક, રાજકોટની એક અને ભાવનગરની એક વિંગ કાર્યરત છે. દર અઠવાડિયે અમે ઓનલાઈન મીટિંગ દ્વારા મળીએ છીએ અને અમારા ક્ષેત્ર ઉપરાંત આ પ્રકારના સેવાભાવી કામોમાં સહભાગી થઈ સમાજલક્ષી કામોમાં ઉપયોગી થઈએ છીએ. ■












**વૃંદા મનજીત**
જાણીતા લેખિકા

# સબ સે બડા રોગ ક્યા કહેંગે લોગ



સમાજમાં જે વ્યક્તિ જે વિદ્યામાં આગળ વધવા માગતી હોય તેને તક મળવી જોઈએ, પછી તે સ્ત્રી હોય કે પુરુષ. સમાજમાં અસ્વીકાર થવાના ડરથી અને એક પ્રકારના ગાડરિયા પ્રવાહ સાથે ભળી જવાના સ્વભાવથી અનેક મહિલાઓ જે કરવા માગે છે તે કરી શકતી નથી.

જો કોઈ વ્યક્તિનો અકસ્માત થાય ત્યારે તેને શારીરિક ઈજા પહોંચે છે પરંતુ જો તેને કોઈ કટાક્ષના વેણ બોલી જાય તો તેને ઘણી રીતે માનસિક આઘાત પહોંચાડે છે. કદાચ કેટલાક કટાક્ષના વેણ કોઈ મહિલાના અંતરને ઝકઝોરી નાખે છે અને તે ખરેખર એવું કરી બેસે છે જેના કારણે દુનિયાની આંખો ફાટીને ફાટી રહી જાય છે.

આજે જ એક વોટ્સએપ વીડિયો આવ્યો તેમાં પણ આ જ વિષય છે જેના પર હું આજે લખવાની છું. ‘જાડી થઈ ગઈ છું, થોડું વજન ઓછું કર...નોકરી કરીને શું કરશે? થોડું ઘરમાં પણ ધ્યાન આપ...’ ‘બહુ બોલે છે, થોડીવાર મોં બંધ રાખ...’ ‘સ્ત્રી છે તોય આટલું મોટેથી હસે છે!?’ લગ્ન થઈ ગયાં પણ હજુ બાળક નથી? તો ઘરમાં શું કામ કરીશ?... બાળક છે? તો નોકરી કેવી રીતે કરીશ? ઑફિસમાં પ્રમોશન મળ્યું છે? બહુ ઉડવાની જરૂર નથી... ખબર નહીં કેવી રીતે મળ્યું હશે પ્રમોશન... ઊંધે માથે પડીશ... બહુ આઝાદ થઈ ગઈ છો?

આવા વિચારોવાળી માત્ર મહિલાઓ હોય છે એવું નથી, પુરુષો પણ ચાન્સ મળે તો કોઈને માટે કોઈ કોમેન્ટ કરવાનું ચૂકતાં નથી. આવું બધું

**‘જાડી થઈ ગઈ છું, થોડું વજન ઓછું કર...નોકરી કરીને શું કરશે? થોડું ઘરમાં પણ ધ્યાન આપ...’ ‘બહુ બોલે છે, થોડીવાર મોં બંધ રાખ...’ ‘સ્ત્રી છે તોય આટલું મોટેથી હસે છે!?’ લગ્ન થઈ ગયાં પણ હજુ બાળક નથી? તો ઘરમાં શું કામ કરીશ?... બાળક છે? તો નોકરી કેવી રીતે કરીશ?**



